યોજના

# આયોજન અને વિકાસને સમર્પિત

ISSN-0971-8400

વર્ષ : ૩૪ અંક : ૧૨ માર્ચ, ૨૦૦૮ સળંગ અંક : ૬૮૭

**Vol. XXXIIII** **No.XII**

| | |
|---|---|
| મુખ્ય તંત્રી | અનુરાગ મિશ્રા |
| ગુજરાતી આવૃત્તિના સંયુક્ત નિદેશક | મનીષા વર્મા |
| તંત્રી | ભરત દેવમણિ |


આયોજન અને વિકાસને વાચા આપતું આ માસિક ગુજરાતી, અંગ્રેજી, આસામી, તામિલ, તેલુગુ, બંગાળી, મલયાલમ, ઉર્દૂ, હિંદી, કન્નડ, પંજાબી અને ઉડિયા ભાષામાં પ્રકાશિત થાય છે.

યોજનામાં પ્રગટ થતા લેખોમાંના મંતવ્યો લેખકના પોતાના છે. તેના સાથે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.

યોજનાના લેખો સાભાર નોંધ સાથે પુનર્મુદ્રિત કરી શકાય છે.

| | | |
|---|---|---|
| છૂટક નકલ | રૂ. | ૧૦-૦૦ |
| વાર્ષિક લવાજમ | રૂ. | ૧૦૦-૦૦ |
| બે વર્ષ | રૂ. | ૧૮૦-૦૦ |
| ત્રણ વર્ષ | રૂ. | ૨૫૦-૦૦ |

લવાજમની રકમ **"S.B.I. A/c. No. 515-08-10, Yojana (Guj.)"** ના નામે ચેક/બેંક ડ્રાફ્ટથી મોકલી શકાશે. લવાજમ મનીઓર્ડરથી પણ મોકલી શકાશે. મોકલવાનું સરનામું :

**યોજના કાર્યાલય**

અંબિકા કોમ્પલેક્ષ, યુ.કો. બેંકની ઉપર,
પાલડી ચાર રસ્તા પાસે, અમદાવાદ-૩૮૦ ૦૦૭
૨૬૫૮૮૬૬૯ (કાર્યાલય)

## વિષય સૂચિ

### સામાન્ય અંદાજપત્ર


| | | |
|---|---|---|
| સામાન્ય અંદાજપત્ર : ૨૦૦૮-૦૯ | - | ૪ |
| સામાન્ય અંદાજપત્ર : ઉડતી નજરે | - | ૮ |
| સામાન્ય અંદાજપત્ર : મુખ્ય દરખાસ્તો | - | ૧૧ |
| કૃષિ અને અંદાજપત્ર : ૨૦૦૮-૦૯ | સુરિન્દર સુદ | ૧૩ |
| બજેટ : ૨૦૦૮-૦૯ | પ્રમોદ એન. પોપટ | ૧૬ |
| ચૂંટણી વર્ષનું બજેટ | સુનિલ પારેખ | ૧૮ |
| તાતનું તારણહારલક્ષી બજેટ | પ્રો. જગદિશ અંધારિયા | ૨૦ |
| કેન્દ્રનું બજેટ : ૨૦૦૮-૦૯ | પ્રો.ડો. એચ. એ. હસન | ૨૪ |
| બજેટ ૨૦૦૮-૦૯ : લેખા જોખાં | રમેશકુમાર સોઢા | ૨૬ |
| આર્થિક સર્વેક્ષણ | - | ૨૮ |
| અંદાજપત્ર ૨૦૦૮-૦૯ : પ્રતિભાવ | મનિષા પુરોહિત | ૨૯ |
| બજેટની બારાખડી | - | ૩૨ |
| ભારતમાં બજેટની શરૂઆત | પ્રો. પિનલ પટેલ | ૩૬ |


### રેલવે અંદાજપત્ર


| | | |
|---|---|---|
| રેલવે બજેટ ૨૦૦૮-૦૯ | - | ૪૦ |
| રેલવે બજેટ : મુખ્ય અંશો | - | ૪૩ |
| રેલવે બજેટ : ૨૦૦૮-૦૯ | ડો. મહેશ સોનારા | ૪૪ |
| ગુજરાત બજેટ : ૨૦૦૮-૦૯ | અશ્વિન પ્રજાપતિ | ૫૦ |
| ગુજરાતના ઔદ્યોગિક ક્ષેત્રની અવગણના | સુનિલ પારેખ | ૫૪ |


### ટાઈટલ


| | | |
|---|---|---|
| આવરણ ડિઝાઈન | — | ૧ |
| એમ્પ્લોયમેન્ટ ન્યુઝ | — | ૨ |
| યોજના જાહેરાત | — | ૩ |
| પ્રકાશન વિભાગના ગુજરાતી પુસ્તકો | — | ૪ |


**Website Address : www.publicationsdivision.nic.in**
**E-mail Address : (a) dpd@sb.nic.in (b) dpd@hub.nic.in**

# મુખ્યતંત્રીની કલમે...

**સુશાસનના માપદંડ એટલે ઉદાર સહાય, સત્યનિષ્ઠ વહીવટ, કરૂણા તથા શોષિતોના ઉત્થાન પ્રત્યે કર્તવ્યનિષ્ઠા**

**- અંદાજપત્ર પ્રવચનમાં નાણામંત્રીએ ટાંકેલી સંત તિરૂવલ્લુવરની ઉપદેશ પંક્તિઓ**

નાણામંત્રી તરીકે ડો.મનમોહન સિંઘે ૧૯૯૦-૯૧માં આર્થિક સુધારાઓને જન્મ આપતું પ્રથમ અંદાજપત્ર રજૂ કર્યું ત્યાર બાદ સુધારાઓની આગેકૂચ અકબંધ રાખતું ૧૮મું અંદાજપત્ર શ્રી ચિદમ્બરમે ૨૦૦૮-૦૯ માટે તા.૨૮ ફેબ્રુઆરીના રોજ રજૂ કર્યું. બંને અંદાજપત્ર વચ્ચેના ૧૮ વર્ષના સમયગાળામાં કાચી ગરગથ્થુ પેદાશ (જીડીપી) ૫.૬ % થી વધીને ૮.૭ %એ પહોંચી છે.

અંદાજપત્ર ૨૦૦૮-૦૯ માં ૪ કરોડ ખેડૂતો પાસે બાકી રહેતું રૂા. ૬૦,૦૦૦ કરોડ જેટલું ધિરાણ માફ કરવાનો પ્રસ્તાવ એટલો મહત્વનો છે કે સમગ્ર ચર્ચા તેની આસપાસ રહેતી આવી છે. કૃષિક્ષેત્રનો વૃધ્ધિ દર ૩.૮% થી ઘટીને ૨૦૦૭-૦૮માં માત્ર ૨.૬ % રહેવાની ધારણા છે તેવા સમયે ખેડૂતો માટે દેવા માફીનું પગલું જાહેર કરવું અત્યંત સૂચક બાબત છે. શિક્ષણ, આરોગ્ય તથા સામાજિક ક્ષેત્રો માટેની ફાળવણીમાં પણ નોંધપાત્ર વૃધ્ધિ કરતી દરખાસ્તો અંદાજપત્રમાં સામેલ છે. આરોગ્ય ક્ષેત્ર માટેની ફાળવણીમાં ૧૫% તથા શિક્ષણ ક્ષેત્ર માટે ૨૦ % નો વધારો ખરેખર નોંધપાત્ર રકમ ગણાય. અનુસૂચિત જાતિ , જનજાતિ તથા લઘુમતિ કલ્યાણ માટે ની યોજનાઓ માટે કરાયેલી ફાળવણી ઘણા સમયથી ચાલી આવતી માંગણીને સંતોષે છે. ભારતના તમામ ૫૯૬ ગ્રામીણ જિલ્લાઓમાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનાનો અમલ શરૂ કરવા માટે પણ અંદાજપત્રમાં રૂા. ૧૬,૦૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

કરવેરા સબંધી દરખાસ્તો તપાસતા જણાય છે કે આવકવેરાની મર્યાદા ઊંચે લઈ જવાનું પગલુ મધ્યમ વર્ગ માટે ખુબ રાહતભર્યુ છે, તો સેનવેટ તથા એક્સાઈઝ ડ્યુટી ઘટાડવાની વાત માંગનું વિસ્તૃત સર્જન કરી વેપાર ઊદ્યોગ જગતને સરવાળે ફાયદો કરાવશે. વેપારી વાહનો, નાની મોટરકાર, કાગળ તથા દવા ઊદ્યોગના આગવા પ્રશ્નો ઊકેલાય તેવા પગલા અંદાજપત્રમાં સામેલ છે. મુડીરોકાણકારોમાં શેરનું રોકાણ લાંબાગાળા સુધી જાળવી રાખવાનું વલણ પેદા થાય તેવા આશયથી ટૂંકાગાળાના મુડીલાભ ઊપર લાગતો ટેક્સ ૧૦ થી વધારી ૧૫ % કરવામાં આવ્યો છે.

વાસ્તવમાં ફૂગાવા ઊપર નિયંત્રણ રાખવાની અગ્રતા સરકાર માટે શિરોવેદના બની ચુકી છે. ખાદ્ય પદાર્થોના પુરવઠાને સરકાર જેટલા પ્રમાણમાં કાર્યક્ષમ સ્તર ઊપર જાળવી શકશે તેટલા પ્રમાણમાં ફૂગાવો કાબુમાં રહેશે, કારણ કે આવકમાં નોંધાતી વૃધ્ધિ અતિરિક્ત માંગને જન્મ આપતી હોવાથી પુરવઠાનો પર્યાપ્ત પ્રવાહ હોવો જરૂરી બની જાય છે. ખેડૂતોને લોન માફી આપવાની દરખાસ્ત માટેના નાણાં ક્યાથી આવશે તેની કોઈ ચોખવટ અંદાજપત્રમાં નથી, તો શાહૂકારોની ચુંગાલમાં ફસાયેલા ખેડૂતોને છોડાવવાની કોઈ વાત નાણામંત્રીએ કરી નથી. જંગી દેવા માફીના પ્રસ્તાવનો બચાવ કરતા નાણામંત્રી શ્રી ચિદમ્બરમે કહ્યું છે કે બેંકોના ચોપડે લાંબાગાળાથી વસુલાત વગર પડેલા સુપુપ્ત ખાતાઓની સરવૈયામાંથી સાફસૂફી કરવાની આ દરખાસ્ત લોકપ્રિયતા નહીં, પરંતુ અર્થશાસ્ત્રીય ગણતરી આધારિત છે. ખેડૂતનું દેવું ચૂકતે કરી આપી સરકાર બેંકોને મદદ કરવાની નેમ ધરાવે છે. આવતા ત્રણ વર્ષમાં રૂા. ૬૦, ૦૦૦ કરોડની રકમ સરકાર ભરપાઈ આપી બેંકોની પ્રવાહીતા જાળવી રાખશે.પરંતુ સરકારે પાકવિમો તથા સંસ્થાકીય ધિરાણને સુદઢ તથા કાર્યક્ષમ બનાવવી રહી. દેવા માફી ટકાઊ ઊપાય બની શકે જ નહીં. ખેડૂતની આર્થિક અવદશા પાછળ રહેલા વાસ્તવિક કારણોની તપાસ કરી કૃષિક્ષેત્રને બેઠું કરવા માટે સર્વાંગી પગલાઓ ભરવા જોઈએ. એક તરફ સિંચાઈ ક્ષેત્રમાં મોટાપાયે જાહેર મુડીરોકાણની તાકીદે જરૂર છે. તો બિયારણ, રાસાયણિક ખાતર તથા ટેકનોલોજીના ઊપયોગની અનિવાર્યતા વચ્ચે વિનિયોગ સાધવો જરૂરી છે. શિક્ષણ, આરોગ્ય તથા એન.આર.ઈ.જી.એસ જેવા હેતુ માટે કરાયેલી જંગી ફાળવણીનો વાસ્તવિક ઊપયોગ ભંડોળ ખર્ચ માટેનું કાર્યક્ષમ માળખું પાયાના સ્તરે ગોઠવાયા વગર સાર્થક થવાનો નથી, 'આઉટકમ બજેટ' નો ખ્યાલ આ વાત સમજવા માટે ઊપયોગી થશે.

મજબુત આર્થિક વિકાસ યાત્રાના આગલા પડાવ જેવા આ અંદાજપત્રમાં સામેલ પ્રત્યેક ઊમદા દરખાસ્તનો સીધો ફાયદો છેવાડાના માનવીને થાય તેવા 'સર્વાંગી વિકાસ' નો તખ્તો ગોઠવાશે ત્યારે સામાજિક સમાનતાના આધારે નવા ભારતનું સર્જન કરવાનો હેતુ સિધ્ધ થશે. સર્વ નાગરિકોના આર્થક ઉત્થાનનો મંત્ર અંદાજપત્રમાં ગુંજે છે તેમાં શંકા નથી.

# અંદાજપત્ર : ૨૦૦૮-૦૯



**રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વિમા યોજના હેઠળ અસંગઠિત ક્ષેત્રે કામ કરતાં ગરીબી રેખા હેઠળના પ્રત્યેક કામદાર અને એના પરિવારને રૂા. ૩૦,૦૦૦ના આરોગ્ય વિમાનું રક્ષણ પુરું પાડવામાં આવશે.**

- નાણામંત્રી શ્રી પી. ચિદમ્બરમ

# સામાન્ય અંદાજપત્ર : ૨૦૦૮-૦૯

**ચાર કરોડ ખેડૂતો માટે રૂા. ૬૦,૦૦૦ કરોડની દેવા રાહત યોજના.**
**૨૦૦૮-૦૯માં ખેડૂતોને રૂા. ૨,૮૦,૦૦૦ કરોડના ધિરાણનું લક્ષ્યાંક.**
**જાહેર વિતરણ વ્યવસ્થામાં રૂા. ૩૨૬૬૭ કરોડની અનાજ સબસીડી.**
**ઈન્દિરા આવાસ યોજના હેઠળ સબસીડીમાં વધારો.**
**શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે ૧૫ થી ૨૦ % વધુ ફાળવણી.**
**આમ આદમી વીમા યોજના હેઠળ રૂા. ૧૦૦૦ કરોડની જોગવાઈ.**
**અનુ. જાતિ અને જનજાતિ કલ્યાણની યોજનાઓ માટે રૂા. ૩૯૬૬ કરોડની જોગવાઈ.**
**મહિલા અને બાળ કલ્યાણ માટે સંખ્યાબંધ પહેલ.**



**લો**કસભામાં નાણામંત્રી શ્રી પી. ચિદમ્બરમે રજૂ કરેલાં વર્ષ ૨૦૦૮-૦૯ના સામાન્ય અંદાજપત્રમાં ખેડૂતોને દેવા માફી અને રાહત માટે રૂા. ૬૦,૦૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે, જેનો ચાર કરોડ ખેડૂતોને લાભ મળશે. સામાજિક ક્ષેત્રની વિવિધ યોજનાઓ માટેના ખર્ચમાં વધારો તથા આવકવેરો ભરનારા લોકોને રાહત આ અંદાજપત્રની અન્ય વિશિષ્ટતા છે.

દેવા માફી અને રાહતના પેકેજ હેઠળ નાના અને સિમાંત ખેડૂતો (જેમની પાસે ૨ હેક્ટર સુધીની જમીન હોય) જેમની લોનની ચૂકવણીની મુદત ૩૧મી ડિસેમ્બર,૨૦૦૭ના રોજ પૂરી થઈ ગઈ હોય પરંતુ જેમણે ૨૯મી ફેબ્રુઆરી, ૨૦૦૮ સુધી આ લોનની ચૂકવણી ન કરી હોય એવી લોનની ચૂકવણીમાં આવા ખેડૂતોને સંપૂર્ણ માફી બક્ષવામાં આવશે. અન્ય ખેડૂતો માટે લોનની ચૂકવણી સંબધમાં એક વખતની પતાવટ (વન ટાઈમ સેટલમેન્ટ)ની યોજના જાહેર કરવામાં આવી છે. આ યોજના હેઠળ ખેડૂતોને એમની લોનની સંપૂર્ણ ચૂકવણી સામે ૨૫% નું વળતર આપવામાં આવશે. ૨૦૦૪ અને ૨૦૦૬માં જે લોનની ચૂકવણી માટે સ્પેશ્યલ પેકેજ મારફત અથવા તો સામાન્ય ખેડૂતોને નિયમો હેઠળ નવી મુદત આપવામાં આવી હશે એ પણ સંપૂર્ણ દેવા માફી તેમજ ૨૫%ના વળતરની યોજનાના લાભ માટે હકદાર રહેશે. દેવા રાહત યોજનાનો ૩૦મી જૂન, ૨૦૦૮ સુધીમાં અમલ થશે અને એની કુલ હેઠળ આવરી લેવાયેલા ખેડૂતો સામાન્ય નિયમો મુજબ બેંક પાસેથી નવી લોન મેળવવા હકદાર રહેશે. સંપૂર્ણ દેવા માફીની યોજના હેઠળ બેંકો દ્વારા જે લોનની ચૂકવણી માફ કરવામાં આવશે એની રકમ અંદાજે રૂા. ૫૦,૦૦૦ કરોડ થાય છે જ્યારે એક સમયની પતાવટ હેઠળ ખેડૂતોને રૂા. ૧૦,૦૦૦ કરોડની રાહત આપવામાં આવશે. દેવા માફી અને રાહતની યોજનાનો આશરે ૩ કરોડ નાના અને સિમાંત ખેડૂતો અને ૧ કરોડ અન્ય ખેડૂતો સહિત કુલ ૪ કરોડ ખેડૂતોને લાભ મળશે.

કૃષિ વિષયક ધિરાણનો ૨૦૦૭-૦૮નો લક્ષ્યાંક વટાવી જવામાં આવશે એવી આશા વ્યક્ત કરતાં નાણાંમંત્રીએ

આગામી ૨૦૦૮-૦૯ના વર્ષ માટે રૂા. ૨,૮૦,૦૦૦ કરોડ કૃષિ ધિરાણનો લક્ષ્યાંક જાહેર કર્યો હતો. ટૂંકી મુદતની પાક લોન ૭% ના વ્યાજના દરે આપવાનું ચાલુ રાખવામાં આવશે. નાણાંમંત્રીએ કહ્યું હતું કે સિંચાઈના લાભના વેગવાન કાર્યક્રમ હેઠળ ૨૪ મોટી અને મધ્યમ અને ૭૫૩ નાની સિંચાઈ યોજનાઓ પૂરી કરવામાં આવશે. આના માટેનો ખર્ચ રૂા. ૧૧,૦૦૦ કરોડથી વધારી રૂા. ૨૦,૦૦૦ કરવામાં આવ્યો છે. વરસાદ આધારીત વિસ્તારોના વિકાસ માટેનો કાર્યક્રમ રૂા. ૩૪૮ કરોડની ફાળવણી સાથે અમલી બનાવવામાં આવશે. સરકારે રૂા. ૧૦૦ કરોડના પ્રાથમિક ભંડોળ સાથે વોટર રિસોર્સીસ ફાઈનાન્સ કોર્પોરેશન સ્થાપવાનો નિર્ણય કર્યો છે. આ કાર્પોરેશન મોટી અને મધ્યમ સિંચાઈ યોજનાઓ માટે નાણાં ઉભાં કરશે. કૃષિ ક્ષેત્રને પ્રાણવાન બનાવવા ભૂમિની ચકાસણી માટે ૫૦૦ લેબોરેટરી સ્થાપવામાં આવશે. બાગાયત પાક માટે પાક વીમા યોજના દાખલ કરવામાં આવશે અને સહકારી ક્ષેત્રે સુધારાને ટેકો પૂરો પાડવામાં આવશે.

જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ અંદાજપત્રમાં અનાજ ઉપર સબસીડી માટે રૂા. ૩૨,૬૬૭ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ યોજના હેઠળ વહેંચણી અનાજની લાભાર્થીઓને વધુ કાર્યક્ષમ બનાવવા હરિયાણા અને ચંદીગઢમાં પ્રાયોગિક ધોરણે સ્માર્ટ કાર્ડ દાખલ કરવામાં આવી રહ્યા છે.

ઘર બાંધકામના ખર્ચમાં થયેલાં વધારાને ધ્યાનમાં રાખી સરકારે ઈન્દિરા આવાસ યોજના હેઠળ આવાસદીઠ સબસીડીની રકમ વધારી છે. મેદાની વિસ્તારોમાં આ રકમ રૂા. ૨૫,૦૦૦થી વધારી ૩૫,૦૦૦ જયારે ટેકરાળ / મુશ્કેલ વિસ્તારોમાં રૂા. ૨૭,૫૦૦થી વધારી ૩૮,૫૦૦ કરવામાં આવી છે. આવાસોની સુધારણા - અપગ્રેડેશન માટેની સબસીડી રૂા. ૧૨,૫૦૦ થી વધારી રૂા. ૧૫,૦૦૦ કરવામાં આવી છે. ઈન્દિરા આવાસ યોજના હેઠળ આવાસદીઠ રૂા. ૨૦,૦૦૦ની લોન ૪%ના વ્યાજના દરે પ્રાપ્ય બનાવાશે.

નાણાં મંત્રીએ જણાવ્યું હતું કે સામાજિક ક્ષેત્રના સુધારાની ઈમારતના મહત્વના સ્થંભ સમાન શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્ર માટેની અંદાજપત્રની ફાળવણી અનુક્રમે ૨૦ અને ૧૫% વધારવામાં આવી છે. દેશમાં ૬,૦૦૦ જેટલી ઉચ્ચ ગુણવત્તાની નમૂનારૂપ શાળાઓ ઉભી કરવાના લક્ષ્યાંક સાથે નમૂનારૂપ શાળાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. દેશના તમામ ઘટકોમાં સરકારી અને સરકારી સહાયથી ચાલતી ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં મધ્યાહ્ન ભોજન યોજના લાગુ પાડવામાં આવશે. દેશમાં હાલમાં જે ૧૨૩ જિલ્લામાં નહેરુ યુવક કેન્દ્રો નથી તે તમામ જિલ્લાઓમાં તેની સ્થાપના કરવામાં આવશે. ઉચ્ચતર શિક્ષણ ક્ષેત્રે આંધ્રપ્રદેશ, બિહાર અને રાજસ્થાનમાં કુલ ત્રણ આઈઆઈટી સ્થાપવામાં આવશે. ભોપાલ અને થિરુવનંતપુરમ બે આઈઆઈએસઈઆર, ભોપાલ અને વિજયવાડામાં બે સ્કૂલ ઓફ પ્લાનીંગ અને દેશનાં જે રાજયોમાં હજી સુધી સેન્ટ્રલ યુનિવર્સિટી ન ઉભી થઈ હોય એવાં રાજ્યોમાં એક-એક સેન્ટ્રલ યુનિવર્સિટી સ્થાપવામાં આવશે. બાળકોને વિજ્ઞાન તેમજ સંશોધન અને વિકાસ પ્રવૃત્તિ હાથ ધરવા પ્રોત્સાહિત કરવા નવી યોજના હેઠળ શિષ્યવૃત્તિ આપવામાં આવશે. વિશ્વકક્ષાનું કૌશલ્ય વિક્સાવવાનો કાર્યક્રમ મિશનના સ્વરૂપમાં શરૂ કરવાની જરૂરીયાત જણાવતા નાણાંમંત્રીએ આ માટે નફાના ઉદ્દેશ વગર કામ કરતાં કોર્પોરેશનની સ્થાપના કરવાની જાહેરાત કરી હતી. સરકાર આના માટે રૂા. ૧,૦૦૦ કરોડનું પ્રાથમિક ભંડોળ પુરું પાડશે. આઈટીઆઈના અપગ્રેડેશનની યોજના ચાલુ રાખવા માટે અંદાજપત્રમાં રૂા. ૭૫૦ કરોડની જોગવાઈ થઈ છે, જેનો આગામી વર્ષમાં ૩૦૦ વધુ આઈટીઆઈટીને લાભ મળશે.

આરોગ્ય ક્ષેત્રે બે મોટી પહેલ કરવાનું વિચારાયું છે. રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વિમા યોજના હેઠળ અસંગઠિત ક્ષેત્રે કામ કરતાં ગરીબી રેખા હેઠળના પ્રત્યેક કામદાર અને એના પરિવારને રૂા. ૩૦,૦૦૦ના આરોગ્ય વિમાનું રક્ષણ પુરું પાડવામાં આવશે. વૃદ્ધો માટે આગામી વર્ષમાં એક રાષ્ટ્રીય કાર્યક્રમ શરૂ કરવાનું વિચારાયું છે. અંદાજપત્રમાં આમ આદમી વિમા યોજના માટે રૂા. ૧,૦૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ યોજના હેઠળ વધુ ૧ કરોડ ગરીબ કુટુંબોને આવરી લેવામાં આવશે. આ અગાઉ આ યોજનાના અમલ દરમ્યાન આગામી ૩૦મી સપ્ટેમ્બર સુધી ૧ કરોડ ગરીબ પરિવારોને આવરી લેવામાં આવશે. ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધાવસ્થા પેન્શન યોજના માટે ફંડની રકમ વધારવામાં આવી છે.

ગઈ ૧૯મી નવેમ્બરથી આ યોજના વિસ્તારવામાં આવી છે અને એના હેઠળ ગરીબી રેખા હેઠળના ૬૫ વર્ષથી વધુ વયના તમામ લોકોને આવરી લેવામાં આવ્યા છે.

સરકારના શિરમોરસમા કાર્યક્રમો માટે ફાળવણી વધારવામાં આવી છે. રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાહેંધરી યોજના હેઠળ દેશના તમામ ૫૯૬ ગ્રામીણ જિલ્લા આવરી લેવામાં આવ્યા છે. પાણીની તંગી અનુભવતી વસાહતોમાં પીવાનું પાણી પુરું પાડવા રાજીવ ગાંધી પીવાના પાણીના મિશન હેઠળ વ્યવસ્થા કરવામાં આવશે.

માત્ર અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના કલ્યાણ માટેની યોજનાઓ માટે રૂા. ૩,૯૬૬ કરોડની ફાળવણી કરવામાં આવી છે. આ ઉપરાંત જે યોજનાનો ઓછામાં ઓછા ૨૦ ટકા લાભ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના લોકો માટે અલગ ફાળવવામાં આવે છે એવી યોજનાઓ માટે અંદાજપત્રમાં રૂા. ૧૮,૯૮૩ કરોડ ફાળવાયા છે.

લઘુમતિના કલ્યાણ માટે એક બહુક્ષેત્રીય વિકાસ યોજના દેશના જે જે જિલ્લામાં લઘુમતિ વસતિનું પ્રમાણ ઘણું મોટું હોય એમાં અમલી બનાવાશે આ ઉપરાંત મદરેસાના શિક્ષણના આધુનિકરણ માટે એક યોજના જાહેર કરવામાં આવી છે. લઘુમતિની બાબતોના મંત્રાલય માટેની ફાળવણી બમણી કરી રૂા. ૧,૦૦૦ કરોડ કરવામાં આવી છે.

અંદાજપત્રમાં મહિલાઓ અને બાળકો માટે સંખ્યાબંધ નવી પહેલની જાહેરાત થઈ છે. મહિલાઓ અને બાળવિકાસ માટેના મંત્રાલય માટેની ફાળવણી ૨૪ ટકા વધારી રૂા. ૭૨૦૦ કરોડ કરવામાં આવી છે. અંદાજપત્રમાં સૌ પ્રથમવાર બાળકો સંબંધિત યોજનાઓ અંગે એક નિવેદનનો સમાવેશ થયો છે. બાળકોના કલ્યાણ માટેની વિવિધ યોજનાઓ સંબંધમાં કુલ રૂા. ૩૩,૪૩૪ કરોડનો ખર્ચ થશે. સંપૂર્ણપણે મહિલાઓ માટેની યોજનાઓ માટે રૂા. ૧૧૪૬૦ કરોડની જ્યારે જે યોજનામાં ખર્ચના ૩૦ ટકાની રકમ મહિલાઓ માટે અલગ રખાતી હોય એવી યોજનાઓ માટે રૂા. ૧૬,૨૦૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે, મહિલાઓના જે સ્વસહાય જૂથો ધિરાણ જરૂરિયાત સંબંધમાં બેંકો સાથે જોડાયેલા હોય એ તમામને જનશ્રી વિમા યોજનાનો લાભ આપવા જીવન વિમા નિગમને જણાવવામાં આવ્યું છે.

આ વર્ષના અંદાજપત્રમાં પણ ઉત્તર-પૂર્વીય રાજ્યો માટે ખાસ ધ્યાન આપવાનું વલણ ચાલુ રાખવામાં આવ્યું છે. આ રાજ્યો માટેની કુલ અંદાજપત્રીય ફાળવણી ૨૦૦૦ કરોડ રૂપિયાથી વધારીને રૂા. ૧૬,૪૪૭ કરોડ કરવામાં આવી છે. સરકાર ઉત્તર-પૂર્વના સરહદી વિસ્તારોને તારવવાની તાકીદની જરૂરિયાત માટે આગ્રહ રાખે છે અને ખાસ પ્રકારના વ્યવસ્થા દ્વારા તેની સમસ્યાઓ ઉકેલવા માગે છે. આ માટે રૂપિયા ૫૦૦ કરોડની રકમ ફાળવવામાં આવી છે. નાણામંત્રીએ આવક વેરાની મુક્તિ મર્યાદા રૂા. ૧,૧૦,૦૦૦ થી વધારીને રૂા. ૧,૫૦,૦૦૦ કરી છે. આ રીતે દરેક કરદાતાને ઓછામાં ઓછી રૂા. ૪૦૦૦ની રાહત આપી છે. રૂા. ૧,૫૦,૦૦૦ થી રૂા. ૩,૦૦,૦૦૦ સુધીની આવક ધરાવતી વ્યક્તિઓ માટે આવકવેરાનો દર ૧૦ ટકા રહેશે. જ્યારે રૂા. ૩,૦૦,૦૦૧ થી રૂા. ૫,૦૦,૦૦૦ સુધીની આવક માટે આવકવેરાનો દર ૨૦ ટકા રહેશે. રૂા. ૫,૦૦,૦૦૧ અને તેથી વધુ આવક ધરાવનાર માટે આવકવેરાનો દર ૩૦ ટકા રહેશે. મહિલા કરદાતા માટે આવકવેરા મુક્તિ મર્યાદા વધારીને રૂા. ૧,૮૦,૦૦૦ કરવામાં આવી છે અને વરિષ્ઠ નાગરિકોની બાબતમાં વેરા મુક્તિ મર્યાદા રૂા. ૨,૨૫,૦૦૦ કરવામાં આવી છે. કોર્પોરેટ આવકવેરામાં અને સરચાર્જના દરમાં કોઈ ફેરફારની દરખાસ્ત કરી નથી. પોતાના માતાપિતા માટે મેડીકલ વિમાનું પ્રીમીયમ ભરનાર વ્યક્તિને કલમ ૮૦ડી હેઠળ રૂા. ૧૫,૦૦૦ની વધારાની કપાત બાદ મળશે. વ્યક્તિગત આવકવેરા માટેના સ્લેબમાં કરેલા ફેરફારને વાજબી ઠરાવતાં શ્રી ચિદમ્બરમે કહ્યું કે વેરામાં રાહત આપવાથી મહેસૂલી આવકમાં વૃદ્ધિ થશે અને સરકારના સાનુકૂળ વલણથી કરદાતાઓ તેનું સારી રીતે પાલન કરશે.

સર્વિસ ટેક્ષ હેઠળ નાણામંત્રીએ વધુ ચાર નવી સેવાઓને આવરી લીધી છે. એમાં યુએલઆઈપી નીચે પૂરી પાડવામાં આવેલી અસ્કયામત વ્યવસ્થાપન સેવા, સ્ટોક / કોમોડીટી એક્સચેઈન્જો અને ક્લીયરીંગ દ્વારા પૂરી પાડવામાં આવેલી સેવાઓ તેમજ જ્યાં વેટની ચૂકવણી શક્ય નથી તેવા કિસ્સાઓમાં માલસામાનની વપરાશના અધિકાર અને કસ્ટમાઈઝડ સોફ્ટવેરનો સમાવેશ થાય છે.

તેમણે એ પણ સ્પષ્ટતા કરી હતી કે નાણાંનું રૂપાંતર કરનારાઓ, લોટરી જેવી નસીબની રમતોનું સંચાલન કરતાં લોકો અને મુસાફરોની હેરફેર કરતાં વાહનોના કોન્ટ્રાક્ટનો ધંધો કરતાં લોકો પણ સર્વિસ વેરો ચૂકવવાપાત્ર બનશે. જો કે તેમણે નાના સર્વિસ પ્રોવાઈડરો માટે મુક્તિ મર્યાદા દર વર્ષે રૂા. ૮,૦૦,૦૦૦માંથી વધારીને રૂા. ૧૦,૦૦,૦૦૦ની કરી છે. તેમણે કહ્યું કે ૬૫,૦૦૦ જેટલા નાના સર્વિસ પ્રોવાઈડરો વેરાની જાળમાંથી બહાર નીકળી જશે. પરોક્ષ વેરાઓના ક્ષેત્રે નાણામંત્રીએ કસ્ટમ ડ્યુટીના ઉચ્ચ દરોમાં કોઈ ફેરફાર કર્યા નથી. પ્રોજેક્ટ આયાતો ઉપરની કસ્ટમ ડ્યુટી ૭.૫ ટકાથી ઘટાડીને ૫ ટકા થી ઘટાડીને શૂન્ય કરવામાં આવી છે. નાણામંત્રીએ ઉર્જા ક્ષેત્રમાં કેટલાક ખાસ પ્રોજેક્ટો પર ૪ ટકા જેટલી ખાસ કાઉન્ટરવેલીંગ ડ્યુટી લાદી છે. સ્ટીલ મેલ્ટીંગ સ્ક્રેપ અને એલ્યુમીનિયમ સ્ક્રેપ ઉપરની ડ્યુટી ૫ ટકા કરવામાં આવી છે. કેટલીક જીવન રક્ષક દવાઓ અને આવી દવાઓના ઉત્પાદનમાં વપરાતી જથ્થાબંધ દવાઓ ઉપરની કસ્ટમ ડ્યુટી ૧૦ ટકાથી ઘટાડીને ૫ ટકા કરવામાં આવી છે. આ ઉપરાંત તેમને એક્સાઈઝ ડ્યુટી અથવા તો કાઉન્ટરવેલીંગ ડ્યુટીમાં સંપૂર્ણપણે મુક્ત કરવામાં આવી છે. ઈન્ફોર્મેશન ટેકનોલોજી અને ઈલેક્ટ્રોનિક હાર્ડવેર ઉદ્યોગમાં વપરાશ માટે સેટ ટોપ બોક્સીસના ખાસ ભાગો (પૂર્જા) અને વિશિષ્ટ પ્રકારના કાચા માલને કસ્ટમ ડ્યુટીમાંથી સંપૂર્ણપણે મુક્તિ આપવામાં આવી છે. રમતગમતનાં સાધનોના ઉત્પાદન માટે તેમજ ઢોરઢાંખર અને મરઘા ઉછેર ક્ષેત્રમાં વપરાતાં વિટામીનોના પૂર્વ મિશ્રણ, ખનિજ મિશ્રણ અને ફોસ્ફેરીક એસીડના ઉત્પાદનમાં વપરાતી ખાસ પ્રકારની યંત્ર સામગ્રીને ડ્યુટીમાં થોડી રાહત આપવામાં આવી છે.

ઘરેલું રાસાયણિક ખાતરના ઉત્પાદનને સહાય કરવાના આશયથી ક્રુડ અને શુદ્ધિકરણ કરાયા વગરના ગંધક ઉપરની કસ્ટમ ડ્યુટી ૫ ટકાથી ઘટાડીને ૨ ટકા કરવામાં આવી છે. ક્રોમ ઓરના સંરક્ષણ માટે ક્રોમ ઓરની નિકાસ ઉપરની ડ્યુટી મેટ્રીક ટનદીઠ રૂા. ૨૦૦૦ થી વધારીને રૂા. ૩૦૦૦ કરવામાં આવી છે. નાણામંત્રીએ તમામ માલસામાન ઉપરના સામાન્ય કેન્દ્રીય વેટને (સેનવેટ) ૧૬ ટકાથી ઘટાડીને ૧૪ ટકા કરવાની દરખાસ્ત કરી છે. દવા ઉત્પાદન ક્ષેત્રમાં ઉત્પાદન થતા તમામ માલસમાન ઉપરની એક્સાઈઝ ડ્યુટી ૧૬ ટકાથી ઘટાડીને ૮ ટકા કરવામાં આવી છે. બસો અને તેની ચેસીસો, નાની મોટરકારો, દ્વિચક્રી અને ત્રિચક્રી વાહનો ઉપરની એક્સાઈઝ ડ્યુટી ૧૬ ટકાથી ઘટાડીને ૧૨ ટકા કરવામાં આવી છે. પાણી શુદ્ધિકરણનાં સાધનો, ફ્લશ ડોર્સ, ખાસ પ્રકારનું પેકેજીંગ મટીરીયલ અને નાસ્તો તૈયાર કરવા માટેના અનાજ ઉપર ૮ ટકા એક્સાઈઝ ડ્યુટી નાંખવામાં આવી છે. એઈડ્ઝ વિરોધી દવા, એટાઝનવીરને એક્સાઈઝ ડ્યુટીમાંથી સંપૂર્ણપણે મુક્તિ આપવામાં આવી છે. નાણામંત્રીએ ૫૦ કિલો વોટ અને તેનાથી વધુ વિજ વપરાશ કરતાં બે ટનનારેફ્રિજરેશનનાં ઉપકરણોને એક્સાઈઝ ટ્યુટીમાંથી મુક્તિ આપવાની દરખાસ્ત કરી છે.

જથ્થાંબંધ સિમેન્ટ ઉપર હવે મેટ્રીક ટન દીઠ રૂા. ૪૦૦ એક્સાઈઝ ડ્યુટી અથવા ૧૪ ટકા એડ વેલોરમ, બેમાંથી જે વધુ હશે તે લાગુ પડશે.

સિમેન્ટ ક્લીન્કર પર હવે મેટ્રીક ટન દીઠ રૂા. ૪૫૦ની એક્સાઈઝ ડ્યુટી ભરવી પડશે. પેકેજ કરાયેલા સોફ્ટવેર ઉપરની એક્સાઈઝ ડ્યુટી ૮ ટકાથી વધારીને ૧૨ ટકા કરવામાં આવી છે. એનસીસીડી તરીકે ઓળખાતા પોલીયેસ્ટર ફીલામેન્ટ યાર્ન ઉપરની ૧ ટકાની એક્સાઈઝ ડ્યુટી નાબૂદ કરવામાં આવી છે અને સેલ્યુલર મોબાઈલ ફોન ઉપર લાદવામાં આવી છે.

મૂડીરોકાણ ક્ષેત્રે આવેલ તેજી ઉપર અભૂતપૂર્વ ભાર મૂકીને નાણામંત્રીએ કહ્યું કે સરકાર ઈક્વીટી સહાય તરીકે રૂા. ૧૬,૪૩૬ કરોડ પૂરા પાડશે અને કેન્દ્રીય જાહેર ક્ષેત્રોના સાહસોને રૂા. ૩૦૦૩ કરોડનું ધિરાણ આપશે. નાણાંમંત્રીએ રૂરલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ફંડનું કદ આગામી વર્ષ દરમ્યાન રૂા. ૧૫૦૦ કરોડ જેટલું વધારવાની દરખાસ્ત કરી છે.

શ્રી ચિદમ્બરમે કહ્યું કે એપ્રિલથી ડિસેમ્બર ૨૦૦૭ સુધીમાં ૬ કરોડ ઈમ્ફ્રાસ્ટ્રક્ચર ઉદ્યોગોના ઉત્પાદન આંકમાં તેમજ ઔદ્યોગિક ઉત્પાદનના આંકમાં પણ ઘટાડો થયો છે. તેમણે કહ્યું કે ગ્રાહકલક્ષી માલસામાનના કિસ્સામાં કંઈક અંશે વધુ ઘટાડો જોવા મળ્યો છે.

નાણામંત્રીએ રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતીકરણ યોજના માટે રૂા,. ૫૫૦૦ કરોડ અને એક્સીલરેટેડ પાવર ડેવલપમેન્ટ અને સુધારેલા પ્રોજેક્ટ માટે

*(અનુસંધાન પાનાનં ૨૩ ઉપર)*

# સામાન્ય અંદાજપત્ર ૨૦૦૮-૦૯ના મહત્વના પ્રસ્તાવો ઉડતી નજરે



- શિક્ષણ ક્ષેત્ર માટેની ફાળવણીમાં ૨૦ ટકા વૃદ્ધિ કરી તે રકમ રૂા. ૩૪,૪૦૦ કરોડ કરવાની દરખાસ્ત છે. આ રકમમાંથી સર્વ શિક્ષા અભિયાન માટે રૂા. ૧૩૧૦૦ કરોડ, મધ્યાહ્ન ભોજન યોજના માટે રૂા. ૮૦૦૦ કરોડ તથા માધ્યમિક શિક્ષણ માટે રૂા. ૪૫૫૪ કરોડની ફાળવણી નક્કી કરવામાં આવી છે.
- રૂા. ૬૫૦ કરોડની ફાળવણી સાથે ૨૦૦૮-૦૯ થી ૬૦૦૦ શાળાઓના લક્ષ્યાંક સાથે આદર્શ શાળા કાર્યક્રમ શરૂ કરવાનો પ્રસ્તાવ છે.
- રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વિમા યોજના હેઠળ અસંગઠીત ક્ષેત્રમાં કાર્યરત તમામ કામદારોને રૂા. ૩૦,૦૦૦નું વિમા છત્ર પ્રદાન કરવાની દરખાસ્ત છે. ૨૦૦૮-૦૯ માટે પ્રિમિયમ ભોગવવાની ફાળવણી રૂા. ૨૦૫ કરોડ રાખવામાં આવી છે. આ યોજનાનો તા. ૧લી એપ્રિલ, ૨૦૦૮ થી દિલ્હી, હરિયાણા તથા રાજસ્થાનમાં શુભારંભ થશે.
- રાષ્ટ્રીય વરિષ્ઠ નાગરીક કાર્યક્રમ રૂા. ૪૦૦ કરોડની ફાળવણી સાથે ૨૦૦૮-૦૯ થી શરૂ કરવાની સાથે આઠ પ્રાદેશિક કેન્દ્રો ધરાવતા બે નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ એઈજીંગની સ્થાપના ૧૧મી યોજના દરમ્યાન કરવાનો પ્રસ્તાવ છે. પ્રત્યેક રાજ્યમાં આ કાર્યક્રમ હેઠળ ઓછામાં ઓછી એક હોસ્પિટલ સ્થાપવાનો ઉદ્દેશ છે.
- ૧૬ કેન્દ્રીય યુનિવર્સિટીઓ વિવિધ રાજ્યોમાં સ્થાપવાની સાથે આંધ્રપ્રદેશ, બિહાર તથા રાજસ્થાનમાં ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી શરૂ કરવાની દરખાસ્ત છે. ઉપરાંત ભોપાલ તથા વિજયવાડા ખાતે સ્કુલ ઓફ આર્કિટેક્ચર શરૂ કરાશે. પુનાની ડેક્કન કોલેજને સૌથી જુની શિક્ષણ સંસ્થા તરીકે નવાજવા માટે રૂા. ૫ કરોડની ગ્રાન્ટ આપવાનો પ્રસ્તાવ છે.
- આંગણવાડી કાર્યકર બહેનોનું માસિક મહેનતાણું રૂા. ૧૦૦૦ થી વધારી રૂા. ૧૫૦૦ કરવાની દરખાસ્ત છે. જ્યારે મદદનીશોને રૂા. ૫૦૦ થી વધારી રૂા. ૭૫૦ આપવામાં આવશે. આ પ્રસ્તાવનો સીધો લાભ ૧૮ લાખ આંગણવાડી કાર્યકરો તથા મદદનીશોને થશે.
- રૂા. ૧૪૪૫ કરોડની ફાળવણી ઈશાન ભારત વિશેના મંત્રાલયને પ્રસ્તાવિત કરવા સાથે સરકાર પૂર્વોતર રાજ્યોના વિકાસ પ્રત્યે સમર્પિત રહેશે. તમામ મંત્રાલયો સાથે મળીને

૨૦૦૮-૦૯માં રૂા. ૧૬૪૪૭ કરોડ જેટલો ખર્ચ ઈશાન ભારતમાં કરે તેવી દરખાસ્ત છે. ટચૂકડા રાજ્યોના ખાસ પ્રશ્નો ઉકેલવા માટે રૂા. ૫૦૦ કરોડ અલાયદા ફાળવવામાં આવ્યા છે.

- રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન માટે ૨૦૦૮-૦૯ની ફાળવણી રૂા. ૧૨૦૫૦ કરોડ રહેશે. આ મિશન હેઠળ ૪,૬૨,૦૦૦ આશા કાર્યકરો ૧,૭૭,૯૨૪ ગામડાંઓમાં કાર્યરત બન્યા છે અને ૩૨૩ જિલ્લા હોસ્પિટલોનું સ્તર સુધારવાની કામગીરી ચાલી રહી છે.
- રાષ્ટ્રીય એઈડ્સ નિયંત્રણ કાર્યક્રમ માટે રૂા. ૯૯૩ કરોડ તથા પોલિયો નિવારણ કાર્યક્રમ માટે રૂા. ૧૦૪૨ કરોડની ફાળવણી પ્રસ્તાવિત છે.
- લઘુમતિ સમુદાયની બહુમતિ વસતિ ધરાવતા ૯૦ જિલ્લાઓના સર્વાંગી વિકાસ માટે રૂા. ૩૭૮૦ કરોડનું પેકેજ તૈયાર કરી ૨૦૦૮-૦૯માં રૂા. ૫૪૦ કરોડની ફાળવણી વડે તેની શરૂઆત કરવાની દરખાસ્ત છે.
- મદ્રેસા શિક્ષણના આધુનિકરણ માટે ૨૦૦૮-૦૯માં રૂા. ૮૦ કરોડની ફાળવણી કરવાનો પ્રસ્તાવ છે.
- લઘુમતિ સમુદાયની મોટી સંખ્યા ધરાવતા જિલ્લાઓમાં વાણિજ્ય બેંકોની ૨૫૬ બ્રાન્ચ ખુલી છે, હજુ વધુ ૨૮૮ બ્રાન્ચ ખોલવાનો પ્રસ્તાવ છે.
- રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના માટે રૂા. ૧૬૦૦૦ કરોડ, જવાહરલાલ નહેરુ અર્બન રીન્યુઅલ મિશન માટે રૂા. ૬૮૬૬ કરોડ, રાજીવ ગાંધી પેયજળ મિશન માટે રૂા. ૭૩૦૦ કરોડ તથા સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન માટે રૂા. ૧૨૦૦ કરોડની ફાળવણી કરવાની દરખાસ્ત છે.
- જાહેર ક્ષેત્રના એકમોને રૂા. ૧૬૪૩૬ કરોડ ઈક્વીટી મૂડી સ્વરૂપે તથા રૂા. ૩૦૦૩ કરોડ લોન સ્વરૂપે આપવાની દરખાસ્ત છે, જેનો લાભ ૪૪ એકમોને થશે.
- રાજીવ ગાંધી વિદ્યુતિકરણ યોજના માટે ૨૦૦૮-૦૯ની ફાળવણી રૂા. ૫૫૦૦ કરોડ રાખવાની સાથે આ કાર્યક્રમ ૧૧મી યોજના દરમ્યાન રૂા. ૨૮૦૦૦ કરોડના કેપિટલ સબસિડી ખર્ચ સાથે ચાલુ રાખવાનો પ્રસ્તાવ છે. વીજળીના વિતરણ - વહન વ્યવસ્થામાં સુધારણા માટે રૂા. ૮૦૦ કરોડની ફાળવણી નક્કી કરવામાં આવી છે.
- વસ્ત્ર ઉદ્યોગની કાયાપલટ માટે ચાલતી ટેકનોલોજીકલ અપગ્રેડેશન ફંડ સ્કીમ માટે રૂા. ૧૦૯૦ કરોડ તથા સંકલિત ટેક્ષટાઈલ પાર્કની સ્થાપના માટે રૂા. ૪૫૦ કરોડની ફાળવણી અંદાજપત્રમાં સામેલ છે.
- ૧૭ લાખ વણકર પરિવારોને રૂા. ૩૪૦ કરોડની ફાળવણી વડે આરોગ્ય વિમાનો લાભ આપવામાં આવશે. ઉપરાંત ભીવંડી, નરસાપુર, ઈરોડ તથા મોરાદાબાદ ખાતે મેગા ક્લસ્ટર ઉભાં કરવાની યોજના માટે ૨૦૦૮-૦૯માં રૂા. ૧૦૦ કરોડ ફાળવવાની દરખાસ્ત છે. પ્રત્યેક ક્લસ્ટરનો સ્થાપના ખર્ચ રૂા. ૭૦ કરોડ રહેશે.
- અતિ લઘુ તથા મધ્યમકદના ઔદ્યોગિક સાહસોને મદદરૂપ બનવા માટે સિડબીના વહીવટી અધિકાર હેઠળ રીસ્ક કેપિટલ ફંડ સ્થાપવા માટે પ્રસ્તાવ છે. હાલ સિડબી દ્વારા ચાલતા ક્રેડીટ ગેરંટી ટ્રસ્ટ દ્વારા ૮૯૧૨૯ એકમોને રૂા. ૨૪૭૯ કરોડના ધિરાણ માટે ગેરંટી આપવામાં આવી હતી. રૂા. ૫ લાખની લોન માટે સીડબી ગેરંટી સેવા પ્રદાન કરે છે.
- ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ફોર્મેશન ટેકનોલોજી માટેની ફાળવણી રૂા. ૧૬૮૦ કરોડ રાખવાની દરખાસ્ત છે. હાલ બ્રોડબેન્ડ ઈન્ટરનેટ જોડાણ ધરાવતા ૧ લાખ કોમન સર્વિસ સેન્ટર રૂા. ૭૫ કરોડના ખર્ચે ઉભાં કરવાની દરખાસ્ત છે. સ્ટેટ વાઈઝ એરીયા નેટવર્ક માટે

રૂ.૪૫૦ કરોડ તથા સ્ટેટ ડેટા સેન્ટર સ્થાપવા માટે રૂા. ૨૭૫ કરોડની ફાળવણી કરવાની દરખાસ્ત છે.

- ભારતભરમાં ખાસ પસંદ કરાયેલી ૩૦૦ ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈ.ટી.આઈ.) ને આધુનિક બનાવવા માટે રૂા. ૭૫૦ કરોડ ૨૦૦૮-૦૯ દરમ્યાન ખર્ચવાની દરખાસ્ત છે. ૨૯ રાજ્યોમાં આવેલી ૨૩૮ સંસ્થાના આધુનિકરણની કામગીરી ચાલી રહી છે.
- સંરક્ષણ મંત્રાલયની ફાળવણીમાં ૧૦ ટકા વૃદ્ધિ સાથે રૂા. ૧૦૫૬૦૦ કરોડ ફાળવવાની દરખાસ્ત છે.
- રાષ્ટ્રકુળ રમતોત્સવ શરૂ થવાને માત્ર ૯૪૭ દિવસો બાકી છે ત્યારે તેના ભવ્ય આયોજનને પહોંચી વળવા માટે રૂા. ૬૨૪ કરોડની ફાળવણી બજેટમાં મુકવામાં આવી છે.
- કેન્દ્રીય કર્મચારીઓ માટેનું છઠ્ઠું પગાર પંચ તા. ૩૧મી માર્ચ, ૨૦૦૮ના રોજ અહેવાલ સુપ્રત કરશે.
- મહારાષ્ટ્રના રાહૌરી ખાતે આવેલી મહાત્મા ફૂલે કૃષિ વિદ્યાપીઠ, મૈસુર યુનિવર્સિટી તથા દિલ્હી યુનિવર્સિટી જેવી સંસ્થાઓને ઈન્સ્ટીટ્યૂટ ઓફ એક્સલન્સ શ્રેણીની બનાવવા માટે પ્રત્યેક સંસ્થાને રૂા. ૧૦૦ કરોડની ગ્રાન્ટ આપવાનો પ્રસ્તાવ છે.
- ભારતીય સંગીત, નૃત્ય તથા સાહિત્યને વિશ્વમાં પ્રસિદ્ધ બનાવવા ઈન્ડિયન કાઉન્સીલ ઓફ કલ્ચરલ રીલેશન્સને રૂા. ૭૫ કરોડની ફાળવણી કરવાનો પ્રસ્તાવ છે.
- પછાત પ્રદેશ ગ્રાન્ટ ફંડમાં રૂા. ૫૮૦૦ કરોડની ફાળવણી કરી તેમાંથી ૪૫ ટકા રકમ બિહાર, ઓરિસ્સા તથા ઉત્તર પ્રદેશને ફાળવવાની દરખાસ્ત છે.
- એક્સીલેરેટેડ ઈરીગેશન બેનિફીટ પ્રોગ્રામ માટે ૨૦૦૮-૦૯માં રૂા. ૨૦ હજાર કરોડની ફાળવણી કરવાની દરખાસ્ત છે, જેમાં ગ્રાન્ટની રકમ રૂા. ૫૫૫૦ કરોડ હશે.
- સુક્ષ્મ સિંચાઈ યોજનાઓ માટે રૂા. ૫૦૦ કરોડ ફાળવી ૪ લાખ હેક્ટરને લાભ આપવાનો પ્રસ્તાવ છે.
- ખેતી માટેનો કાચો માલ સસ્તો બનાવવા માટે સલ્ફર ઉપર એક્સાઈઝ ડ્યુટી ૩ ટકા ઘટાડાશે જ્યારે પશુ તથા મરઘા આહારના ઘટકો ઉપર ૧૦ ટકા એક્સાઈઝ ડ્યુટી ઘટશે.
- ૨૫૦ જિલ્લાઓના ખેડૂતોને મદદરૂપ બનવા રૂા. ૭૫ કરોડના ખર્ચે મોબાઈલ સોઈલ ટેસ્ટીંગ લેબોરેટરીઓ શરૂ કરવાની સાથે ૧૧મી યોજના દરમ્યાન જાહેર ખાનગી ક્ષેત્રની ભાગીદારીમાં પ્રત્યેક લેબોરેટરી દિઠ રૂા. ૧૩ લાખનો સ્થાપના ખર્ચ ધરાવતી ૫૦૦ સોઈલ ટેસ્ટીંગ લેબોરેટરી શરૂ કરવાની દરખાસ્ત છે.
- ઈન્દિરા આવાસ યોજના હેઠળ તા. ૧-૪-૨૦૦૮ પછી બંધાનાર પ્રત્યેક મકાન ઉપર રૂા. ૩૫ હજાર સબસિડી અપાશે, જે હાલ રૂા. ૨૫ હજાર છે. પર્વતાળ ક્ષેત્રમાં સબસીડીની રકમ રૂા. ૨૭૫૦૦ થી વધારીને રૂા. ૩૮૫૦૦ કરવાની દરખાસ્ત છે. મકાન સુધારણા માટે અપાતી ગ્રાન્ટની રકમમાં રૂા. ૨૫૦૦ની વૃદ્ધિ કરાશે. જાહેર ક્ષેત્રની બેંકો ૪ ટકા વ્યાજ ઉપર રૂા ૨૦ હજારની હાઉસીંગ લોન આ યોજનામાં મકાન બાંધવા માટે આપશે.
- વિશ્વ સ્તરનો કૌશલ્ય વિકાસ કાર્યક્રમ એક મિશન સ્વરૂપે શરૂ કરવા માટે રૂા. ૧૦૦૦ના સરકાર તરફના હિસ્સા સાથે રૂા. ૧૫ હજાર કરોડનું ભંડોળ ધરાવતું નોન પ્રોફિટ નિગમ સ્થાપવાની દરખાસ્ત છે.
- બેંકમાંથી મોટી રોકડ રકમ ઉપાડવા બદલ લાગતો બી. સી. ટી. ટેક્સ તા. ૧-૪-૨૦૦૮થી નાબુદ કરવાની દરખાસ્ત છે.

*(સૌજન્યઃ પી.આઈ.બી. અમદાવાદ)*

# સામાન્ય અંદાજપત્ર ૨૦૦૮-૦૯ની મુખ્ય દરખાસ્તો



- રૂા. ૬૦ હજાર કરોડનું કૃષિલક્ષી ઋણ રાહત પેકેજ - નાના તથા સીમાંત ખેડૂતોને સંપૂર્ણ લોન માફી - ચાર કરોડ કિસાનોને લાભ
- ૨૦૦૮-૦૯માં કૃષિ ધિરાણ માટે રૂા. ૨,૮૦,૦૦૦ કરોડનો લક્ષ્યાંક ટૂંકા ગાળાની પાક લોનનો સાત ટકાનો વ્યાજદર ચાલુ રહેશે.
- સિંચાઈ અને જળ સ્ત્રોત ધિરાણ નિગમની રચના કરાશે. અછત વિસ્તાર વિકાસ કાર્યક્રમ શરૂ કરવા પ્રસ્તાવ
- લઘુમતી કોમની વધુ વસતિ ધરાવતા બધા ૯૦ જિલ્લા માટે બહુ ક્ષેત્રીય વિકાસ યોજનાઓ.
- મહિલાઓનાં સ્વ-સહાયજૂથ - જે બેન્ક ધિરાણ સાથે જોડાયેલ હોય તેને જનશ્રી વીમા યોજના હેઠળ આવરી લેવાશે.
- રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના બધા જ ૫૯૬ જિલ્લાઓમાં અમલી બનશે.
- વયસ્કો માટે એક રાષ્ટ્રીય કાર્યક્રમ શરૂ કરવા દરખાસ્ત.
- બિન સંગઠીત ક્ષેત્રમાં બી. પી. એલ. કેટેગરીના કામદારો માટે રાષ્ટ્રીય સ્વાસ્થય વીમા યોજના.
- અનુ. જાતિ - જનજાતિ માટેની યોજનાઓ માટે રૂા. ૩૬૬૬ કરોડ અનુ. જાતિ - જનજાતિ માટે ૨૦ ટકાના નિર્ધારીત ફંડ માટે ૧૮૯૮૩ કરોડની ફાળવણી.
- બજેટમાં સૌ પ્રથમવાર બાળકો સબંધી યોજનાનો પ્રસ્તાવ સામેલ.
- મધ્યાહન ભોજન યોજના બધા તાલુકાઓમાં ઉચ્ચ પ્રાથમિક વર્ગ સુધી વિસ્તારાઈ.
- ઉત્તર - પૂર્વી સરહદી વિસ્તારો માટે વિશેષ આર્થિક ફાળવણી.
- સરકાર ૧૬ કેન્દ્રીય યુનિવર્સિટીઓ શરૂ કરાશે.
- ૩ આઈ.આઈ.ટી. અને બે આયોજન અને આર્કિટેક્ચર સ્કૂલ સ્થપાશે.
- ૬ હજાર ઉચ્ચ ગુણવત્તાલક્ષી મોડેલ શાળાઓ શરૂ કરાશે.
- વિજ્ઞાનમાં નવીન શોધને ઉત્તેજન આપવાં નવી શિષ્યવૃત્તિ યોજના.
- દરેક જિલ્લો એક નહેરૂ યુવક કેન્દ્ર ધરાવતો હશે.
- પાણીની અછતવાળા વિસ્તારોની શાળાઓને પીવાનાં પાણીની વ્યવસ્થા અપાશે.
- ઈન્દિરા આવાસ યોજના હેઠળ આવાસ સબસીડી, યોજનાકીય વિસ્તારમાં રૂા. ૨૫ હજારથી વધારીને રૂા. ૩૫ હજાર કરવા દરખાસ્ત -પર્વતીય તથા દુર્ગમ વિસ્તારોમાં સબસીડી રૂા. ૨૭૫૦૦ થી વધારીને રૂા. ૩૮૫૦૦ કરાશે.
- આમ આદમી વિમા યોજના માટે રૂા. ૧૦૦૦ કરોડની જોગવાઈ.
- ઈન્દિરા ગાંધી વયસ્ક પેન્શન યોજના હેઠળની ફાળવણી રૂા.

૨૩૯૨ કરોડથી વધારીને રૂા. ૩૪૪૩ કરોડ કરાશે.

- જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ ખાદ્યાન્ન સબસીડી માટે રૂા. ૩૨૬૬૭ કરોડની જોગવાઈ.
- ૩૦૦ આઈ.ટી.આઈ.ને અપગ્રેડ કરવા ૭૫૦ કરોડ ફાળવાયા.
- કૌશલ્ય વિકાસ માટે એક બિન-નફાકારક નિગમ સ્થાપવા રૂા. ૧૦૦૦ કરોડ ફાળવાશે.
- હાથસાળ, યંત્રસાળ તથા હસ્તકલા માટે ૬ મેગા - ક્લસ્ટર.
- કેન્દ્રીય જાહેર એકમોને મૂડી ટેકા રૂપે રૂા. ૧૬૪૩૬ કરોડ અને લોન પેટે રૂા. ૩૦૦૩ કરોડ ફાળવાશે.
- પછાત વિસ્તાર ગ્રાન્ટ ફંડ માટે રૂા. ૫૮૦૦ કરોડ જેમાંથી બિહાર, ઓરિસ્સા તથા ઉત્તર પ્રદેશને લગભગ ૪૫ ટકા રકમ મળશે.
- આવકવેરા મુક્તિ મર્યાદા વધારીને રૂા. દોઢ લાખની કરાઈ - રૂા. દોઠ લાખથી રૂા. ત્રણ લાખની આવક પર ૧૦ ટકા, ૩ થી ૫ લાખ સુધીની આવક ઉપર ૨૦ ટકા તેમજ ૫ લાખથી ઉપરની આવક ઉપર ૩૦ ટકાનો આવકવેરો લાગશે.
- મહિલા કરદાતાઓ માટે મુક્તિની મર્યાદા વધારીને ૧ લાખ ૮૦ હજારની તથા વયસ્ક નાગરિકો માટેની મર્યાદા વધારીને રૂા. સવા બે લાખની કરવા દરખાસ્ત.
- કોર્પોરેટ વેરાના દરમાં અને સરચાર્જમાં કોઈ ફેરફાર નહીં.
- કસ્ટમ જકાતના મહત્તમ દરમાં કોઈ પરિવર્તન નહિં.
- પ્રોજેક્ટ આયાત પરની કસ્ટમ ડ્યુટી ૭.૫ ટકાથી ઘટાડીને પાંચ ટકા કરાશે. પોલાદ તથા એલ્યુમિ નિયમ સ્ક્રેપ પરની જકાત નાબુદ કરાશે.
- ફાર્માસ્યુટીકલ ક્ષેત્ર પરની આબકારી જકાત ૧૬ ટકાથી ઘટાડીને ૮ ટકા કરવા દરખાસ્ત.
- નાની કાર, ટુ તથા થ્રી વ્હીલર્સ, બસ અને તેની ચેસીસના ભાવ ઘટશે.
- સર્વિસવેરાની જાળમાં વધુ ચાર સેવાનો ઉમેરો.
- નોન - ફિલ્ટર સિગારેટ મોંઘી થશે.
- નોન - ફિલ્ટર સિગારેટ પરની આબકારી જકાત ફિલ્ટર સિગારેટની સમકક્ષ રહેશે.
- નાના સેવા પ્રોવાઈડર્સ માટે મુક્તિની મર્યાદા રૂા. આઠ લાખથી વધારી રૂા. દસ લાખ.
- ફૂડ તથા અશુદ્ધ સલ્ફર પરની આબકારી જકાત પાંચ ટકાથી ઘટાડીને બે ટકા
- ક્રોમ ધાતુ પરની નિકાસ જકાતમાં વધારો - પ્રતિ મેટ્રિક ટને રૂા. ૨૦૦૦ થી વધીને રૂા. ૩૦૦૦ની જકાત લાગશે.
- બધી આઈટમો પર સેનવેટ ૧૬ ટકાથી ઘટાડીને ૧૪ ટકા કરાશે.
- કેન્દ્રીય વેચાણવેરામાં એપ્રિલ, ૨૦૦૮ થી બે ટકાનો ઘટાડો કરવા નાણાં મંત્રીની દરખાસ્ત
- નાણાં ખાદ્ય જી.ડી.પી.ના ૨.૫ ટકા રહેવા અંદાજ.
- બલ્ક સિમેન્ટ પરની આબકારી જકાત પેક કરેલ સિમેન્ટની સમકક્ષ - ક્લિન્કર્સ પર પ્રતિ મેટ્રિક ટને રૂા. ૪૫૦ની આબકારી જકાત લાગશે.
- નાણાં બજારમાં બધા વ્યવહારો માટે પરમેનન્ટ અકાઉન્ટ નંબર ફરજિયાત.
- સંરક્ષણ માટેની જોગવાઈમાં ૧૦ ટકાનો વધારો - આ જોગવાઈ રૂા. ૯૬ હજાર કરોડથી વધારીને ૧,૦૫,૬૦૦ કરોડ કરાઈ.૭
- મહેસૂલ ખાદ્ય રૂા. ૫૫,૧૮૪ કરોડ રહેવાનો અંદાજ.
- રૂરલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ફંડ માટેનું મૂડી ભંડોળ રૂા. ૧૪,૦૦૦ કરોડ કરવાની સાથે ગ્રામીણ રસ્તાઓ માટે અલાયદા રૂા. ૪,૦૦૦ કરોડની જોગવાઈ.
- રાષ્ટ્રીય કૃષિ વિમા યોજના માટે રૂા. ૬૪૪ કરોડની ફાળવણી.

*(સૌજન્યઃપી.આઈ.બી. અમદાવાદ)*

● ● ●

# કૃષિ અને અંદાજપત્ર ૨૦૦૮-૦૯

સુરિન્દર સુદ

કૃષિક્ષેત્રના રૂપિયા ૬૦,૦૦૦ કરોડના દેવાને એક જ ઝાટકે માફ કરવા લેવાયેલું પગલું તે વર્ષે ૨૦૦૮-૦૯ માટે રજૂ થયેલા અંદાજપત્રનું નોંધપાત્ર પાસું છે. અંદાજપત્રમાં કૃષિક્ષેત્ર માટે આ ઉપરાંત પણ પહેલ થયેલી છે. ભારતના ઈતિહાસમાં દેવામાફી જાહેર કરતી આ સૌથી મોટી પેકેજ યોજના છે. ત્રણ કરોડ જેટલા સીમાંત અને નાના ખેડૂત ઉપરાંત અન્ય એક કરોડ જેટલા દેવાદાર ખેડૂતોને આ યોજનાનો લાભ મળશે. વધુમાં આગામી વર્ષ માટે કૃષિ ક્ષેત્ર માટેના સંસ્થાકીય ધિરાણોના પ્રવાહ લક્ષ્યાંકોને પણ ઉંચા લઈ જવામાં આવ્યા છે.

અંદાજપત્રમાં કૃષિ ક્ષેત્ર માટે જે અન્ય પગલાં લેવાયા છે તેમાં કૃષિ અને તેને સંલગ્ન ક્ષેત્રો માટેની કેન્દ્રીય યોજનાકીય ફાળવણીમાં થયેલો વધારો પણ મુખ્ય બાબત છે. ઉપરાંત સિંચાઈ પર મૂકાયેલો ભાર, રાષ્ટ્રીય બાગાયત અભિયાનની સુદઢતા, જમીન ચકાસણી માટેની પ્રયોગશાળાઓનો વિસ્તાર, બિયારણ અને ખેત ઓજારોના સંશોધન અને વિકાસ ક્ષેત્રની વેરાકીય રાહતો સહિતના પગલાં લેવાયા છે.

વક્તવ્યમાં કૃષિ ક્ષેત્રનો ઉલ્લેખ કરતા નાણામંત્રીએ સ્પષ્ટ પણે કહ્યું હતું કે, "સરકાર એ જાણે છે કે આ ક્ષેત્ર માટે ઘણુંબધું થયું છે, અને ઘણું બધું કરવાની જરૂરિયાત છે." અનાજ ક્ષેત્રે આત્મનિર્ભર બનવાની દિશાની સરકારની પ્રતિબધ્ધતા પણ તેમણે વ્યક્ત કરી હતી.

વર્ષ ૨૦૦૮-૦૯ માટેના અંદાજપત્રમાં કૃષિ અને તેને સંલગ્ન પ્રવૃત્તિઓ માટેની ફાળવણીમાં પણ ૧૭.૯ % જેટલો વધારો કરીને રૂપિયા ૧૦,૦૭૪ કરોડ જેટલી રકમ ફાળવવામાં આવી છે. વર્ષ ૨૦૦૭-૦૮ માટેના સુધારેલા બજેટમાં આ ફાળવણી રૂપિયા ૮૫૪૪ કરોડ જેટલી હતી. આ પૈકી રૂપિયા ૩૧૬૫.૬૭ કરોડની ફાળવણી 'રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના' માટે થઇ છે. ગયા વર્ષે શરૂ થયેલી યોજના ૧૧મી યોજના દરમિયાન ચાલુ રહેવાની છે. યોજના સમગ્ર સમયગાળા દરમિયાન રૂપિયા ૨૫,૦૦૦ કરોડની ફાળવણી કરવાની છે. રાષ્ટ્રીય અનાજ સુરક્ષા અભિયાન માટે રૂપિયા ૧૧૦૦ કરોડની જોગવાઇ છે. આ નોંધપાત્ર યોજનાની પહેલ પણ ગયા વર્ષે કરવામાં આવી હતી અને ૧૧મી યોજના દરમિયાન યોજના ચાલુ રહેવાની છે. યોજનાના સમગ્ર સમયગાળા દરમિયાન રૂપિયા ૪૮૮૨ કરોડની ફાળવણી કરવામાં આવશે. કેન્દ્રીય બજેટમાં કૃષિ અને તેને સંલગ્ન પ્રવૃત્તિ માટે વધુ યોજનાકીય ફાળવણી થતાં અનાજ, કઠોળ, તેલીબિયા,બાગાયતના પાકોના ઉત્પાદનને વેગ આપવા માટેના અન્ય કાર્યક્રમો માટે પણ ઉંચી ફાળવણી સંભવ બનશે. રાષ્ટ્રીય બાગાયત અભિયાન માટે રૂપિયા ૧૧૦૦ કરોડની ફાળવણી થઈ છે.

કૃષિ વિકાસ માટે અત્યંત જરૂરી એવા સંશોધન અને વિકાસ ક્ષેત્રનો વિસ્તાર કરવા માટે કૃષિ સંશોધન અને શિક્ષણ વિભાગને ૨૨% જેટલી ઉંચી ફાળવણી થઇ છે. ગત વર્ષના સુધારેલા બજેટમાં થયેલી રૂપિયા ૧૪૩૪ કરોડની ફાળવણીની તુલનામાં વર્ષ ૨૦૦૮-૦૯માં રૂપિયા ૧૭૬૦ કરોડની ફાળવણી થઇ છે. વરસાદ આધારિત ખેતી થતી હોય તેવા વિસ્તારના વિકાસ સહિતની સિંચાઇ યોજના માટેની ફાળવણી પણ વધી છે.

કૃષિ દેવામાફી પેકેજ હેઠળ નાના અને સીમાંત ખેડૂતોએ મેળવેલ ધિરાણ પેટે ચૂકવવાની બાકી રકમ માફ કરવામાં આવી છે. તો બાકીના ખેડૂતોએ પતાવટ યોજના હેઠળ બાકી રકમના ૭૫% ચૂકવવાના રહેશે. ખેડૂતોની હતાશાને દૂર કરવા વર્ષ ૨૦૦૪ અને ૨૦૦૬ માં જે કૃષિ ધિરાણોના માળખામાં પરિવર્તન કરવામાં આવ્યું હતું. તે ધિરાણોને પણ દેવામાફી અને પતાવટ યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

આ યોજના લાભાર્થી સેવા ત્રણ કરોડ જેટલા સીમાંત અને નાના ખેડૂતોના કુલ રૂપિયા ૫૦,૦૦૦ કરોડના દેવા માફ થશે અને એક કરોડ જેટલા અન્ય ખેડૂતોના વણચૂકવેલા ધિરાણો પૈકીની ૨૫% રકમ

(લેખક અગ્રણી કૃષિ પત્રકાર છે.)

રીબેટ રૂપે મજરે લઇને પતાવટ યોજના હેઠળ ૭૫% રકમની જ ભરપાઇ કરવાની રહેશે. આ રાહે અન્ય ખેડૂતોને પણ રૂપિયા ૧૦,૦૦૦ કરોડની રાહત મળશે.

આ દેવામાફી અને રાહત યોજના હેઠળ શેડ્યુલ્ડ વાણિજ્ય બેન્કો, પ્રાદેશિક ગ્રામિણ બેન્કો, સહકારી સંસ્થાઓ દ્વારા ખેડૂતોને ૩૧મીમાર્ચ,૨૦૦૭ સુધી આપેલા એવા ધિરાણો કે જેના હપ્તા ૩૧ ડિસેમ્બર ૨૦૦૭ પછી પણ ચૂકવવાના બાકી હોય પરંતુ આ યોજના હેઠળ ૨૯ ફેબ્રુઆરી ૨૦૦૮ સુધી ચુકવણી ના થઇ શકી હોય તેવા સઘળા ધિરાણોને આવરી લેવામાં આવ્યા છે. આ યોજના હેઠળ એક હેક્ટર સુધીની જમીન ધરાવનારાઓને સીમાંત ખેડૂત અને એકથી બે હેક્ટર જમીન ધરાવતા ખેડૂતોને નાના ખેડૂતની વ્યાખ્યામાં મૂકવામાં આવ્યા છે.

નાણાંમંત્રીએ એવી ઘોષણા પણ કરી છે કે આ દેવામાફી અને રાહત યોજનાના અમલની કામગીરી ૩૦ જૂન ૨૦૦૮ સુધીમાંજ પુરી કરી દેવામાં આવશે. દેવામાફીના કે પછી પતાવટ હેઠળ માફીના કરાર પર હસ્તાક્ષર થઇ જાય પછી ખેડૂતો નવા ધિરાણ મેળવવા હકદાર રહેશે.

દેવાદાર બની ચૂકેલા ખેડૂતોનો પોતાના વકતવ્યમાં ઉલ્લેખ કરતાં ચિદમ્બરમે જણાવ્યું હતું કે, "આ પ્રશ્નના તમામ પાસાની સમીક્ષા કરવા આર.રાધાક્રિશનના અધ્યક્ષપદે એક સમિતિની રચના કરવામાં આવી હતી. સમિતિએ અનેક ભલામણ કરી હતી પરંતુ કૃષિ ધિરાણો માફ કરવાની ભલામણથી દૂર રહી હતી."

અને છતા કૃષિ ધિરાણ દેવામાફીના પગલાંને ન્યાયી ઠેરાવતાં જણાવ્યું હતું કે સરકાર ખેડૂતસમાજની મુશ્કેલીઓ અને સમસ્યાઓથી વાકેફ છે. નાણાંમંત્રીએ એવું પણ ઉમેર્યું હતું કે દેવામાફીના પગલાંના તમામ પાસાની સરકારે કાળજીપુર્વક સમીક્ષા કરી છે અને સંસાધનોની પણ કાળજી લેવામાં આવી છે.

ચિદમ્બરમે સંસદને જણાવ્યું હતું કે, કેટલીક ક્ષતિઓ રહી ગઈ હોવા છતાં કૃષિ ધિરાણમાં નોંધપાત્ર વૃધ્ધિ નોંધાઇ છે. ૨૦૦૭-૦૮ માટે બાંધવામાં આવેલા લક્ષ્યાંકને આપણે પાર કરી ગયા છીએ.અને વર્ષ ૨૦૦૮-૦૯ માટે રૂપિયા ૨,૮૦,૦૦૦ કરોડનો લક્ષ્યાંક નિર્ધારીત કરવામાં આવ્યો છે. આ બદલ નાણામંત્રીએ વાણિજ્ય અને પ્રાદેશિક ગ્રામીણ બેન્કો એમ બંનેનો આભાર માન્યો હતો. વર્ષ દરમિયાન થયેલા કૃષિ ધિરાણોમાં આ બંને પ્રકારની બેન્કોનું પ્રદાન ૭૫ થી ૭૯% જેટલું રહ્યું છે.

નાણામંત્રીએ જણાવ્યું હતું કે ટૂંકાગાળાના પાક ધિરાણો પણ વાર્ષિક ૭%ના દરે મળતા રહેશે ૨૦૦૮-૦૯ માં વ્યાજકીય ભરપાઇ માટે રૂપિયા ૧૬૦૦ કરોડની પ્રારંભિક જોગવાઇ પણ કરવામાં આવી છે.

સહકારી ધિરાણ સંસ્થાઓને પુનઃચેતનવંતી કરવા માટે વૈદ્યનાથન સમિતિના અહેવાલને પગલે ૧૭ રાજ્યોમાં ટૂંકાગાળાની સહકારી ધિરાણ માળખાના પુનઃસ્થાપન માટેના કાર્યક્રમને પણ અમલી બનાવવામાં આવ્યો છે. આ હેતુસર સરકારે ચાર રાજ્યોને રૂપિયા ૧૧૮૫ કરોડની ફાળવણી પણ કરી દીધી છે. નાણામંત્રીએ પોતાના બજેટ વક્તવ્યમાં જણાવેલ છે કે સમિતિના અહેવાલમાં થયેલી ભલામણો મુજબ લાંબાગાળાના ધિરાણ માળખાના અમલ માટે રાજ્ય સરકાર સાથે કરાર પણ થઇ ચૂક્યા છે. આ પેકેજ પાછળનું ખર્ચ રૂપિયા ૩૦૭૪ કરોડનું છે. આ પેકેજ પૈકી ૮૬% રકમ અર્થાત રૂપિયા ૨૬૪૨ કરોડનો બોજ કેન્દ્ર સરકાર ઉઠાવશે.

ખેડૂતોના જોખમોની સંભાળ લેવા અંદાજપત્રમાં વર્ષ ૨૦૦૮-૦૯ ના ખરીફ અને રવિ પાક માટે પણ રાષ્ટ્રીય કૃષિ વીમાં યોજનાનો અમલ જારી રાખવામાં આવ્યો છે. આ માટે બજેટમાં રૂપિયા ૬૪૪ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. વધુમાં પાંચ રાજ્યોના પસંદગીના વિસ્તારોમાં આગામી વર્ષે પણ રૂપિયા ૫૦ કરોડની જોગવાઇ સાથે હવામાન આધારિત પાક વીમા યોજનાનો અમલ ચાલુ રહેશે.

રોકાણોમાં આવેલી ઓટે કૃષિક્ષેત્રને પ્રભાવિત કરેલ છે એ તરફ ઇશારો કરતાં નાણામંત્રીએ બજેટ વકતવ્યમાં જણાવ્યું હતું કે હવે રોકાણોમાં ઉછાળ આવવાની સંભાવના છે. જોકે જીડીપી સાથેની સરેરાશ તુલના મુજબ કૃષિ ક્ષેત્રે મૂડીકીય રોકાણોમાં સુધારો જોવા મળે છે. વર્ષ ૨૦૦૩-૦૪ માં આ રોકાણો ૧૦.૨% હતા જે વર્ષે ૨૦૦૬-૦૭માં વધીને ૧૨.૫ % થાય છે. પરંતુ ૪%ના વૃધ્ધિદરને સિધ્ધ કરવા ૧૧મી યોજના દરમિયાન તેમાં ૧૬% જેટલી વૃધ્ધિ કરવાની નેમ છે.

સિંચાઇ વિસ્તારને વેગ આપવા માટે બજેટમાં એક્સિલરેટેડ ઇરિગેશન બેનિફિટ પ્રોગ્રામ માટે વર્ષ ૨૦૦૮-૦૯ માટેની ફાળવણી રૂપિયા ૨૦,૦૦૦ કરોડ કરવામાં આવી છે. તેમાં રૂપિયા ૫૫૫૦ કરોડની ગ્રાન્ટની જોગવાઇ છે. વર્ષ ૨૦૦૭-૦૮માં આ હેતુસર રૂપિયા ૨૫૮૦ ની ગ્રાન્ટની જોગવાઇ સહિત રૂપિયા ૧૧૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી હતી.

સુક્ષ્મ-સિંચાઇ સુવિધાને નિસ્બત છે ત્યાં સુધી જાન્યુઆરી ૨૦૦૬માં કેન્દ્ર દ્વારા

પ્રોત્સાહન યોજના અમલી બની હતી. આ યોજનાની મદદથી બે વર્ષના ગાળામાં ૫,૪૮,૦૦૦ હેક્ટર વિસ્તારને 'ડ્રીપ એન્ડ સ્પ્રીન્કલ' સિંચાઇ હેઠળ આવરી લેવામાં મદદ મળી છે. વર્ષ ૨૦૦૮-૦૯ માટે બજેટમાં આ હેતુસર રૂપિયા ૫૦૦ કરોડની ફાળવણી સાથે વધારાના ચાર લાખ હેક્ટર વિસ્તારને આ સિંચાઇ યોજના હેઠળ આવરી લેવાની નેમ છે.

વરસાદ આધારિત ખેતી કરતા વિસ્તારોના વિકાસ માટેના કાર્યક્રમને પણ અંતિમ ઓપ અપાઇ ગયો છે. રૂપિયા ૩૪૮ કરોડની ફાળવણી સાથે વર્ષ ૨૦૦૮-૦૯માં તેનો અમલ પણ થશે. જે વિસ્તારોને વોટરશેડ ડેવલપમેન્ટ યોજનાઓનો લાભ નથી મળતો તે વિસ્તારોના વિકાસને આ યોજના હેઠળ અગ્રિમતા આપવામાં આવશે.

તળાવો, સરોવરો, કૂવા સહિતના જલ સંગ્રાહકોની દુરસ્તી અને સમારકામ માટેની એક યોજના માટે પણ તમિલનાડુ, આંધ્રપ્રદેશ અને કર્ણાટકની સરકારો નાણાકીય સહાય મેળવવા વિશ્વબેન્ક સાથે કરાર કરી ચૂકી છે. ૭૩.૮ કરોડ ડોલરની કુલ રકમ મળતાં વધારાના ૯ લાખ હેક્ટર વિસ્તારને આવરી લેવામાં આવશે. નાણામંત્રીએ સંકેત આપ્યા હતા કે ઓરિસ્સા, પશ્ચિમ બંગાળ સહિતની અન્ય રાજ્ય સરકારો પણ વિશ્વબેન્ક સાથે ટૂંકમાં કરાર સાધશે.

સિંચાઇ ક્ષેત્ર માટે રહેલી વ્યાપક ભંડોળની જરૂરિયાતને જોતાં પ્રારંભે કેન્દ્રના રૂપિયા ૧૦૦ કરોડના પ્રદાનની જોગવાઇ સાથે 'સિંચાઇ અને જળ સંશાધન નાણા નિગમ'ની રચના કરવા બજેટમાં દરખાસ્ત મુકવામાં આવી છે. રાજ્ય સરકારો અને નાણાકીય સંસ્થાઓને આમાં ભાગીદાર થવા નિમંત્રણ આપવામાં આવશે. નાણામંત્રીએ આ સંદર્ભમાં જણાવ્યુ હતું કે, "મોટા અને મધ્યમકદની સિચાઇ યોજનાઓને સાકાર કરવા જરૂરી જંગી સંસાધનો ઉભા કરવાનો અમારો હેતુ છે. મને આશા છે કે ૩૧ માર્ચ ૨૦૦૮ પહેલાં સિંચાઇ અને જળસંસાધન નાણાનિગમ ને એક કંપનીના રૂપમાં સ્થાપિત કરવામાં અમને સફળતા મળશે."

બજેટમાં ઉંચા કૃષિ ઉપજ માટે જમીનને જરૂરી હોય એવા જ ખાતરો આપવું સંભવ બનાવવા જમીન પરીક્ષણ પ્રયોગશાળાનો વિસ્તાર કરવા પણ જોગવાઇ કરવામાં આવી છે. પ્રતિ પ્રયોગશાળા દીઠ સરકારની રૂપિયા ૩૦ લાખની સહાય સાથે ૧૧મી પંચવર્ષીય યોજના દરમિયાન જાહેર અને ખાનગી ક્ષેત્રની ૫૦૦ જેટલી આવી પ્રયોગશાળાઓ ઉભી કરવાની દરખાસ્ત છે. વધુમાં માર્ચ ૨૦૦૯ પહેલા દેશના ૨૫૦ જેટલા જિલ્લાને સંપૂર્ણપણે સજ્જ મોબાઇલ તેલ પરીક્ષણ પ્રયોગશાળા પુરી પાડવાના હેતુસર બજેટમાં કૃષિ મંત્રાલયને એકજ વારની રૂપિયા ૭૫ કરોડની ફાળવણી કરવાની પણ જોગવાઇ છે. સરકારે ખેડૂતોને રાહત દરે રાસાયણિક ખાતર પૂરૂ પાડવાના ઇરાદાને પણ પુનરોચ્ચાર કર્યો છે. વર્ષ ૨૦૦૮-૦૯ ના બજેટમાં આ હેતુસર રૂપિયા ૩૦,૯૮૬.૩૬ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

પ્લાન્ટેશન ક્ષેત્રમાં પણ ચાના બગીચાના રી-પ્લાન્ટેસન માટે રચવામાં આવેલા 'સ્પેશ્યલ પરપલ ટી ફંડ' ની હરોળમાં જ અન્ય પાકના પ્લાન્ટેશન માટે પણ ફંડની રચના કરવામાં આવી છે. બજેટમાં ઇલાયચી માટે રૂપિયા ૧૦.૬૮ કરોડ, રબર માટે રૂપિયા ૧૯.૪૧ કરોડ અને કોફી માટે રૂપિયા ૧૮ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

આવતા વર્ષે ચા, રબર, તમાકુ, મરચા, આદુ, ગંઠોળા, ઇલાયચી અને હળદર જેવા પાકો માટે પણ પાક વીમા યોજના અમલી બનાવવાની દરખાસ્ત છે. પ્લાન્ટેશન ક્ષેત્રે સબંધી સંશોધનોને વેગ આપવા માટે તિરૂવન્થપુરમ ખાતેના સેન્ટર ફોર ડેવલપમેન્ટ સ્ટડી માટે રૂપિયા ૫ કરોડની એકવારની ગ્રાન્ટની જોગવાઇ કરવામાં આવી છે.

બજેટમાં કૃષિ અને સંલગ્ન ક્ષેત્રો માટે વેરાકીય રાહતોની દરખાસ્ત છે. પશુ અને મરઘા બતકા ની આહાર સામગ્રીના ઉત્પાદન ખર્ચને ઘટાડવા માટે વિટામિન પ્રિમિક્સિસ તેમજ મિનરલ મિક્સચર પરની કસ્ટમ જકાત ૩૦% થી ઘટાડીને ૨૦% કરવામાં આવી છે. તો ફોસ્ફરિક એસિડ પરની જકાતને ૭.૫ ટકાથી ઘટાડીને ૫ % કરવામાં આવી છે. તો ડેરી ઉદ્યોગના લાભાર્થે દૂધની જાળવણીનો સમય વધારવા માટે બેક્ટોફ્યુગ્સ પરની કસ્ટમને સદંતર દૂર કરવામાં આવી છે. એક કદમ આગળ વધતાં પેક્જડ નાળિયેર પાણી, ચા અને કાફી મિક્સ પરની આબકારી જકાતને પણ નાબુદ કરવાની દરખાસ્ત છે.

સંશોધન અને વિકાસને પ્રોત્સાહન આપવા માટે બિયારણ અને કૃષિ ઓજારોના ઉત્પાદન સાથે સંકળાયેલી કંપનીને થતા ખર્ચમાં ૧૫૦ નું વેઇટેડ ડિડકશન આપવાની પણ બજેટમાં જોગવાઇ છે. નર્સરીમાં થતા સેપલિંગ અને સિડલિંગના નિર્માતાઓને આવકવેરામાં માફી આપવામાં આવી છે.

# બજેટ - ૨૦૦૮

પ્રમોદ એન. પોપટ

*સરકારે સીનીયર સીટીઝન વ્યક્તિ માટે રીવર્સ માર્ગેજની યોજના ગયા વર્ષે દાખલ કરી છે. આ યોજના હેઠળ સીનીયર સીટીઝન પોતાના રહેઠાણનું મકાન કોઈ પણ બેંકને આપે અને તેની સામે પૈસા મળે તો આ રકમ પર આવકવેરો લાગે કે નહીં તેના ઊપર વિવાદ હતો. નાણાંપ્રધાને હવે આવકવેરાની કલમ ૪૭ માં સુધારો કરી જણાવ્યું કે સીનીયર સીટીઝને રીવર્સ મોર્ટગેજની યોજના હેઠળ પૈસા મળે તો કેપીટલ ગેઈનની જવાબદારી આવશે નહીં. - શોર્ટ ટર્મ કેપીટલ ગેઈન ઊપર આવકવેરાનો દર ૧૦ % થી વધારી ૧૫ ટકા કરાયો છે.*

- કરદાતાઓ માટેના આવકવેરાના કરમાળખામાં પરિવર્તન કરીને કરદાતાઓને તેમની અપેક્ષા કરતાં પણ વધુ કર રાહત આપીને સૌ કરદાતાઓને નાણામંત્રીએ ખુશ કરી દીધા છે. કરમુક્તિની મર્યાદા ૧,૧૦,૦૦૦ થી વધારી ૧,૫૦,૦૦૦ કરવામાં આવી છે. આમ ૧,૫૦,૦૦૦ સુધીની આવક ધરાવનારને રૂા.૪,૦૦૦ નો સીધો ફાયદો થશે. મહિલા કરદાતા માટેની મુક્તિ મર્યાદા ૧,૪૫,૦૦૦ થી વધારીને ૧,૮૦,૦૦૦ કરવામાં આવેલ છે. વરિષ્ઠ વયના નાગરિકો માટેની મુક્તિ મર્યાદા ૧,૯૫,૦૦૦ થી વધારીને ૨,૨૫,૦૦૦ કરવામાં આવી છે. ૧,૫૦,૦૦૦ થી ૩,૦૦,૦૦૦ સુધીની આવક માટે આવકવેરાનો દર ૧૦% કરવામાં આવ્યો છે. આમ ૩ લાખની આવક ધરાવનારે હવે ફક્ત રૂા. ૧૫,૦૦૦ આવકવેરો ભરવો પડશે. અગાઉ ૩ લાખની આવક ઉપર ૩૯,૦૦૦ રૂા. આવકવેરો ભરવો પડતો હતો. આમ રૂા. ૨૪,૦૦૦ નો સીધો ફાયદો ૩ લાખ સુધીની આવક ધરાવનારને થશે. ૩ લાખ થી ૫ લાખ સુધીની આવક માટે ૨૦% સુધીનો દર રાખવામાં આવ્યો છે. હવે ૫ લાખની આવક ધરાવનારે કુલ રૂપિયા ૫૫,૦૦૦ નો



આવકવેરો ભરવો પડશે. અગાઊ ૫ લાખની આવક ઉપર ૯૯,૦૦૦ રૂા. આવકવેરો ભરવો પડતો હતો. આમ ૫ લાખની આવક ધરાવનારે ૪૪,૦૦૦ રૂાની સીધી રાહત નામામંત્રીએ આપેલ છે. ૩ % એજ્યુકેશન શેશની ગણત્રી ધ્યાનમાં લેતાં આ રાહત ૪૫,૩૨૦ રૂા.ની થાય છે. પરંતુ નાણાંમંત્રીએ મહીલા કરદાતાઓ તેમજ વરિષ્ઠ વયના નાગરિકોને આલાભ અન્ય કરદાતા કરતાં ઓછો આપ્યો હોય તેવું ગણત્રી ઉપરથી લાગે છે. ૩ લાખની આવક ધરાવતી મહિલા કરદાતાને આલાભ રૂા, ૨૩,૫૦૦ થાય છે. જ્યારે વરિષ્ઠ નાગરીકને ૩ લાખની આવક ઉપર ૧૮,૫૦૦ રૂા. નોજ લાભ થાયછે. આજ રીતે મહિલા કરદાતાને ૫ લાખની આવક ઉપર ૪૩,૫૦૦ નો લાભ થાય છે. જ્યારે વરિષ્ઠ વયના નાગરિકને ૫ લાખની આવક ઉપર ૩૮,૫૦૦ નો જ ફાયદો થાય છે.
- આવકવેરાની કલમ ૮૦-ડી હેઠળ કરદાતાને તેના તથા તેના કુટુંબીજનો માટેના મેડીક્લેઈમ અંગે ભરેલા પ્રીમીયમની રકમ રૂા. ૧૫,૦૦૦ ની મર્યાદામાં કુલ આવકમાંથી કપાત રૂપે હાલમાં મળે છે. આ મર્યાદા યથાવત રાખી છે. પરંતુ માતા-પિતાના મેડીક્લેઈમ પ્રિમીયમ માટે અલાયદા રૂા.૧૫,૦૦૦ બાદ મળી શકશે. એમાં

(લેખક ધારાશાસ્ત્રી અને કર સલાહકાર છે.)

એવી પણ સ્પષ્ટતા કરી છે કે માતા-પિતા કરદાતા ઊપર આશ્રિત હોય તે જરૂરી નથી. આમ હવે કલમ ૮૦-ડી હેઠળ ૩૦,૦૦૦ રૂા.ની કપાત બાદ મળી શકશે.

- કલમ ૮૦-ડી હેઠળ હાલમાં ૧,૦૦,૦૦૦ સુધીના રોકાણો કપાત તરીકે બાદ મળે છે. તેમાં ૫ વર્ષિય પોસ્ટ ઓફીસ ટાઈમ ડીપોઝીટ અને સીનીયર સીટીઝન સેવીંગ્ઝ યોજના ૨૦૦૪નો પણ સમાવેશ કરવામાં આવેલ છે. આ બન્ને રોકાણોમાંથી પાંચ વર્ષની મર્યાદા પહેલાં જો રકમ ઉપાડી લેવામાં આવશે તો એ વર્ષમાં એ રકમ આવક તરીકે ઉમેરવામાં આવશે. આ સુધારો નાણાંકીય વર્ષ ૨૦૦૭-૦૮ થી એટલ કે ચાલુ વર્ષથી અમલી થશે.
- કેપીટલ ગેઈન ટેક્ષની જવાબદારીમાં ફેરફાર નોન રેસીડંટ ઈન્ડીયને કોઈ પણ પબ્લીક લીમીટેડ દ્વારા જાહેર થયેલ બોન્ડમાં રોકાણ કર્યું હોય તો તે બોન્ડ પરની વ્યાજની આવક કલમ ૧૧૫-એ.સી. હેઠળ કરમાફ છે. આ બોન્ડનું જો ડિબેંચર અથવા શેરોમાં રૂપાંતર થાય તો તેને ટ્રાન્સફર ગણવામાં આવશે નહીં. અને કોઈપણ જાતનો કેપીટલ ગેઈન ટેક્ષ ભરવો પડશે નહીં.
- સરકારે સીનીયર સીટીઝન વ્યક્તિ માટે રીવર્સ માર્ગેજની યોજના ગયા વર્ષે દાખલ કરી છે. આ યોજના હેઠળ સીનીયર સીટીઝન પોતાના રહેઠાણનું મકાન કોઈ પણ બેંકને આપે અને તેની સામે પૈસા મળે તો આ રકમ પર આવકવેરો લાગે કે નહીં તેના ઊપર વિવાદ હતો. નાણાંપ્રધાને હવે આવકવેરાની કલમ ૪૭ માં સુધારો કરી જણાવ્યું કે સીનીયર સીટીઝને રીવર્સ મોર્ટગેજની યોજના હેઠળ પૈસા મળે તો કેપીટલ ગેઈનની જવાબદારી આવશે નહીં. - શોર્ટ ટર્મ કેપીટલ ગેઈન ઊપર આવકવેરાનો દર ૧૦ % થી વધારી ૧૫ ટકા કરાયો છે.
- ખેતીની આવકમાં ફેરફાર : કોઈ પણ વ્યક્તિ જો નર્સરીનો ધંધો કરતી હોય અને તે છોડ તથા બી વેચતો હોય અને આવક રળે તો આવક કરપાત્ર થશે કે નહીં તેના ઊપર વિવાદ હતો. નાણાપ્રધાને આવકવેરા ધારાની કલમ ૨ માં સુધારો કરી નર્સરી ધંધાની આવક ને ખેતીની આવકની વ્યાખ્યામાં સમાવેશ કરેલ છે. આથી નર્સરીના આવક ઉપર કોઈ આવકવેરો ભરવો પડશે નહીં.
- નવી હોસ્પીટલ બાંધવામાં આવે તો તેની આવકમાં મુક્તિ : દેશમાં વૈદ્યકિય સુવિધા માટે નાણામંત્રીએ ઘણી ફાળવણી કરેલ છે. તદઉપરાંત આવકવેરા ધારામાં નવી કલમ ૮૦ (૧ બી), (૨ સી) ઉમેરી છે. આ કલમ હેઠળ હોસ્પીટલની આવક પાંચ વર્ષ માટે કર માફ થશે. હોસ્પીટલ ૧-૪-૦૮ થી ૩૧-૩-૨૦૧૩ ના સમયમાં ચાલુ થઈ જવી જોઈએ. આવી હોસ્પીટલ દેશના શહેરી વિસ્તારમાં ન હોવી જોઈએ.
- દેશમાં ટુરીઝમને પ્રોત્સાહન આપવા તથા પ્રવાસીઓને આકર્ષવા અમુક વિસ્તાર જેને દુનિયાની હેરીટેઝ સાઈટ તરીકે ગણવામાં આવે તે વિસ્તારમાં જો નવી હોટલ સ્થાપવામાં આવે તો આ હોટલની આવકને પાંચ વર્ષ સુધી કરમાફી મળશે હોટલ ૧-૪-૨૦૦૮ થી ૩૧-૦૩-૨૦૧૩ માં સ્થાપીત થઈ જવી જોઈએ.
- ડીવીડંડ ડીસ્ટ્રીબ્યુસ ટેક્ષમાં ફેરફાર : જો સબસીડીયરી કંપનીએ ડીવીડંડ ટેક્ષ ભરેલ હોય અને હોલ્ડીંગ કંપની પણ ડીવીડંડ જાહેર કરે તો હોલ્ડીંગ કંપનીના હાથમાં સબસીડીયરી કંપનીએ ભરેલ ડીવીડંડ ટેક્ષ મજરે મળશે.
- શેરના ધંધાની આવક ઊપર સીક્યોરીટી ટ્રાન્ઝેક્શન ભરેલ હોય તો તે આવકવેરાની સામે મજરે મળતો હતો. નવી જોગવાઈ મુજબ તે હવે કરમાંથી મજરે નહીં મળે પરંતુ એસ.ટી.ટી ધંધાકીય ખર્ચ તરીકે મજરે મળશે આમ આવકમાંથી આ ખર્ચ બાદ થશે.

કોમોડીટી એક્ષચેન્જ ઊપર થતા કોમોડીટી ના ટ્રાન્ઝેક્શનો ઉપર પણ કોમોડીટી ટ્રાન્ઝેક્શન ટેક્ષ ૧-૪-૨૦૦૮ થી લાગુ પડશે અને આ ટેક્ષ પણ કરપાત્ર આવકમાંથી ખર્ચ તરીકે મજરે મળશે. આ નવા વેરા દ્વારા સરકારને ખૂબજ મોટા પાયે આવક થશે.

- કોર્પોરેટ બોન્ડ ને કરકપાતમાંથી મુક્તિઃ કોર્પોરેટ બોન્ડની બજાર વધારવા માટે નવી જોગવાઈ કરવામાં આવેલ છે. જે કંપનીઓ સ્ટોક એક્સચેન્જમાં નોંધાયેલ હોય અને તે કંપનીઓ કોર્પોરેટ બોન્ડ ની ફાળવણી કરેલ હોય તો તેના ઊપર મળતા વ્યાજ ઊપરની કરકપાતની જોગવાઈ દૂર કરવામાં આવેલ છે. આથી કોર્પોરેટ બોન્ડની માર્કેટમાં સુધારો થશે.
- રીટર્ન ફાઈલ કરવાના સમયમાં ઘટાડો : કંપની તથા જેમના કિસ્સામાં ઓડિટ લાગુ પડતું હોય તેવી પેઢી તેમજ તેના વર્કીંગ પાર્ટનરના કેસમાં રીટર્ન ફાઈલ કરવાની છેલ્લી તારીખ ૩૧ ઓક્ટોબર હતી તે ઘટાડીને ૩૦ સપ્ટેમ્બર કરાઈ છે. ૨૦૦૮ થી જ આ સુધારો અમલી બનશે. આમ એકંદરે બજેટ સુધારલક્ષી છે. વ્યક્તિગત કરવેરામાં અપાયેલી રાહતથી વધતી જતી મોંઘવારીને પહોંચી વળવા માટેની રાહત જરૂરથી મળશે.

# અર્થતંત્રના ઉત્પાદક ક્ષેત્રોની અવહેલના : ચૂંટણી વર્ષનું બજેટ

સુનિલ આર. પારેખ

*આયોજનપંચના દસ્તાવેજમાં માળખાકીય સુવિધાઓ માટે જરૂરી ફાળવણી દર્શાવતા રજૂ થયેલા અંકો ઉપર નજર નાખીએ તો ભારતને આ ક્ષેત્રે પાંચ વર્ષના સમયગાળામાં ૫૦૦ અબજ અમેરિકી ડોલર જેટલા નાણા ખર્ચવાની જરૂરીયાત છે. અર્થાત પ્રતિ વર્ષ ૧૦૦ અબજ ડોલર કે પછી રૂપિયા ૪,૦૦,૦૦૦ કરોડ જેટલી રકમ ખર્ચવાની આવશ્યકતા છે. પ્રત્યેક વર્ષે આ સપાટીના ખર્ચને પહોંચી વળવા ૨૦% જેટલી રકમની અંદાજપત્રીય ટેકારૂપ ફાળવણીની આવશ્યકતા રહે. અર્થાત વર્ષે ૨૦૦૮-૦૯ માટેના બજેટમા રૂપિયા ૮૦,૦૦૦ કરોડ જેટલી ફાળવણી કરવી જરૂરી બની રહે. પરંતુ બજેટમાં આ મોરચે થયેલી ફાળવણી આ આંકડાને નજીકની નથી જ. તેની સામે ઈન્ક્રીમેન્ટ વગેરેને કારણે તેમજ કૌશલ્યસભર માનવશક્તિના અભાવની સ્થિતિમાં 'જોબ જમ્પ' ને કારણે વર્ષે દહાડે ૧૫ થી ૨૦% વધુ કમાણી કરી લેતા વેતનદાર વર્ગને આવકવેરામાં રાહત આપવામાં આવી છે.*

કેન્દ્રની શાસનધૂરા સંભાળી રહેલા કોંગ્રેસ અને યુપીએ સરકાર એવું માનતા લાગે છે કે સામાન્ય માનવીની સદંતર અવહેલના કરીને વૃધ્ધિ આધારીત 'ઇન્ડિયા શાઇનીંગ' અભિયાન છેડવાને કારણે જ ગત સામાન્ય ચૂંટણીમાં ભાજપનો પરાજય થયો હતો. આ માન્યતાને પરિણામે જ તેઓ આ વર્ષે અત્યંત લોકપ્રિય બજેટ રજૂ કરવા પ્રેરાયા છે. સ્પષ્ટ પણે લાગે છે કે આર્થિક વૃધ્ધિને તેઓ જતી કરવા માંગે છે. ગયા વર્ષે રજૂ થયેલા બજેટમાં મુખ્ય મુદ્દો ૬% થી વધુ રહેલા ફૂગાવાના દરનો હતો. અનાજની આયાત, નાણાકીય અને નીતિગત પગલાં વગેરેની મદદથી ફૂગાવાના દરને તો ૪% ની આસપાસ લાવવામાં સફળતા મળી પરંતુ આ પ્રક્રિયા દરમિયાન આર્થિક વૃધ્ધિ દર ૯.૬% થી ઘટીને ૮.૭% થઇ ગયો. સમગ્ર ૧૧મી પંચવર્ષીય યોજનાનો લક્ષ્યાંક ૯% આર્થિક વૃધ્ધિદર હાંસલ કરવાનો છે.



Source : MOSPI



Source: CRISIL estimates

આ સાથે રજૂ થયેલા ગ્રાફમાં જણાવ્યા મુજબ ઔદ્યોગિક વિકાસ આવકનો મુખ્ય સ્ત્રોત છે. ઘરેલુ સેવાક્ષેત્રોનું પણ તે વહન કરે છે. ઉદ્યોગો ભીંસ અનુભવે તો સમુચુ અર્થતંત્ર પોતાની ગતિ ગુમાવે છે. વર્તમાનમાં અર્થતંત્રની વૃધ્ધિની રફતાર મંદ પડી ચૂકી હતી ત્યારે આ વર્ષે પોતાને હસ્તક ઘણાં બધા સંસાધનો હોવાના સંજોગોમાં નાણામંત્રી બજેટમાં આ પ્રશ્નને હલ કરવા પ્રયાસ કરશે એવી ધારણાઓ થઇ રહી હતી.

આવા પ્રયાસો કરવાને બદલે નાણામંત્રીએ ઋણ ચૂકવવામાં કસુર કરી રહેલા ખેડૂતોને રાહત આપવા રૂપિયા ૬૦,૦૦૦ કરોડની ફાળવણી કરી. તેમણે એવા ખેડૂતો વિષે વિચાર્યું કે જેમણે ઋણની સમયસર ચૂકવણી કરવા ખૂબ સંઘર્ષ કર્યો ? એમણે એવું પણ વિચાર્યું કે આમ કરવા

(લેખક ક્રિસિલ ઝાયડસ જૂથના સલાહકાર છે.)

છતાં આવા પગલાંને કારણે ખેડૂતો અને અન્ય ક્ષેત્રોમાં પણ દેવા ચૂકવણીના મુદ્દે કસુર કરવાના અને પછી દેવામાફીના આવા વલણો વધશે ?

વાસ્તવમાં આ ખૂબ જ ગુંચવાડામાં નાખી દેતું પગલું છે. વધુમાં તંત્રમાં પડેલા કોર્પોરેટ ટેક્સના નાણાનો ઉપયોગ કરીને માટેની વૃધ્ધિ ૧૧.૨ % ઘટીને ૯ % પર પહોંચી છે. અંદાજપત્રની ધારણા કરતાં પણ નીચા દરજ્જે અર્થાત વૃધ્ધિમાં ૨૦% જેટલો ઘટાડો નોંધાયો છે. નાણામંત્રી આ માટેના કારણો સમજાવતા કહે છે કે : 'વ્યાજના દર વધતા રૂપિયાનું મુલ્યવર્ધન થતા, તેમજ અમેરિકી અને વૈશ્વિક




આરોગ્ય અને શિક્ષણ, ગ્રામિણ માળખાકીય સુવિધાઓ વધારતી યોજના ભારત નિર્માણ યોજના અને વીજ કરણ માટે પણ જંગી રકમોની ફાળવણી થઇ. નાણામંત્રી પોતે વારંવાર એકરાર કરતા આવ્યા છે કે આવી યોજનાઓ લોકોને ઇચ્છીત લાભો અને ફળ આપતી નથી.

આઇઆઇપીના અંકો પર નજર નાખીએ તો એપ્રિલ - ડીસેમ્બર ૨૦૦૭

બજારની માંગમાં અનિશ્ચિતતાના વલણ સર્જાતા આ સ્થિતિ સર્જાઇ છે. ઉપરાંત તાજેતરમાં પેટ્રોલ-ડીઝલના ભાવમાં થયેલો વધારો એફટીએ દ્વારા થયેલી આયોતોની વિપરીત અસરો વગેરે પણ આ સ્થિતિ માટે કારણભૂત છે. ભારતમાં ચાલુ વર્ષે માનવ ખર્ચમાં થયેલો ૧૫% જેટલો વધારો પણ ખૂબજ ચિંતાનો વિષય છે.'

આયોજનપંચના દસ્તાવેજમાં માળખાકીય સુવિધાઓ માટે જરૂરી ફાળવણી દર્શાવતા રજૂ થયેલા અંકો ઉપર નજર નાખીએ તો ભારતને આ ક્ષેત્રે પાંચ વર્ષના સમયગાળામાં ૫૦૦ અબજ અમેરિકી ડોલર જેટલા નાણા ખર્ચવાની જરૂરીયાત છે. અર્થાત પ્રતિ વર્ષ ૧૦૦ અબજ ડોલર કે પછી રૂપિયા ૪,૦૦,૦૦૦ કરોડ જેટલી રકમ ખર્ચવાની આવશ્યકતા છે. પ્રત્યેક વર્ષે આ સપાટીના ખર્ચને પહોંચી વળવા ૨૦% જેટલી રકમની અંદાજપત્રીય ટેકારૂપ ફાળવણીની આવશ્યકતા રહે. અર્થાત વર્ષે ૨૦૦૮-૦૯ માટેના બજેટમા રૂપિયા ૮૦,૦૦૦ કરોડ જેટલી ફાળવણી કરવી જરૂરી બની રહે. પરંતુ બજેટમાં આ મોરચે થયેલી ફાળવણી આ આંકડાને નજીકની નથી જ. તેની સામે ઇન્ક્રીમેન્ટ વગેરેને કારણે તેમજ કૌશલ્યસભર માનવશક્તિના અભાવની સ્થિતિમાં 'જોબ જમ્પ' ને કારણે વર્ષે દહાડે ૧૫ થી ૨૦ % વધુ કમાણી કરી લેતા વેતનદાર વર્ગને આવકવેરામાં રાહત આપવામાં આવી છે. પરંતુ આવકો ઉભી કરવા કરતા ઉત્પાદન ક્ષેત્રો માટે ખાસ કોઇ પ્રોત્સાહક પગલાં લેવાયા નથી. વાસ્તવમાં રાજકારણ અને ચૂંટણીઓની તરફેણમાં ઉત્પાદન ક્ષેત્ર માટે કાંઇક કરી છુટવાની તકને જતી કરવામાં આવી છે.

**વિકાસલક્ષી સામયિક એટલે**

**યોજના**

**યોજના વાંચો, યોજના વંચાવો**

# તાતનું તારણહારલક્ષી બજેટ : ૨૦૦૮-૦૯

પ્રો. જગદિશ અંધારિયા

*ગરીબલક્ષી, માનવતાવાદી અભિગમ તથા ગ્રામિણ અને શહેરી વિસ્તારોને સમતોલ નાણા ફાળવણીથી સમાનપણે લાભકારક બની રહે તેવો અભિગમ આ બજેટમાં દેખાય છે. જો કે નાણાપ્રધાને નાની-મોટી લ્હાણી કરીને ઉદારતા બતાવી છે. અને બજેટને સર્વપ્રિય બનાવવામાં કોઇ કચાશ રાખી નથી. બજેટની સંખ્યબંધ જોગવાઈઓ આવકારદાયક છે. બધાને એક સાથે એક સમયે અને એક સરખા રાજી રાખવા શક્ય નથી. સતત જેવું ગાણું ગવાય છે તે 'ચૂંટણી લક્ષી' બજેટને ફરી યાદ કરીએ તો છેલ્લા પચ્ચીસ-ત્રીસ વરસ ના રેકર્ડ પર નજર નાખતા ખયાલ આવશે કે હળવા કે લોકપ્રિય બજેટથી ચૂંટણી જીતી શકાય છે એ નકરો ભ્રમ છે. ચૂંટણી આડે હજી ઘણો સમય છે ત્યારે કોઈની અટકળ કામ લાગે નહિ.*

ફેબ્રુઆરી માસ દરમ્યાન બે દિવસોની ખાસ આતુરતા પૂર્વક રાહ જોવાતી હોય છે. આ બે દિવસમાં એક છે ૧૪મી ફેબ્રુઆરી - વેલેન્ટાઇન ડે ની ઉજવણી. આ દિવસની યુવા હૃદયો અતિ આતુરતા પૂર્વક રાહ જોતા હોય છે. બીજો દિવસ એટલે ફેબ્રુઆરીનો અંતિમ દિવસ. જે દિવસે આપણા દેશના સામાન્ય બજેટને સંસદમાં રજૂ કરાય છે. આ સામાન્ય બજેટ રજૂ થાય તે પહેલા રેલ્વે બજેટ અને ગુજરાત રાજ્યનું બજેટ પણ રજૂ થાય છે.

આપણે ઘરનું બજેટ જે રીતે બનાવીએ છીએ તેવીજ રીતે સરકાર દેશનું બજેટ તૈયાર કરે છે. તફાવત માત્ર એટલો જોવા મળે છે કે કેન્દ્રનાં બજેટમાં એવા શબ્દો વાપરવામાં આવે છે કે જેનાં વિશે આપણે કશું જાણતા હોતા નથી. બજેટના દિવસે નાણાંમંત્રી ૧૦ થી ૧૨ દસ્તાવેજો રજૂ કરે છે. તેમાંથી મુખ્ય એને સૌથી મહત્વપૂર્ણ દસ્તાવેજ અને એન્યુઅલ ફાયનાન્સિયલ સ્ટેટમેન્ટ ને લગતો હોય છે.જેમાં સબંધિત નાણાકીય વર્ષ (૧ એપ્રિલ થી ૩૧ માર્ચ) માં થનારા ખર્ચ અને આવકના અંદાજનું એક નિવેદન આપવાનું રહે છે. સામાન્ય રીતે તે ૧૦ પાનાનું હોય છે. જેમાં કન્સોલિડેટેડ ફંડ, કન્ટીજન્સી ફંડ, અને પબ્લીક એકાઉન્ટ એમ ત્રણ ભાગ હોય છે. સરકારને આ ત્રણેય ફંડ્સ માટે રેવન્યુ બજેટ (રેવન્યુ એકાઉન્ટ) અને કેપીટલ બજેટ (કેપીટલ એકાઉન્ટ) રજૂ કરવું પડે છે. કન્સોલિડેટેડ ફંડનું રેવન્યુ એકાઉન્ટ બે ભાગમાં વહેંચાયેલું હોય છે.રિસિપ્ટ (આવક), ડિસ્બર્સમેન્ટ (ખર્ચ)) આવકમાં વ્યાપક રીતે કર આવક, બિનકર આવક, ગ્રાંટ અને યોગદાનનો સમાવેશ થાય છે.

ફેબ્રુઆરી મહિનો એટલે બજેટની મોસમ શરૂ થાય. વ્યાપારીઓ, પગારદારો, અર્થશાસ્ત્રીઓ અને હવે સામાન્ય જનતા પણ આ દિવસની રાહમાં હોય છે. આ મહિને ફેબ્રુઆરીમાં ૨૯મી તારીખ આવતી હોવાથી નાણામંત્રી શ્રી ચિદમ્બરમે તે દિવસે બજેટ રજૂ કર્યું. આ પહેલા ૨૫ મી ફેબ્રુઆરીએ વજુભાઇ વાળાનું ૧૩મું રેકોર્ડ બજેટ ગુજરાત રાજ્યનું રજુ થયું. તેમાં ૮૮૦ કરોડ રૂ.ના વેરા ઝીંકાયા અગાઉ વીજળીના ઉત્પાદનમાં વપરાતા ઇંધણના વધેલ ભાવના નામે વીજળીના યુનિટ દીઠ દરમાં રૂા. ૦.૧૮ નો વધારો કરીને રૂા. ૬૫૦ કરોડનો વધુ બોજ પ્રજાના શીરે નાખી દીધેલ, અને વ્યવસાય વેરાના નામે બીજા ૬૦૦ કરોડ રૂા. થી વધુ બોજ નાખીને સરકારે ઓક્ટ્રોઈની ગુમાવેલી આવક કરતાય વધુ આવક મેળવી લીધી. વામનની જેમ ત્રણજ ડગલા માંડીને પ્રજાના ખીસ્સામાંથી રૂા. ૨૦૦૦ કરોડ ખંખેરી લેવાની પેરવી ગુજરાત ના બજેટમાં કરાઇ છે. રેલવે બજેટમાં રેલવેમંત્રી શ્રી લાલુપ્રાસદે ભાડાના દરમાં કોઇ વધારો કર્યો નથી. ઉલટાના પ્રવાસ ભાડાના દરમાં સાત ટકા સુધીનો ઘટાડો કર્યો છે. પેટ્રોલ ડીઝલની હેરફેર પરના ૫% નૂર દરમાં પણ ઘટાડો કર્યો છે.

વિત્તમંત્રીશ્રી ચિદમ્બરમ નું આ સાતમું

(લેખત ભાવનગર યુનિવર્સીટી માં રીડર છે.)

સંપૂર્ણ બજેટ છે અને લગાતાર પાંચમું બજેટ છે. જૈ પૈકીના બે બજેટ સંયુક્ત મોરચા સરકાર અને બાકીના સંયુક્ત પ્રગતિશીલ ગઠબંધના સરકારના છે. સાત બજેટ રજૂ કરવાની સિધ્ધી ચિદમ્બરમ માટે મહત્વપૂર્ણ રહેશે. વળી એ સિધ્ધી તેમને બધા મળીને સૌથી વધુ આઠ સંપૂર્ણ બજેટ રજૂ કરવાના મોરારજીભાઇના વિક્રમની નજીક પહોંચાડી દેશે.

આ વખતનું બજેટ કેવું હશે ? આ અંગે સૌ વિચારણા કરતા હતા, કિસાનસબંધી હશે કે ઉદ્યોગલક્ષી હશે. ગરીબલક્ષી હશે કે અમેરીકાની મંદિ ભારતમાં પ્રવેશી ના શકે તેવા પ્રકારનું હશે કે ચૂંટણીલક્ષી હશે, મહિલાઓને ધ્યાનમાં રખાશે કે કેમ! આમ સૌની નજર બજેટ પર હતી.

તા.૯-૨-૦૮ ના રોજ કૃષિ પર ભાર આપવાની વાત વિત્તમંત્રીએ કરેલ હતી. ખાસ કરીને કેન્દ્ર સરકારના કૃષિ ક્ષેત્ર માટે રૂા. ૬૦,૦૦૦ કરોડના લોન માફીનું એક જબરજસ્ત પેકેજ લાવે તેવી શક્યતા હતી. જેમાં ખેડૂતોની લોન માફ કરવાની જાહેરાત કરવાની હતી. તા.૨૦-૨-૦૮ના રોજ રાયબરેલીમાં એક બેંકમાં યોજાયેલ સમારંભમાં બોલતા શ્રીમતિ સોનિયા ગાંધીએ જણાવ્યું હતું કે આ માસના અંતે બજેટ રજૂ કરાશે તેમાં સામાન્ય માણસોની સમસ્યા તેમજ ખાસ કરીને મહિલાઓ અને ખેડૂતોની સમસ્યાને પ્રાધાન્ય અપાશે તેવી તેમને આશા છે.

સફેદ શર્ટ અને સફેદ સળ પાડેલી ઈસ્ત્રી ટાઈટ ધોતી એ વિતમંત્ર શ્રી ચિદમ્બરમ્ નો કાયમી પહેરવેશ બની ગયો છે. તેઓ હાવર્ડ યુનિવર્સિટીમાં ભણેલા છે. 'નો' મિન્સ 'નો' માં માનતા ચિદમ્બરમે્ ૨૩ વર્ષની વયે રાજકરણમાં પ્રવેશ કર્યો હતો.

નાણાપ્રધાન પી.ચિદમ્બરમે્ સંસદમાં ૨૦૦૮-૦૯નું બજેટ રજૂ કર્યું છે તેના વિશે ટૂંકમાં કહેવું હોય તો કહી શકાય કે તે તાતલક્ષી અને કર્મચારી લક્ષી છે. અને એકંદરે આશાવાદી છે. આ બજેટમાં નાણાપ્રધાને કરેલી જાહેરાતો અને રાહતોમાં મતદારોના માટોવર્ગને, ગ્રામ્યજનતા અને વિશેષ કરીને કિસાનોને જરૂરથી ખુશ કરશે તેમ લાગે છે.



આમ આડકતરી રીતે તાતલક્ષી એવું આ બજેટ ચૂંટણીલક્ષી હોવાનો ઈશારો પણ ચોક્કસ કરે છે. કારણ કે ખેડૂત તો ઘણા સમયથી મુશ્કેલીમાં છે જ જે નાણામંત્રી જાણે જ છે.

આ જાહેરાતની અસર શું થશે તે જોઇએ તો એક હેક્ટર સુધીની જમીન ધરાવતા માર્જિનલ ખેડૂતો અને એકથી બે હેક્ટર ધરાવતા નાના ખેડૂતોએ લોન લીધી હોય અને ૩૧ ડીસે. ૨૦૦૭ સુધીમાં તે ભરપાઇ કરવાની હોવા છતા ૨૯ ફેબ્રુઆરી ૨૦૦૮ સુધી ભરપાઈ કરી શકાઇ ન હોય તેવા ખેડૂતોને સંપૂર્ણ માંફી મુક્તિ આપવામાં આવેલ છે. અન્ય ખેડૂતોને વનટાઇમ સેટલમેન્ટ યોજના હેઠળ ૨૫% માફી મળશે. નાણાપ્રધાનની આ યોજના આમ જોઇએ તો સારી છે પણ જે ગરીબ ખેડૂતોએ બેંકો પાસથી લોન લીધી નથી અને ખાનગી ધીરધાર કરાનાર શાહૂકારો પાસેથી જ લોન લીધી હોય તેનું શું ? આત્મહત્યા કરનારા મોટાભાગના ખેડૂતો આવાજ છે તેનો ખ્યાલ શું નાણાંમંત્રશ્રીને નથી ! વળી આ પ્રમાણે સરકારી લેણા માફ કરવાથી ખેડૂત અપ્રમાણિક બનવા પ્રેરાય છે અને નવી નવી લોન લઇને દેવું માફ થશે તેની રાહ જોઇને નિયમિત હપ્તા ભરતા નથી જેમણે નિયમિત હપ્તા ચૂકવ્યા તે ખેડૂતોને કોઇ લાભ થયો નથી. આ ઉપરાંત દેવા માફીની બેકીંગક્ષેત્ર પર વિપરીત અસર થવાની શક્યતા છે. અહીં એવું આયોજન જરૂરી છે કે ખેડૂતો દેવાદાર થાય નહીં. આવા આયોજન માટે કદી વિચારાતુ નથી. ખેડૂતને ઉત્તમ ખાતર, ઉત્તમ બિયારણ, પુરતું પાણી અને નિયમિત વિજળીનો પૂરવઠો મળી રહે તો તેને કરજ શા માટે કરવું પડે ? ખેડૂતને ઋણ મુક્ત કરવા જે રૂા. ૬૦,૦૦૦ કરોડ અપાશે તેનો ચોથો ભાગ પણ જો 'વોટર હાર્વેસ્ટીંગ' માટે વપરાય તો આ ખેડૂતો રૂા. ૫ લાખ કરોડનું ઉત્પાદન કરી શકે.

આ બજેટમાં બીજી જો કોઇ રાહત મળી હોય તો તે છે કર્મચારી વર્ગને, નોકરીયાતો રાજીના રેડ થઇ ગયા છે. ધારણા બહાર મળ્યુ છે તેવો આનંદ વ્યક્ત થઇ રહ્યો છે.પરંતુ છઠ્ઠા વેતન પંચની જાહેરાત બજેટની પ્રોવિઝનમાં ન કરી તેથી દેશભરના કેન્દ્ર અને રાજય સરકારના લાખો કર્મચારીઓમાં નિરાશા વ્યાપી છે. ઇ.પી.એફ. ના વ્યાજમાં કોઇ વધારો થયો નથી. આ પણ એક નિરાશાનું કારણ છે. છઠ્ઠા પગારપંચના રિપાર્ટને ઝડપથી આપવાની સૂચના અપાઇ છે. અને તે માર્ચ સુધામાં આવી જશે અને તરતજ સ્વીકારાશે તેવી માત્ર હૈયા ધારણા અપાઇ છે.

દેવામાફી અને આવકવારાની મુક્તિ મર્યાદા આ બે પાસા આ બજેટના મુખ્ય રાહતલક્ષી પાસા છે. આ ઉપરાંતના બીજા અન્ય કેટલાક પાસાની વિચારણા કરીએ.

આ બજેટમાં નાણામંત્રી શ્રી એ શેરબજાર માટે કોઇ મોટો લાભ નથી આપ્યો કે નથી મોટો બોજ આપ્યો એ દ્રષ્ટિએ શેરબજારમાં આ બજેટની ખૂબ મોટી અસર થશે નહીં.

આ બજેટમાં સંરક્ષણ ખર્ચ માટેની નાણાકીય ફાળવણીમાં ૧૦%નો વધારો કરાતા સ્વતંત્ર ભારતના ઇતિહાસમાં પહેલીવાર સંરક્ષણ માટેના વાર્ષિક ખર્ચ રૂા. ૧ લાખ કરોડને વટી જશે. ૯૦ ના દાયકામાં નાણા ભંડોળના અભાવે લશ્કરી દળોને બહુ વેઠવું પડ્યું હતું. પણ હવે આધુનિકરણનો કાર્યક્રમ પૂરજોશમાં પૂરા વેગથી ચાલુ રહેશે.

આ બજેટમાં આરોગ્યની ફાળવણીમાં ૧૫%ના વધારાની જાહેરાત થઇ છે. આરોગ્ય માટેની ફાળવણી વધારીને રૂા. ૧૬,૫૩૪ કરોડ કરવામાં આવી છે. એચ.આઇ.વી, એઇડ્સ,પોલીયો અને આરોગ્ય સંભાળને પ્રાથમિકતા અપાઇ છે.

૨૦૦૮-૦૯ના કેન્દ્રીય બજેટમાં શિક્ષણક્ષેત્રે રૂા. ૯૦૦૦ કરોડના મોટા વધારા સાથે રૂા.૩૮,૭૦૨ કરોડથી વધુ ફાળવણી બજેટમાં કરવામાં આવી છે. જે અગાઉના વર્ષની સરખામણીએ ૨૦% જેટલી વધુ છે. આખા દેશમાં સરકારના મુખ્ય કાર્યક્રમ સર્વશિક્ષા અભિયાનને સર્વસામાન્ય બનાવવા માટે રૂા. ૧૩,૧૦૦ કરોડ જેટલી મોટી સકમની ફાળવણી કરવામાં આવી છે. મધ્યાહન ભોજન યોજનાને ઉચ્ચ પ્રાથમિક સ્તર (ધોરણ ૧ થી ૮) સુધી બધાજ બાળકો સુધી લંબાવવામાં આવશે અને તે માટે રૂા. ૮૦૦૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. માધ્યમિક શિક્ષણ માટે ગયા વર્ષના રૂા. ૨૪૬૫.૧૮ કરોડથી બમણા એટલે કે રૂા. ૫૧૩૯.૭૦ કરોડ ફાળવ્યા છે.

આ કેન્દ્રીય બજેટમાં લઘુમતી કલ્યાણ માટે આગલા વર્ષ કરતા બમણી ફાળવણી કરાઇ છે. જે ૫૦૦ કરોડ રૂા. માંથી વધારીને રૂા. ૧૦૦૦ કરોડની થયેલ છે. સાથો સાથ લઘુમતીની ભારે વસતી ધરાવતા ૯૦ જિલ્લાઓમાં વિવિધલક્ષી વિકાસ યોજનાઓ માટે રૂા. ૩૭૮૦ કરોડ ફાળવ્યા હતા. દરેક જીલ્લાને આધુનિકરણ માટે રૂા. ૫૪૦ કરોડની ફાળવણી થશે. આ ઉપરાંત મદ્રસામાં અપાતા શિક્ષણના આધુનિકરણ માટે રૂા. ૪૫.૪૫ કરોડ પ્રિમેટ્રીક સ્કોલરશીપ માટે રૂા. ૮૦ કરોડ અને અન્ય જાહેરાતો નાણામંત્રીએ કરેલ છે.

અન્ય મહત્વની એક જાહેરાતમાં તમામ ચીજવસ્તુ પરની એક્સાઇજ ૧૬% થી ઘટાડીને ૧૪ % કરાયેલ છે. અને ઓટોમોબાઇલ તથા ફાર્માસ્ટુટીકલ્સ ક્ષેત્રોમાં ચોક્કસ કરરાહતોની જાહેરાત કરાઇ છે. કાર અને ટુ-થ્રી વ્હિલર્સ પરની એક્સાઇઝ ૧૬ થી ઘટાડીને ૧૨ % અને ફાર્મા ઉદ્યોગની પ્રોડક્ટ પર ૧૬ ને બદલે ૮% એક્સાઇજ કરાયેલ છે. નોનફીલ્ટર સીગારેટ ની આબકારી જકાત દર ૧૦૦૦ નંગે રૂા. ૧૬૮ હતે તે રૂા. ૮૧૯ કરી દેવાયા છે.

નાણાપ્રધાને શાસક પક્ષોના પાટલીનાદ વચ્ચે જાહેર કર્યું છે કે કોઇપણ ભોગે ફુગાવો અંકુશમાં રાખવામાં આવશે. પરંતુ એ માટે સરકાર ખરેખર કયા પગલા વિચારે છે તે વિશે કશો ફોડ પાડ્યો નથી.ખુદ નાણાપ્રધાને પ્રવચનમાં સ્વીકાર્યું છે કે મોંઘવારી એ ખૂબ મોટો પડકાર છે. ફુગાવાને ડામવા માટે વ્યાજદરમાં કરાયેલા ફેરફારને લીધી આર્થિક વિકાસને બ્રેક લાગે છે.

ગુજરાત માટે આ બજેટ ઘોર નિરાશા આપે છે. ખેડૂતોની લોનમાં વ્યાજમાફી કે આવકવેરાની મુક્તિમર્યાદમાં વધારો કે એક્સાઇઝડ્યૂટીમાં ઘટાડો કરવા જેવા લોકપ્રિય પગલાનો લાભ સમગ્ર દેશને મળવાનો છે. એટલે તે ગુજરાતને પણ મળશે જ પણ માત્ર ગુજરાતને જ લાભ થયો હોય કે ગુજરાતને મહત્તમ લાભ થયો હોય તેવું આ બજેટમાં કંઇ નથી. આમાં ફાર્માસ્ટુટીકલ ઉત્પાદનો પરની એકસાઇઝ ડ્યુટી ૧૬% પરથી ઘટીને ૮ % કરાયેલ છે તે એક માત્ર અપવાદ છે. જ્યારે બીજા અન્ય રાજ્યોને કંઇને કંઇક મળ્યું છે. ચિદમ્બરમે દેશમાં ત્રણ નવી આઇ.આઇ.ટી સ્થાપવાની જાહેરાત કરી છે. જે અનુક્રમે આધ્રપ્રદેશ, બિહાર અને રાજસ્થાનમાં સ્થપાશે. ભોપાલમાં અને વિજયવાડામાં આર્કિટેકચર અને પ્લાનિંગ સ્કૂલ સ્થપાશે અને ભોપાલ તથા તિરૂવનંતપુરમ્ માં ઇન્ડિયન ઇન્સટીટ્યૂટ ઓફ સાયન્સ એજ્યુકેશન એન્ડ રીસર્ચ

સેન્ટર ઉભા કરાશે. નવી ૧૬ કેન્દ્રીય યુનિવર્સિટી સ્થપાશે જેમાં એક પણ ગુજરાતમાં નથી. અનાજની ફાળવણી માટે સ્મોલ કાર્ડ પ્રોજેક્ટ, પંજાબ અને હરિયાણામાં શરૂ થશે. આ માટે ૧૦૦ કરોડ રૂા.ની ફાળવણી કરાયેલ છે. સંરક્ષણ બજેટમાં ૧૦%નો વધારો કરાયો છે. જેમાં ઉત્તર પ્રદેશ અને બિહાર માટે ખાસ જોગવાઇ છે. પણ ગુજરાત માટે નથી. ગુજરાતમાં ટેક્ષટાઇલ્સ જેન્મ એન્ડ જવેલેરી, ફાર્માસ્યુટિકલ્સ, પેટ્રોકેમિકલ્સનો મોટા ઉદ્યોગો છે પણ તેમને માટે કોઇ વિશેષ પેકેજ નથી કે તેમને કોઇ રાહત મળી નથી.

આ કેન્દ્રીય બજેટમાં સૌરાષ્ટ્ર-કચ્છના વેપાર ઉદ્યોગની અનેક અપેક્ષાઓ સંતોષાઇ નથી. પરંતુ નાણામંત્રીએ લઘુ અને મધ્યમ ઉદ્યોગો પરનવો બોજ ન લાદીને રાહતરૂપ બજેટ આપ્યું છે. આ સાથે ઉદ્યોગના કાચા માલસામાન, સ્ક્રેપ ની ડ્યૂટી નાબુદી, સેન્ટ્રલ સર્વિસ ટેક્ષમાં એક ટકાનો ઘટાડો, સેનવેટમાં ઘટાડો અને સર્વિસ ટેક્સમાં ટર્ન ઓવર મર્યાદમાં વધારો એ મહત્વની રાહત રૂપ જોગવાઇ છે.

આ બજેટ જ્યારે સંસદમાં રજૂ થઇ રહ્યું હતું ત્યારે વિપક્ષોમાં સન્નાટો વ્યાપેલો હતો કારણકે અસરકારક વિરોધ કરીશકાય તેવો કોઇ મુદ્દો આ બજેટમાં છે જ નહીં. તે આ બજેટની વિશીષ્ટતા ગણાવી શકાય.

ટૂંકમાં ગરીબલક્ષી, માનવતાવાદી અભિગમ તથા ગ્રામિણ અને શહેરી વિસ્તારોને સમતોલ નાણા ફાળવણીથી સમાનપણે લાભકારક બની રહે તેવો અભિગમ આ બજેટમાં દેખાય છે. જો કે નાણાપ્રધાને નાની-મોટી લ્હાણી કરીને ઉદારતા બતાવી છે. અને બજેટને સર્વપ્રિય બનાવવામાં કોઇ કચાશ રાખી નથી. બજેટની સંખ્યબંધ જોગવાઇઓ આવકારદાયક છે. બધાને એક સાથે એક સમયે અને એક સરખા રાજી રાખવા શક્ય નથી. સતત જેવું ગાણું ગવાય છે તે 'ચૂંટણી લક્ષી' બજેટને ફરી યાદ કરીએ તો છેલ્લા પચ્ચીસ-ત્રીસ વરસ ના રેકર્ડ પર નજર નાખતા ખયાલ આવશે કે હળવા કે લોકપ્રિય બજેટથી ચૂંટણી જીતી શકાય છે એ નકરો ભ્રમ છે. ચૂંટણી આડે હજી ઘણો સમય છે ત્યારે કોઇની અટકળ કામ લાગે નહિ. જોકે ચિદમ્બરમે સાથી પક્ષોને રાઝવવાનો પ્રયાસ સંનીષ્ઠ રીતે કર્યો કર્યો છે.પરંતુ આખરે તો આમ આદમી નિર્ણાયક સાબિત થયો હોય છે. ચિદમ્બરમ નું આ સામાન્ય બજેટ જો મતદારોને રીઝવી શકે તો તે આ મિલેનીયમનો સૌથી મોટો ચમત્કાર ગણાશે.

● ● ●

---

*(અનુસંધાન પાનાનં ૭ થી શરૂ)*

---

રૂા. ૮૦૦ કરોડ ફાળવ્યા છે, જ્યારે રાષ્ટ્રીય રાજમાર્ગ વિકાસ કર્યક્રમ માટેના ખર્ચમાં રૂા. ૧૦,૮૬૭ કરોડથી રૂા. ૧૨,૯૬૬ કરોડનો વધારો કર્યો છે.

કાપડ મંત્રાલય સંચાલિત ટેકનોલોજી અપગ્રેડેશન ફંડ માટેના ખર્ચની રકમ ચાલુ વર્ષ માટે રૂા. ૯૧૧ કરોડથી વધારીને રૂા. ૧૦૯૦ કરોડ કરી છે.

હાથસાળ ક્ષેત્રના વિકાસના જૂથ અભિગમ માટે રૂા. ૩૪૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. પાયાની સુવિધાઓ અને ઉત્પાદન, બંનેમાં વૃદ્ધિ કરવાના આશયથી નાણામંત્રીએ છ કેન્દ્રોને મેગા ક્લસ્ટર તરીકે વિક્સાવવાની દરખાસ્ત કરીછે. એમાં હાથસાળ માટે વારાણસી અને શિબસાગર, પાવરલૂમ માટે ભીવંડી અને ઈરોડ તથા હસ્તકલા માટે નરસાપુર અને મોરાદાબાદનો સમાવેશ થાય છે. આ માટે પ્રારંભિક તબક્કામાં રૂા. ૧૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. રૂપિયાનું મૂલ્ય વધવાના કારણે નિકાસ ક્ષેત્રે આવેલા થોડા દબાણને પિછાણીને નાણામંત્રીએ જણાવ્યું કે કેન્દ્ર સરકારે નિકાસકારોને ત્રણ તબક્કામાં રૂા. ૮૦૦૦ કરોડ અને રૂા. ૮૩૫૧ કરોડની રાહત માર્કેટ સ્ટેબીલાઈઝેશન બોન્ડના સ્વરૂપે આપી છે. તેમણે કહ્યું કે સરકાર નિકાસ ક્ષેત્રની જરૂરિયાતો પ્રત્યે સંવેદનશીલ છે અને પરિસ્થિતિની માગ મુજબ સહાનુભૂતિપૂર્વકનું વલણ ચાલુ રાખશે.

મૂડી બજાર ક્ષેત્રે, કોર્પોરેટ બોન્ડ માટે બજારના વિસ્તરણ માટેનાં કેટલાંક પગલાં ભરવાની તેમણે જાહેરાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે થ્રેશ હોલ્ડ યોગ્ય રાહત મર્યાદાની શરતે, નાણાંકીય બજારમાં તમામ પ્રકારની લેવડ દેવડ માટે પાન કાર્ડની જરૂરીયાત વિસ્તારવામાં આવશે.

નાણાંમંત્રીએ કોમનવેલ્થ ગેમ્સ માટે રૂા. ૬૨૪ કરોડ, ભારતીય સંગીત, સાહિત્ય, નૃત્ય, કલા અને ફિલ્મને ઉત્તેજન આપવા આઈસીસીઆરને રૂા. ૭૫ કરોડ તેમજ નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરીટીને વાઘના રક્ષણ માટે ખાસ સંરક્ષણ દળ ઉભું કરવા માટે ફાળવ્યા છે.

*(સૌજન્યઃ પી.આઈ.બી. અમદાવાદ)*

# કેન્દ્રનું બજેટ ૨૦૦૮-૨૦૦૯

પ્રો.ડો. એચ. એ. હસન



**૨૯** ફેબ્રુઆરી ૨૦૦૮ના રોજ નાણાંપ્રધાન શ્રી પલાની અપ્પન ચિદંબરમે સામાન્ય અંદાજપત્ર લોકસભામાં રજુ કર્યુ હતું. જેમાં કૃષિ, ગ્રામીણ, પગારદાર કર્મચારી વર્ગ, શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે વિશેષ ધ્યાન આપેલ છે. બજેટમાં આવક-જાવકનો મેળ નીચે મુજબ અંદાજેલ છે.

**૨૦૦૮-૦૯ માટે વાર્ષિક યોજનાકિય ખર્ચ રૂા. ૩.૭૬ લાખ કરોડ પૈકી**

યોજનાકીય ખર્ચ ૨,૪૩,૦૦૦ કરોડ
બિન યોજનાકીય ખર્ચ ૫,૭૪,૦૦૦ કરોડ
૯૫,૯૧૯ સામાજીક ક્ષેત્રે
૯૩,૮૧૫ ઉર્જા ક્ષેત્રે

**ક્ષેત્રવાર ખર્ચ**

૮૪૧૭૭ - ટ્રાન્સપોર્ટ ક્ષેત્રે
૨૩૮૩૧ - ગ્રામ્ય વિકાસ ક્ષેત્રે
૨૮૮૩૬ - ઉદ્યોગ અને ધાતુ ક્ષેત્રે

**અંદાજપત્રની મહત્વની જોગવાઈઓ**

- નાણાંકિય ખાધ ૩.૧% મહેસૂલી ખાધ ૧.૪% સ્થિર.
- જીડીપી ગુણોત્તરના પ્રમાણમાં ૧૨.૫%
- શિક્ષણ અને આરોગ્ય લક્ષી બાબતોમાં ૨૦% વધારો રૂા.૩૮,૭૦૨ ની જોગવાઈ
- સંરક્ષણ બજેટ ૧ લાખ કરોડ પાર
- સેન્ટ્રલ વેટ ૧૬% થી ઘટાડી ૧૪%
- મહિલા કલ્યાણ માટે ૧૧૪૬૦

**આવક**

| અ.નં | વિગત | ૨૦૦૭ | ૨૦૦૮ |
|---|---|---|---|
| ૧ | મૂડી આવક | ૦૧ | ૦૨ |
| ૨ | સર્વિસ અન્ય ટ્રેડ | ૦૭ | ૦૭ |
| ૩ | કસ્ટમ ડ્યુટી | ૧૨ | ૧૩ |
| ૪ | બિનકર આવક | ૧૦ | ૧૦ |
| ૫ | આવકવેરો | ૧૩ | ૧૫ |
| ૬ | એક્સાઇઝ | ૧૭ | ૧૫ |
| ૭ | અન્ય જવાબદારી-દેવું | ૧૯ | ૧૪ |
| ૮ | કોર્પોરેશન ટેક્ષ | ૨૧ | ૨૪ |
| | | ૧૦૦ | ૧૦૦ |

**જાવક**

| અ.નં | વિગત | ૨૦૦૭ | ૨૦૦૮ |
|---|---|---|---|
| ૧ | રાજ્યોની યોજનાકીય સહાય | ૦૭ | ૦૭ |
| ૨ | સબસીડી | ૦૭ | ૦૮ |
| ૩ | બિન યોજાનાકીય ખર્ચ | ૧૧ | ૧૦ |
| ૪ | સંરક્ષણ | ૧૨ | ૧૧ |
| ૫ | રાજ્યોના કરના હિસ્સા | ૧૮ | ૧૯ |
| ૬ | વ્યાજ | ૨૦ | ૨૧ |
| ૭ | કેન્દ્રીય યોજના | ૨૦ | ૧૯ |
| ૮ | રાજ્યોને બિન યોજનાકિય સહાય | ૦૫ | ૦૫ |
| | | ૧૦૦ | ૧૦૦ |

(લેખક નવજીવન આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, દાહોદમાં વાણિજ્ય વિભાગના અધ્યક્ષ છે.)

કરોડની બાળ કલ્યાણ માટે ૩૩૪૩૪.

- ગરીબ નાગરિકો માટે ૧૦૨૦૦ કરોડનું ભંડોળ.
- વાઘ સંરક્ષણ માટે ૫૦ કરોડ
- ૪ કરોડ ખેડૂતોના રૂા.૬૦૦૦૦ કરોડ ઋણ માફ.



- કોમનવેલ્થ ગેમ્સ માટે ૬૨૪ કરોડ
- પગારદાર કર્મચારીઓને ૧.૫ ની કરમુક્તિ-કોર્પોરેટ આવકવેરો યથાવત
- ૭૫૦ કરોડની મેરીટ સ્કોલરશીપ
- તમામ નાણાંકીય વ્યવહારો માટે **PAN** ફરજીયાત.
- સીધો ડીવીડન્ડ વેરો ૧૫% યથાવત
- કેશ ટ્રાન્ઝેકશન ટેક્ષ ૧લી એપ્રિલથી નાબુદ.
- શોર્ટ ટર્મ કેપીટલ ગેન ૧૦% થી વધારી ૧૫ %.

**કેન્દ્રનું અંદાજપત્ર અને શિક્ષણ ક્ષેત્રની જોગવાઈઓ**

૨૦૦૭-૦૮ ના અંદાજપત્રમાં શિક્ષણ માટે ૩૮૭૦૨ કરોડની ફાળવણી કરવામા આવી છે. જે ગત વર્ષની સરખામણીમાં ૯૦૦૦ કરોડ વધુ છે. જેમાં શાળાકીય શિક્ષણ પાછળની ફાળવણીમાં ૨૦% નો વધારાની દરખાસ્ત છે.પ્રાથમીક શિક્ષણ પાછળ રૂા. ૧૯૭૭૭.૫૦ કરોડની ફાળવણી કરેલ છે. જેમાંથી સરકારના મુખ્યકાર્યક્રમ સર્વ શિક્ષા અભિયાન ને સર્વસામાન્ય બનાવવા રૂા. ૧૩૧૦૦ તથા મધ્યાહન ભોજન માટે રૂા. ૮૦૦૦ કરવામાં આવેલ છે. માધ્યમીક શિક્ષણ પાછળ રૂા. ૫૧૩૯.૭૦ તથા ઉચ્ચ શિક્ષણ પાછળ ૧૦૮૫૨.૮૭ કરોડની ફાળવણી કરેલ છે. તેમાંથી ૮૭૫ કરોડ યુ.જી.સીના ફાળે જશે.

- ૧૬ નવી સેન્ટ્રલ યનિ. સ્થપાશે. ૨૦૦૯ સુધી ૬૦૦૦ હાઈક્વોલીટી સ્કુલ બનાવાશે.
- પ્રાથમીક શિક્ષણના પાયાની આંગણવાડી કાર્યકર બહેનોનું મહનતાણું વધાર્યું.
- ભારતભરમાં પસંદ કરાયેલ ૩૦૦ આઈટીઆઇને આધુનિક બનાવવા રૂા. ૭૫૦ કરોડ ખર્ચવાની દરખાસ્ત છે.
- મદ્રસાના શિક્ષણના આધુનીકરણ માટે રૂા.૮૦ કરોડનો પ્રસ્તાવ છે.
- પછાત જિલ્લાઓમાં વધુ ૪૧૦ કસ્તુરબા ગાંધી વિદ્યાલયો સ્થપાશે.
- ૨૨ સૈનિક સ્કૂલોને રૂા.૪૪ કરોડની ફાળવણી

સર્વશિક્ષણ અભિયાન માટે રૂા.૧૩૧૦૦ કરોડની ફાળવણી કરેલ છે. કેન્દ્ર સરકારે ૨૦૦૬-૦૭ ના વર્ષમાં સીધા કરવેરામાં ૨% એજ્યુકેશન સેસની જોગવાઇ કરી સમગ્ર સકમ શિક્ષણ પાછળ ખર્ચવાના ઉદ્દેશ હતો. જેમાં એજ્યુકેશન સેસની રકમ સારા એવા પ્રમાણમાં એકત્ર થઇ અને તે મુજબ શિક્ષણની ગુણવત્તા સુદારવા તરફ ભાર આપેલ છે. ચાલુ વર્ષે આવકવેરાના દરોમાં ધરખમ ફેરફારો કરી કર્મચારીઓને કરના ભારણમાંથી રાહત આપવાનો નાણામંત્રીનો સરાહનીય પ્રયાસ છે.જેમાં સામાન્ય કરદાતાને ૧,૫૦,૦૦૦ સુધીની મહિલા કર્મચારીને ૧,૮૦,૦૦૦ સુધી તથા વરિષ્ઠ કરદાતાને ૨,૨૫,૦૦૦ સુધી પ્રાથમીક કરમુક્તિ આપેલછે. તથા ચાર વર્ષ જુના સ્લેબમાં પણ ફેરફાર કરી કર્મચારીઓની લાગણી સંતોષી છે.જેમાં ૧.૫ થી ૩.૦૦ લાખ સુધી ૧૦%, ૩.૦૦ થી ૫.૦૦ સુધી ૨૦% અને ૫.૦૦ લાખના ઉપર ૩૦% નક્કી કરેલ છે. રૂા. ૧૦ લાખથી વધુ રકમ પર ૧૦% સરચાર્જ યથાવત રહ્યો છે.જ્યારે એઝ્યુકેશન સેસ ૩% યથાવત રાખેલ છે.

## ગ્રાહકોને સૂચના

- **બહારગામના ચેક સ્વીકારવામાં આવતા નથી. પેએબલ અમદાવાદના ચેક સ્વીકારાય છે.**
- **લવાજમની રકમ** "S.B.I. A/c. No. 515-08-10, Yojana (Guj.)" **ના નામે મોકલવું.**
- **લવાજમ ચેક / મનીઓર્ડર / બેંક ડ્રાફ્ટથી પણ મોકલી શકાશે.**
- **પુસ્તકની કિંમત અને મોકલવાનો ખર્ચ અલગથી ચૂકવવાનો રહેશે.**

# બજેટ ૨૦૦૮-૦૯ : લેખા જોખાં

રમેશકુમાર બી. સોઢા

*આવક વેરા મુક્તિ મર્યાદા માટે કર્મચારી વર્ગ હંમેશા દરેક બજેટમાં રાહ જોઈ રહેતા પણ આશા ફળીભૂત થતી નહોતી. જે બજેટ ૨૦૦૮-૦૯ માં મુક્તિ મર્યાદા રૂા.૧.૧૦ લાખથી વધારીને તે રૂા. ૧.૫૦ લાખ કરવામાં આવી. જે આમ આદમી માટે લાભદાયી ગણાવી શકાય. મહિલા વર્ગને માટે મર્યાદા રૂા. ૧.૮૦ લાખ કરવામાં આવેલ છે. ઉપરાંત વરિષ્ઠ નાગરિક માટે રૂા.૨.૨૫ લાખની મર્યાદાને લીધે આ વર્ગ પણ ખૂશ છે. આ મુક્તિ મર્યાદાને કારણે સામાન્ય રીતે વિવિધ વર્ગને કેટેગરી મુજબ લાભ થવા જાય છે. ૧૦%, ૨૦%, અને ૩૦ % મુજબ જાઈએ તો. રૂા. ૫ લાખથી વધુ આવક માટે ૩૦% આવકવેરો તે મુજબ રૂા. ૪૦૦૦ થી શરૂ કરી રૂા. ૯૦૦૦, રૂા. ૩૪૦૦૦ અને રૂા. ૪૪,૦૦૦ સુધીની રાહત મળવા પાત્ર થાય છે. સ્વભાવિક છે આ વર્ગ ખુશ હોઈ શકે.*

બજેટ શબ્દ આજકાલ દરેક વર્ગના જીવનમા વિંટળાયેલ જોવા મળે છે. તે એટલે સુધી કે આમ આદમી અને તેમાં પણ શિક્ષીત હોય કે અશિક્ષીત દરેકની જબાન પર બજેટ ૨૦૦૮-૦૯ માં શું હશે ? આમ જોઇએ તો મોટે ભાગે બજેટ અસર કરે છે. ઘણાં લોકોને કહેતા સાંભળીએ છીએ. કાર-મોટર મોંઘી-સસ્તી થશે ! મનોરંજક સાધનો વસ્તુઓ પર કર વધશે-ઘટશે ! જે ઘણીવાર સામાન્ય વર્ગને માટે માત્ર અભિપ્રાય જ હોય છે. જેની તેના પોતાના બજેટ પર કદાચ અસર ન પણ થાય. સામાન્ય કે પછી આમ આદમી માટે વિચારવાનું હોય છે ઠીક છે સૌ કોઇને પણ પોતાના વિચારો રજુ કરવાની છુટ છે.

બજેટ એ માત્ર સમગ્ર દેશને કેન્દ્રમાં રાખી અંદાજવામાં આવે છે. તે રીતે સામાન્ય માનવી પણ પોતાના કુટુંબ માટે બજેટ બનાવતો હોય છે. તેમાં પણ ખર્ચને પહોંચી વળવા માટે બાંધ છોડ કરવામાં આવે છે. ત્યારે સમગ્ર દેશમાટે બજેટ હોય ત્યારે લોકોની આતુરતા હોય તે સ્વાભાવિક છે. બજેટ ૨૦૦૮-૦૯ માટે સુસજ્જ થઇ બરાબર ૧૧ના ટકોરે કેન્દ્રીય નાણાંમંત્રી શ્રી પી. ચીદમ્બરમ દ્વારા 'ખુલ જા સીમ સીમ' બેગનું આવરણ હટાવી જનતાની આતુરતાનો અંત લાવે છે. ત્યારે પરંપરા મુજબ શરૂ થાય છે. ટીકા ટીપ્પણી કે પછી પ્રત્યાઘાતો - નિષ્ણાતો - આમ આદમી - જનતા - સામાન્ય - ગરીબ- ધનીક -શિક્ષીત - અશિક્ષીત વિગેરે બજેટ અંગે પોતાના અભિપ્રાયો નો મારો ચલાવવા માંડે છે. બજેટ કેવું સારું - નરસું કે પછી સામાન્ય ?

ભારતની ૭૦થી ૭૨% વસતી ગ્રામ્ય ક્ષેત્રે ખેતીના વ્યવસાયમાં જોડાયેલ છે. ખેતીક્ષેત્રે અનેક કારણોસર મોટે ભાગે પછાતતા જોવા મળે છે. તેથી પંચવર્ષિય યોજનામાં પણ ખેતીને પ્રાધાન્ય આપવામાં આવે છે. બજેટ ૨૦૦૮-૦૯ માં ખેતી ક્ષેત્રે સામેલ ખેડૂતોને કર્જ માફી યોજના દ્વારા ૪ કરોડ ખેડૂતોને રૂા.૬૦,૦૦૦ કરોડનો ફાયદો રાહત સૂચવે છે આપણે ખેતી ક્ષેત્રે વિકાસ સાધવા પ્રયત્નશીલ છીએ પણ તેમાં ધારી સફળતા - લક્ષ્યાંક સિધ્ધ કરવામાં મુશ્કેલી હોય તેમ જોવામાં આવે છે. ખેતી ક્ષેત્ર માટે સિંચાઇ અંગે નાની સિંચાઇ યોજના માટે રૂા.૫૦૦ કરોડ ફાળવવામાં આવેલ છે. સહકારી ધિરાણ - નાબાર્ડ માટે રૂા. ૫૦૦૦ કરોડનું ફંડ આયોજન કરેલ છે. દરેક બેંકમાં ૨૫૦ ગ્રામીણ ખાતા જેવી યોજના આવકાર્ય ગણાવી શકાય. વીજળી ઉત્પાદક માટે રૂા. ૨૫૦૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

મોટેભાગે હંમેશા શિક્ષણ માટે પણ ખાસ આયોજન બજેટમાં કરવામાં આવે છે. બજેટ-૨૦૦૮-૦૯ માં પણ શિક્ષણ બાકાત નથી. શિક્ષણ વિકાસ માટે થઇ રૂા. ૩૪,૦૦૦ કરોડ ફાળવવામાં આવેલછે. સાથો સાથ મધ્યાહન ભોજન યોજના માટે રૂા.ની ફાળવણી કરીને ૧૧ કરોડ બાળકોને આવરી લેવામાં આવશે.



બેરોજગારી ના વધતાં જતાં પ્રમાણને ધ્યાનમાં રાખી ગંભીરતાથી વિચારી દરેક જીલ્લામાં રોજગાર ગેરંટી યોજનાનો અમલ કરવામાં આવશે જે બેરોજગારીના ઉકેલ માટે આવકારદાયી ગણાવી શકાય

વધતાં જતાં ભાવધારા માટે સરકાર ચિંતિત જણાય છે. જે આર્થિક વિકાસ માટે એક યા બીજી રીતે સારી માઠી અસરો નિપજાવી શકે છે.જો કે ઘણીવાર એવું પણ બને કે ભાવવધારો ફુગાવો આર્થિક વિકાસ માટે પોષક બની શકે છે. આવી માહોલમાં આમ-આદમીનો વિચાર કરીને ખ્યાલમાં રાખી લોકો-પ્રજાને ખુશ કરવા પ્રયત્ન ૨૦૦૮-૦૯ બજેટમાં કરવામાં આવ્યો છે. અને તેનાથી મોટા ભાગના લોકો જરૂર ખુશ થયા છે.

ખાસ કરીને આવક વેરા મુક્તિ મર્યાદા માટે કર્મચારી વર્ગ હંમેશા દરેક બજેટમાં રાહ જોઇ રહેતા પણ આશા ફળીભૂત થતી નહોતી. જે બજેટ ૨૦૦૮-૦૯ માં મુક્તિ મર્યાદા રૂા.૧.૧૦ લાખથી વધારીને તે રૂા. ૧.૫૦ લાખ કરવામાં આવી. જે આનંદ દાયક આમ આદમી માટે લાભદાયી ગણાવી શકાય. મહિલા વર્ગને માટે મર્યાદા રૂા. ૧.૮૦ લાખ કરવામાં આવેલ છે. ઉપરાતં વરિષ્ઠ નાગરિક માટે રૂા.૨.૨૫ લાખની મર્યાદાને લીધે આ વર્ગ પણ ખૂશ છે. આ મુક્તી મર્યાદાને કારણે સામાન્ય રીતે વિવિધ વર્ગને કેટેગરી મુજબ લાભ થવા જાય છે. ૧૦%, ૨૦%, અને ૩૦ % મુજબ જાઇએ તો. રૂા. ૫ લાખથી વધુ આવક માટે ૩૦% આવકવેરો તે મુજબ રૂા. ૪૦૦૦ થી શરૂ કરી રૂા. ૯૦૦૦, રૂા. ૩૪૦૦૦ અને રૂા. ૪૪,૦૦૦ સુધીની રાહત મળવા પાત્ર થાય છે. સ્વભાવિક છે આ વર્ગ ખુશ હોઇ શકે.

આપણા દેશમાં વસ્તીનું પ્રમાણ ૧૦૫ કરોડની આસપાસ રહેવા પામેલ છે, જે બેકારી ગરીબી સાથે નિકટનો સંબંધ ધરાવે છે. ત્યારે બજેટ - ૨૦૦૮-૦૯માં તમામ વર્ગને શક્ય તેટલો ન્યાય આપવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે. આમ આદમીના પ્રતિભાવો માં મોટાભાગના બજેટથી ખૂબજ ખુશ જણાય છે. ફરીથી ૨૦૦૮-૦૯ બજેટમાં નાણાંમંત્રીશ્રી દ્વારા ભાવવધારા ફુગાવાની સ્થિતિમાં હુંફાળુ બજેટ આપેલ છે. જેમાં ખેતી, શિક્ષણ, બેરોજગારી, કર્મચારી ગણ, આમ આદમી બાબતે બજેટ ૨૦૦૮-૦૯ માં વિચારી લોકચાહના મેળવી છે. ત્યારે બજેટ લાભકારક ખરૂ !

● ● ●

*(અનુસંધાન પાનાનં ૪૨ થી શરૂ )*

કરવામાં આવશે. આ ડિવાઇન દાખલ કરવાનો પાઈલોટ પ્રોજેક્ટ હાલમાં નોર્થ ઈસ્ટ ફ્રન્ટીયર રેલવેમાં અમલમાં છે અને એનાં પરિણામ પ્રોત્સાહક હોવાથી આ પાયલોટ પ્રોજેક્ટને વિસ્તારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વધુમાં માનવ નિષ્ફળતાનું પ્રમાણ ઘટાડવા એક બહુપાંખીય યોજના ઘડવામાં આવી છે જેના ભાગ રૂપે ઓટોમેટિક સેફ્ટી ડિવાઇસનું પ્રમાણ વધારવાનું વિચારવામાં આવ્યું છે.

## કેરળમાં ઉભી થનારી કોચ બાંધવાની ફેક્ટરી

મેટ્રો ટ્રેનોના ડબાની માંગમાં એકધારા વધારાને ધ્યાનમાં રાખી સરકારે કેરળમાં મેટ્રો કોચ તૈયાર કરવા એક ફેક્ટરી ઉભી કરવાનો નિર્ણય કર્યો છે. રેલવે અંદાજ પત્ર રજૂ કરતાં રેલવે મંત્રી શ્રી લાલુપ્રસાદે આ જાહેરાત કરી હતી. એમણે કહ્યું હતું કે કેરળ સરકારે સૂચિત ફેક્ટરી માટે ૧૦૦૦ એકર જમીન ફાળવી છે. એમણે જણાવ્યું હતું કે ભારતની આજુબાજુના તેમજ આફ્રિકાના દસેક દેશોએ રેલવે કોચ માટેના ઓર્ડર આપ્યા છે. જૂના વેગનો નવેસરથી બાંધવા છાપરા જિલ્લાના ગારખા ખાતે રૂા.૪૦ કરોડના ખર્ચે એક એકમ ઉભું કરવામાં આવશે. આ ઉપરાંત પેરામ્બુર, લીલુઆહ, અજમેર તથા જમાલપુર વર્કશોપનું કુલ લગભગ રૂા.૩૦૦ કરોડના ખર્ચે આધુનિકરણ કરવામાં આવશે.

રેલવે મંત્રીએ રેલવેની નાણાંકીય પરિસ્થિતિ સુધારવામાં ૧૪ લાખ રેલવે કર્મચારીઓના ફાળાને બિરદાવતા રેલવે કર્મચારી કલ્યાણ ફંડ માટેના ફાળામાં ૨૦૦૮-૦૯ના વર્ષ માટે દસ ગણો વધારો કરવાની (કર્મચારી દીઠ રૂા.૩૫ થી વધારી રૂા. ૩૫૦૦૦/-) જાહેરાત કરી હતી. એમણે કહ્યું હતું કે રેલવે કર્મચારીઓ માટેની આરોગ્ય સેવાઓ સુધારવા ૧૩ નવાં કામો હાથ ધરવામાં આવશે. આ દરમ્યાન દિલ્હી, જયપુર, હુબલી અને રાંચી ખાતે રેલવે કર્મચારીઓ માટેની હોસ્પિટલો વગેરેમાં સગવડો વધારવામાં આવશે.

*(સૌજન્ય:પી.આઇ.બી. અમદાવાદ)*

# આર્થિક સર્વેક્ષણ ૨૦૦૭-૦૮ની ઝલક

- અર્થતંત્ર મક્કમતાથી ઉચ્ચ વૃધ્ધિમના તબક્કામાં
- ૨૦૦૭-૦૮માં આર્થિક વૃધ્ધિ દર ૮.૭ ટકા રહેવાનો અંદાજ
- સમગ્ર રીતે જોતાં ફુગાવાનો દર ૨૦૦૬-૦૭માં ૫.૬ ટકા હતો, તે ઘટીને ૨૦૦૭-૦૮માં ૪.૧ ટકાની સપાટીએ.
- ઘરેલું રોકાણ અને બચત દરમાં ગતિશીલતા.
- સરકારી મહેસૂલમાં વૃધ્ધિ.
- મૂડીરોકાણમાં સંપૂર્ણ આશાવાદ.
- ઉદ્યોગોમાં ગ્રાહક આઈટમમોમાં મંદ વિકાસ અને માળખાંગત અવરોધ બાબતે ચિંતા.
- બજારલક્ષી હૂંડીયામણના દરે જોતાં ભારતીય અર્થતંત્ર, ચાલુ નાણાંકીય વર્ષમાં એક સરખો ડોલરનો આંક વટાવશે.
- સેવા ક્ષેત્રમાં વૃધ્ધિ જારી રહેશે.
- ૨૦૦૬-૦૭માં નાણાંકીય સેવાઓમાં ૧૩.૯ ટકાનો વૃધ્ધિદર.
- નાણાંના પૂરવઠાનો વાર્ષિક સરેરાશ વૃધ્ધિદરનું વલણ ૨૦૦૩-૦૪ થી જોતાં ૨૦૦૬-૦૭માં ૧૯.૫ ટકાએ પહોંચીયું.
- ૩૦ નવેમ્બર, ૨૦૦૭ સુધીમાં ૭૦૭.૫૫ લાખ કિસાન ક્રેડિટ કાર્ડ ઈસ્યુ કરાયા.
- ચોખ્ખા સીધા વિદેશી મૂડીરોકાણમાં ૨૦૦૬-૦૭માં ૧૫૦ ટકાનો વધારો, આ મૂડીરોકાણ ૨૩ અબજ ડોલરે પહોંચ્યું. ચાલુ વર્ષમાં આ વલણ ચાલુ રહેલા પ્રથમ છ મહિનામાં એફ.ડી.આઈ ૧૧.૨ અબજ ડોલર થયું.
- રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ ૩૦ જાન્યુઆરી, ૨૦૦૮ સુધીમાં ૧૦૫૦૧.૦૨ કરોડની રકમ આપવામાં આવી.
- ખાનગી ક્ષેત્રને સર્વગ્રાહી પરંતુ સરળ, સ્પષ્ટ તથા ધિરાણક્ષમ નીતિ અને નિયમનની જરૂર.
- ગ્રામ વિકાસ સહિત સામાજિક સેવામાં કરાતા કુલ ખર્ચમાં સરકારનો ખર્ચનો હિસ્સો (યોજનાકીય તથા બિન યોજનાકીય) ૨૦૦૧-૦૨માં ૧૦.૯૭ ટકા હતો તે વધીને ૨૦૦૭-૦૮ માં ૧૬.૪૨ ટકા થયો.
- ઈન્દિરા આવાસ યોજના હેઠળ નવેમ્બર, ૨૦૦૭ સુધીમાં ૯.૩૯ લાખ આવોસોનું નિર્માણ.
- પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અન્વયે ડિસેમ્બર, ૨૦૦૭ સુધીમાં કુલ લગભગ ૧૪૨૫૦ કિ.મી.ની લંબાઈના માર્ગોનું નિર્માણ કરાયું.
- વિદ્યુત, માર્ગ અને બંદર ક્ષેત્રે માળકાંકીય સુવિધા વધારવા / અપગ્રેડ કરવાની તાતી જરૂર.
- જીડીપી રેશિયાની દ્રષ્ટિએ જોતાં વેપારનું પ્રમાણ ૨૦૦૦-૦૧ માં ૨૨.૫ ટકા હતું તે ૨૦૦૬-૦૭માં વધીને જીડીપીના ૩૪.૮ ટકા હતું.
- વરસાદ આધારીત કૃષિ ક્ષેત્રનો વિકાસ અસમતોલ રહ્યો. ૨૦૦૭-૦૮માં સમગ્ર ખાધાન્ન ઉત્પાદન તેના લક્ષ્યાંક કરતાં ૨૨ લાખ ટન ઓછુ થવાની ધારણા છે. બીજી હરીયાળી ક્રાંતિ લાવવાની જરૂર.

*(સૌજન્ય:પી.આઈ.બી. અમદાવાદ)*

# અંદાજપત્ર : ૨૦૦૮-૦૯ - પ્રતિભાવ

મુલાકાત : મનિષા પુરોહીત

***સચીનની ધમાકેદાર સદી અને હરભજનની બોલીંગે પોન્ટીંગ એન્ડ કંપનીના છોતરા કાઢી નાખ્યા, અને ટીમ ઈન્ડિયાએ કાંગારુઓને ધૂળ ચાટતા કરી દીધા. તેમ ભારતે ઓસ્ટ્રેલિયાને હરાવી દીધુંને નાણામંત્રી પી.ચીદમ્બરમના ૨૦૦૮-૦૯ ના બજેટે સૌને આશ્ચર્યમાં નાખી તેઓ તેના ચેમ્પીયન બની ગયા. સતત પાંચમુ બજેટ રજૂ કરનારા ચિદમ્બરમે વિરોધપક્ષ અને સાથી પક્ષો સૌની બોલતી બંધ કરી દીધી. ખાસ કરીને નાના અને સિમાંત ખેડૂતોની ૬૦,૦૦૦ કરોડની લોનો માફ કરી તેમની આંખોમાં હરિયાળા સ્વપ્ન વાવી દઈ ખુશીની લહેર તેમના ચહેરા ઉપર લાવી દીધી.***

***આ અંદાજપત્રે ખેડૂતો, નોકરીયાત (પગારદાર વર્ગ) મહિલાઓ અને લઘુમતિઓને ખુશ કરી દીધાં છે પરંતુ બજેટને કારણે કોને કેટલો લાભ થશે અને કઈ ચીજોના ભાવ વધશે કે ઘટશે તેતો ટૂંક સમયમાં ખબર પડશે. હાલમાં તો આર્થિક દ્રષ્ટિએ અને સામાજિક દ્રષ્ટિએ સૌને ખુશ કરતાં આ બજેટ વિશે વિવિધ વર્ગે પોતાના પ્રતિભાવ આપતા જણાવ્યુ હતુ કે સૌને ફાયદો કરનારું અને સંતુલિત બજેટ છે. જે આવનારા દિવસોમાં ભારતને મહાસત્તા બનતા કોઈ રોકી નહી શકે અને મહિલાઓને મળેલી આવકપરની છૂટને કારણે તેઓ બચતનો લાભ મેળવી શકશે.***



'આનાથી સામાન્ય રોકાણકારોની' સંખ્યામાં વૃધ્ધિ થતાં બજારમાં રૂપિયો ફરતો થશે. પરિણામે ઉત્પાદન ક્ષેત્રે ક્રાંતિ આવતાં જરૂરી ચીજવસ્તુઓના ભાવો ફુગાવો નિયંત્રણ કરવામાં મદદ કરશે. શેરબજાર અંગે વાત કરતા જણાવ્યું કે, ડોલર સામે રૂપિયો વધારે રણકતો થતાં શેરબજારમાં પણ નાણાપ્રવાહને વેગ મળશે. આમ આદમીનું બજેટ કહી શકાય તેવી વિશેષ જોગવાઇ છે. ખેડૂતો માટે ૬૦,૦૦૦ કરોડની દેવા માફીને કારણે ખેડૂતોનું આર્થિક તેમજ સામાજિક ધોરણ ઊંચુ આવશે. કોર્પોરેટ સેક્ટર તથા લઘુ ઉદ્યોગ ક્ષેત્રે વિશેષ લાભ આપ્યો નથી, એવીજ રીતે બહેનો માટે કોઇ આર્થિક જોગવાઇ કે ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે લાભ આપ્યો નથી. ટૂંકમાં આ બજેટમાં નવા કર વિસ્તારોને સામેલ કરી ટેક્ષસ્ટ્રક્ચરને મજબૂત બનાવી શિક્ષણ તથા આરોગ્ય ક્ષેત્રે વધુ નાણાંની જોગવાઇ કરી હોવાથી ભારત આવનારા દિવસોમાં આર્થિક મહાસત્તા બનશે તેવું માનવું છે.'

**શ્રીમતી પારૂ જયકૃષ્ણ**

**પ્રમુખ,ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ**

(લેખિકા મુક્ત પત્રકાર છે.)

સાંપ્રત બજેટમાં સ્વરોજગાર કરનારી મહિલાઓને પ્રોત્સાહન આપવા માટે સરકારે સારો પ્રયત્ન કર્યો છે. જેમાં તેમની આવક વધે અને નાના ગૃહ ઉત્પાદન કરનારાને તે કેવી રીતે મદદરૂપ થઇ શકે તે માટે જે પગલાં ભરવામાં આવ્યા છે તે આવકાર દાયક છે.

**લીના બાદશાહ**
**અધ્યાપક - સમાજશાસ્ત્ર**

આ વખતે એકંદરે બેસ્ટ (સારું) બજેટ આપનારા નાણામંત્રીની ખેડૂતોના દેવામાફીની બાબત આવકારદાયક છે. પરંતુ સામાન્ય પ્રજાજનો અને સીનીયર સીટીઝનને રીટર્ન ભરવામાં જે મુશ્કેલી પડે છે તે અંગે કંઇ ફેરફાર કર્યો નથી. ઈન્કમટેક્ષના ૮ ફોર્મ ભરવા પડે છે. અને તે માટે કોઇ ટેક્ષ કન્સલ્ટન્ટ ની મદદ વગર તે ભરી શકાતું નથી. સર્વિસ ટેક્ષ ૩૬% છે તેમાં કોઇ ઘટાડો કરવામાં આવ્યો નથી. કોર્પોરેટ ટેક્ષમાં કોઇજ ફેરફાર કરવામાં આવ્યો નથી. ચૂંટણીલક્ષી આવેલી રાહતજોતાં ચૂંટણીલક્ષી બજેટ બનાવ્યુ છે તેમ કહી શકાય.

**મનન વ્યાસ, ચાર્ટડ એકાઉન્ટન્ટ**

૨૦૦૮-૦૯ના અંદાજપત્રમાં નાના અને સીમાંત ખેડૂતોનું ૬૦,૦૦૦ કરોડ દેવુ માફ કરવાની જાહેરાત તે માત્ર ખેડૂતોજ નહિ સમગ્ર દેશમાટે સારું છે.છેલ્લા કેટલાક સમયથી દેવું નહિ ચૂકવી શકવાને કારણે આત્મહત્યા કરતા ખેડૂતોને કારણે દેશમાટે તે ચિંતાનો વિષય હતો. ખેડૂતોને માથાદીઠ ૧૫,૦૦૦ રૂપિયાનું જ દેવું ઉતરશે. દેશમાં કુલ સાડા નવ કરોડ ખેડૂતો છે. તેમાંથી ચાર કરોડ જેટલા ખેડૂતોને તેનો લાભ મળશે. કેટલાક ધનવાનો તેનો વિરોધ કરી રહ્યા છે જેઓ જાણતા નથી અથવા જાણે છે તો બોલવા માંગતા નથી. દેશની સરકારો ધનવાનોને ખૂબ મોટા પ્રમાણમાં રાહત આપે છે. વિકાસમાટેની ૯૦,૦૦૦ કરોડની રાહત નિકાસ કરનાર વેપારી કે ઉત્પાદકને મળે છે. ખેતીક્ષેત્રનું રોકાણ તેમજ તેનો વૃદ્ધિ દર પણ ખૂબજ ઓછો છે.

**હેમંતકુમાર શાહ,**
**અધ્યાપક**

નાણામંત્રીએ સમાજવાદી અર્થવ્યવસ્થાની તરફેણ કરનારું બજેટ આપ્યુ છે. જે આવકારદાયક છે, અને મૂડીવાદ તરફ ગતીકરતી સરકારે સમાજવાદી બજેટ આપ્યું તે અપેક્ષિત છે. ૧૯૯૧માં નવી આર્થિકનીતિ આવી હતી ત્યારે સમન્વય વિકાસ માટે બજેટમાં શિક્ષણ તેમજ ગ્રામિણ વિકાસ તરફ લક્ષ આપવામાં આવ્યું હતું. આજે પણ શિક્ષણમાં ૨૦% , હેલ્થમાં ૧૫% જુદી રીતે જોતા ગ્રામીણ કૃષિક્ષેત્રે ૬૦,૦૦૦ કરોડ ખેડૂતોનાં દેવા પેટે માફ કર્યા જે દેખાય છે તેટલો મોટો ફાયદો નથી. ગયા વર્ષે શિક્ષણમાં ૬% નો વધારો હતો જેયારે આ વર્ષે ૬.૩% તે જોતા માત્ર .૩% નો તેવીજ રીતે હેલ્થમાં પણ એવડો મોટો ફાયદો નથી. ખેડૂતોને જે ફાયદો આપ્યો છે તે હકીકતમાં ૯૦થી ૯૨ % મોટા ખેડૂતોએ નાના ખેડૂતોને નામે લોન લીધી હોય છે. તેથી લાભ તેમને મળશે આવા ખેડૂતોને શાહુકારોની ચૂંગાલમાંથી છોડાવવાની જરૂર હતી.

લોન કપાત, પાણી, વીજળી, બિયારણ ખાતર જેવી વસ્તુ મફત કે બીજી રીતે તેમને સુવિધા આપવાની જરૂર હતી. એક્સાઈઝ ડ્યુટિ ઘટાડાનો લાભ ધનવાનોને મળશે. જેમકે હાઇબ્રિડ કારો પરની ડ્યુટિ ૨૪ % માંથી ઘટાડી ૧૪% કરવામાં આવી જે ધનવાન વાપરે છે. તેનો લાભ મધ્યમવર્ગને નહિ મળે, નાના ઉદ્યોગોને મહત્વ આપવામાં આવ્યું નથી જે ધીમે ધીમે ખતમ થતા ગયા છે.

પ્રત્યક્ષ કરવેરામાં કર્મચારીને લાભ આપવામાં આવ્યો છે તે સારીબાબત છે. જેની આવક Whight તરીકે ઓળખાય છે. દરેક ક્ષેત્રમાં ખાનગીકરણ કરવામાં આવ્યું છે. તો નાનામાં નાની વસ્તુની દરેક વ્યક્તિને કિંમત ચૂકવી હોવા છતા આવકવેરો ભરવો પડે તે ખૂબજ અજૂગતી બાબત છે. મફત કે ખૂબજ ઓછી કિંમતે સામાજિક સેવા પણ મળતી નથી આવકવેરો બ્રિટિશ કંપની આપણા દેશને ખતમ કરવા લાવી હતી જેને ધીરે ધીરે ઓછો કરી નાબૂદ કરવો જોઇએ. તો બીજી તરફ મહિલાઓ માટે ઉચ્ચ શિક્ષણ અંગે કોઇ જોગવાઇ કરવામાં આવી નથી. ઉચ્ચ શિક્ષણ માટે સ્કોલરશીપ જરૂરી છે. જે ધ્યાનમાં લેવા જેવી બાબત છે.

**ડો. પ્રદીપ પ્રજાપતી**
**ડીન, ફેકલ્ટી ઓફ આર્ટસ, ગુજરાત યુનિવર્સિટી**

કેન્દ્રિય અંદાજપત્ર આવકાર દાયક છે. પરંતુ દોઢલાખની કરમુક્તિ આપી છે તેની સાથે સાથે જો ૨૦૦૦ સ્ટાન્ડર્ડ ડિડક્સન આપવામાં આવ્યું હોત તો આવકવેરામાં વ્યક્તિ અને સરકારને પણ લાભ થાત. બીજુ કે આગામી દિવસોમાં છઠ્ઠુ પગારપંચ આવી રહ્યું છે. ત્યારે તમામ કેન્દ્રિય કર્મચારીઓનો પગાર વધારો થશે. પરિણામે આવકવેરો ભર્યાવગર છૂટકોજ નથી તેવું વર્ગ-૩ના કર્મચારી તરીકે મારું માનવું છે.

**એ. કે. ઝાલા**
**નાગરિક, અમદાવાદ**

કેન્દ્રીય નાણામંત્રીશ્રી પાલાનીઅપ્પન ચિદમ્બરે લોકસભામાં ૨૯ ફેબ્રુઆરી ૨૦૦૮ના રોજ વર્ષ ૨૦૦૮-૦૯નું સામાન્ય અંદાજપત્ર રજૂ કરતા મુસ્કાન સાથે ખેડૂતોના ૬૦,૦૦૦ કરોડ દેવા માફીની જાહેરાત કરતાં ખેડૂતો અને કોંગ્રેસ પક્ષમાં ખુશી વ્યક્ત કરતાં ફટાકડા ફોડવામાં આવ્યા પરંતુ આંધ્ર-વિદર્ભ સહિતના વિસ્તારોના ખેડૂતો દેવાના ડુંગરમાં ડુબવાને કારણે પેદા થયેલા અજંપાને ખાળવા અને તેમના આપઘાતના વધી રહેલા કિસ્સા દેશ માટે કમનશીબ બાબત કહી શકાય તેવી હતી. જગતના તાત કહેવાતા ખેડૂતોના આવા આંત્યતિક લેવાતા પગલાને કારણે નાણામંત્રી દ્વારા ૩ થી ૪ કરોડ ખેડૂતોને દેવામાંથી મુક્તિની ઘોષણા છતાં તેઓને લાભ મળશે કે દેવામુક્તિની શરતોને કારણે લાભથી વંચિત રખાશે તે એક પ્રશ્નાર્થ છે.

બીજી તરફ સ્પેશ્યલ ઈકોનોમીક ઝોન વિકસાવવા માટે ખેડૂતો પાસેથી જમીન મેળવતા નંદીગ્રામ જેવી ઘટનાઓ આકાર લેતી હોય છે. અને જગતનો તાત ખેડૂત ત્યાં નિસહાય બનીને રહી જાય છે. ત્યારે નંદીગ્રામ જેવી ઘટના દેશના અન્ય ભાગોમાં પણ થઈ શકે છે. અને ખેડૂતો તેમાં અવરોધક ન બને તે માટે તેમને રાહત આપી તેમના આક્રોશને શાંત પાડવાની સાથે પાણી પહેલા પાળ બાંધવાની કોશિષ કરી હોય તેમ લાગે છે.

ગ્રામીણ ભારતને કેન્દ્રમાં રાખીને ઈન્દિરા આવાસ યોજના હેઠળ મજૂર ગરીબો માટે નવી આવાસ યોજના સબંધમાં - સબસીડી વધારાની તેમજ હરિયાણા ચંદીગઢ માટે અનામત ફાળવણી માટે સ્મોલ કાર્ડની યોજના તેમના માટે લાભદાયી છે.

નાણામંત્રીનું આ બજેટ શિક્ષણક્ષેત્રે પછાત જિલ્લામાં કસ્તુરબા ગાંધી વિદ્યાલયો સહિત ૧૦માં, ૧૨માના તેજસ્વી વિદ્યાર્થીઓને અભ્યાસ માટે મદરેસામાં અપાતા શિક્ષણના આધુનીકરણ માટે જોગવાઈ કરી લઘુમતીને ખુશ કરવાની નીતી ચાલુ રાખી છે. અલબત્ત તે આવકારદાયક છે. પરંતુ મહિલાઓ માટે ઉચ્ચ શિક્ષણ માટે કોઈ વિશેષ સ્કોલરશીપ કે અન્ય જોગવાઈ કરી નથી.

આરોગ્ય અને કુટુંબ કલ્યાણક્ષેત્રે વધુ ફાળવણી, એઈડ્સ નિયંત્રણ રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય, પોલીયો નાબુદી જેવા અનેક પગલાં દર્શાવ્યા છે જે આવકારદાયક છે.

વ્યક્તિગત કરદાતાની મુક્તિ મર્યાદા સાથે મહિલાને આપવામાં આવેલી મુક્તી મર્યાદાને કારણે મહિલા બચત કરી શકશે.

ટુવ્હીલર કે નાની ગાડીના ભાવ ઘટવા છતાં પેટ્રોલના ભાવ વધવાને કારણે કેટલા લોકો ખરીદશે ?

તો ગૃહિણી માટે જીવન જરૂરીયાતની ચીજવસ્તુ ગોળ, પાણી, તેલ જેવી વસ્તુમાં સતત વધી રહેલા ભાવના કારણે લાભદાયી હોય તે લાગતું નથી.

જોકે એકંદરે બજેટ આવકારદાયક હોવા છતાં આવનારા દિવસોમાં આવનારી ચૂંટણીને ધ્યાનમાં રાખીને આપવામાં આવેલું વધારે જણાઈ આવે છે.

**- રાજેન્દ્રપ્રસાદ સાતા, પત્રકાર**


**શું આપને ઉત્તમ પુસ્તકો સસ્તા દરે જોઈએ છે ?**

**જો હા, તો સંપર્ક કરો**

**યોજના કાર્યાલય**

**અંબિકા કોમ્પલેક્ષ, યુ.કો. બેંકની ઉપર,**
**પાલડી ચાર રસ્તા પાસે, અમદાવાદ-૩૮૦ ૦૦૭**
**ફોન : ૨૬૫૮૮૬૬૯ (કાર્યાલય)**

# જાણો બજેટની બારાખડી

### મહેસૂલ અંદાજ પત્ર

સરકારની કરવેરા ઉપરાંતની અન્ય આવકોની તારીજ સામે સંભવિત ખર્ચની વિગતો સામસામે ગોઠવી રજૂ થતું અંદાજપત્ર .

### કરવેરાની આવક

કેન્દ્ર સરકાર દ્વારા વસૂલાત થતી હોય તેવા કરવેરા તથા ડ્યૂટીની કુલ કમાણી.

### અન્ય મહેસૂલી આવક

સરકાર દ્વારા થયેલ મૂડીરોકાણ ઉપર મળતા વ્યાજ તથા ડિવિડન્ડની કમાણીનો સમાવેશ અહીં થાય છે. સેવાઓ પ્રદાન બદલ મળતી ફી પણ અહીં ગણતરીમાં લેવાય છે.

### મહેસૂલી ખર્ચ

સરકારી ખાતાઓ ચલાવવા પાછળ થતો સામાન્ય ખર્ચ, કરજ ઉપર થતી વ્યાજની ચૂકવણી તથા સબસીડીઓ વગેરે બાબતોનો સમાવેશ મહેસૂલી ખર્ચમાં થાય છે. સાદી ભાષામાં કહીએ તો જે ખર્ચ દ્વારા કશી મિલકત ઊભી થતી નથી તેવો સરકાર દ્વારા થતો ખર્ચ એટલે મહેસૂલી ખર્ચ. રાજ્ય સરકારો તથા સંસ્થાઓને અપાતી ગ્રાન્ટની રકમ પણ મહેસૂલી ખર્ચમાં ગણાય છે, પછી ભલે ગ્રાન્ટ મેળવનાર તે રકમમાંથી કોઈ મિલ્કતનું સર્જન કરે.

### મૂડી અંદાજપત્ર

જાહેર ખાતામાં થતા વ્યવહારો ઉપરાંત આ દસ્તાવેજમાં મૂડીગત આવક તથા જાવકના અંદાજ મૂકવામાં આવે છે.

### મૂડીગત આવક

સરકાર દ્વારા પ્રજા પાસેથી બોન્ડ સ્વરૂપે મેળવાતું ધિરાણ, રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા પાસેથી ટ્રેઝરી બીલ સામે લેવાતી લોન, વિદેશી સંસ્થાઓ પાસેથી વિકાસ યોજનાઓ હાથ ધરવા માટે મળતું લોન સ્વરૂપનું ભંડોળ તથા સહાય, કેન્દ્ર સરકાર દ્વારા અપાયેલ લોનની વસૂલાત પેટે જમા થતી રકમ વગેરે હેઠળ થતી આવકને કેન્દ્ર સરકારની મૂડીગત આવક કહેવામાં આવે છે.



### ગ્રાન્ટનું માગણીપત્રક

લોકસભા સમક્ષ ફાળવણી મંજૂર કરાવવા માટે રજૂ થતા વાર્ષિક નાણાંકીય પત્રકમાં સરકારનાં તમામ મંત્રાલયોનો કારોબાર આવતા નાણાકીય વર્ષમાં ચલાવવા માટે જરૂરી રૂપિયાનો અંદાજ રજૂ કરાય તે આ દસ્તાવેજ છે. આ પત્રકમાં મંત્રાલય દીઠ જરૂરી ભંડોળનો આંકડો રજૂ થાય છે, પણ જો મંત્રાલયનું વહીવટી કદ અનેક વિભાગોમાં વિસ્તરેલું હોય તો વિભાગ દીઠ ખર્ચનો અંદાજ મૂડી પત્રકમાં બતાવવામાં આવે છે.

### નાણાં ખરડો

પ્રજા ઉપર નવા કરવેરા લાદવાની સરકારની દરખાસ્ત કે વર્તમાન કરવેરાના દર કે વસૂલાતની પાત્રતા સબંધી નિયોમોમાં ફેરફાર કરવાની યોજના આ દસ્તાવેજ મારફતે સંસદ સમક્ષ રજૂ કરવામાં આવે છે.

### કામગીરીનું બયા કરતું અંદાજપત્ર

સરકાર દ્વારા રૂ.૧૦૦ કરોડથી વધુ ખર્ચ ધરાવતા પ્રોજેક્ટોના અમલીકરણથી સંસદને વાકેફ કરવા આ દસ્તાવેજ રજૂ કરાય છે. જેમાં મંત્રાલય દીઠ હાથ ધરાયેલ પ્રોજેક્ટ તથા કાર્યક્રમોના અમલીકરણનું ચિત્રણ શબ્દો, વર્ણન તથા આંકડામાં રજૂ થાય છે.

### નાણાં સરભર ખરડો

એપ્રોપ્રિયેશન બીલ તરીકે ઓળખાતા આ દસ્તાવેજમાં ગ્રાન્ટનું માંગણીપત્રક સંસદમાં રજૂ થયા બાદ ભારત સરકારના સંકલિત કોષમાંથી રૂપિયા ઉપાડવાની જે સત્તા સરકારને મળે છે, તે અન્વયે મંત્રાલય દીઠ રૂપિયાની ફાળવણીનો હિસાબ રજૂ કરતો આ દસ્તાવેજ છે. સંસદ દ્વારા મંજૂર થયેલ સરકારના ખર્ચ પ્રસ્તાવો જેટલી જ રકમ કોષમાંથી ઉપાડી સરકારે તેની નિશ્ચિત હેતુઓ માટે ફાળવણી કરી છે. તેનો હિસાબ ફરીથી સંસદને રજૂ કરવાનો આ પ્રયાસ હોય છે.

**અંદાજપત્રની ખાધ**

સરકારના મહેસૂલી ખાતા અને મૂડી ખાતામાં આવક કરતાં જાવક વધુ હોવાથી ઉદ્‌ભવતો તફાવત એટલે અંદાજપત્રીય ખાધ. આવક કરતાં ખર્ચ વધુ હોય ત્યારે આ સ્થિતિ ઉદ્‌ભવે છે.

**રાજકોષીય ખાધ**

સરકારની મહેસૂલી આવક ઉપરાંત કરજ સિવાયની મૂડીગત આવકના સરવાળામાંથી લોનની પરત ચૂકવણી અને કુલ ખર્ચનો સરવાળો બાદ કરતા આવક સામે જાવક વધુ હોવાથી ઉદ્‌ભવતો તફાવત રાજકોષીય ખાધ ગણાય છે. સરકાર દ્વારા મેળવાતું જંગી ધિરાણ તથા અન્ય જવાબદારીઓ સામે કરજની પરત ચુકવણી ઓછી હોવાથી પેદા થતો ફરક આવી ખાધ ગણાય છે.

**પ્રાથિમિક ખાધ**

ખાધના થોડા પ્રકારો પૈકીનો આ એવો પ્રકાર છે જેનો આંકડો રાજકોષીય ખાધમાંથી વ્યાજની ચુકવણીની રકમ બાદ કરતા મળે છે.

**ચૂકવણીની તુલા**

અંગ્રેજીમાં બેલેન્સ ઓફ પેમેન્ટ તરીકે ઓળખાતો આ માપદંડ એવો છે જેમાં ભારત દ્વારા વિદેશ સાથે થતા તમામ વ્યાપારી વ્યવહારોની આવક-જાવક નોંધાય છે. આયાત પાછળ થતો ખર્ચ નિકાસ કમાણી કરતાં ઓછો હોય ત્યારે આ તુલા સાનુકૂળ હોવાનું કહેવાય.

**મૂડીલાભ કર**

મિલકતની ખરીદકિંમત કરતા વધુ રકમથી તેનું વેચાણ કરવાથી ઉદ્‌ભવતા નફા ઉપર લાગતા કરને કેપિટલ ગેઈન્સ ટેક્સ અર્થાત મૂડીલાભ કર કહે છે.

**રૂપાંતરક્ષમતા**

બે દેશોના ચલણ વચ્ચે થતી ચૂકવણીનો વિનિમય કરવાનો આ માપદંડ છે. કોઈ નાણાકીય વ્યવહાર પૂરો કરવા બીજા દેશોનું કેટલું ચલણ ચૂકવવું પડશે તેનો અહીં અંદાજ મૂજી વ્યવહાર થાય છે.

**કાઉન્ટરવેઈલિંગ ડ્યૂટી**

સસ્તી આયાત વડે ઠલવાતો માલ સ્વદેશી ઉત્પાદકોનું બાજર ખતમ કરી નાખે તેવી પરિસ્થિતિ રોકવા આવો કર લાદી આયાતી માલની પડતર મોંઘી બનાવી દેવામાં આવે છે, જેથી ઘરઆંગણાના ઉદ્યોગોને રક્ષણ મળે અને વિશ્વના અગ્રણી ઉત્પાદક દેશો અનૈતિક વ્યાપારી રસમ અપનાવી શકે નહીં.

**સીધા કરવેરા**

વ્યક્તિગ, કૌટુંબિક કે વેપાર-ધંધાની આવક તથા સંપત્તિ ઉપર સરકાર દ્વારા લેવાતા કરવેરા.

**સીધું મૂડીરોકાણ**

પ્લાન્ટ-મશીનરી, મકાન બાંધકામ કે સ્ટોર્સનું સર્જન કરવા પાછળ થતો ખર્ચ પૂરો કરવા માટે રોકવામાં આવતું ભંડોળ એટલે સીધું મૂડીરોકાણ.

**બેવડા કરવેરા**

એક આવક કે નફા ઉપર તેનો ઉદ્‌ભવ થનાર દેશના કાયદા મુજબ કરવેરો લેવાઈ ગયા પછી વધેલી રકમ કે આવક જ્યારે અન્ય દેશમાં તબદીલ કરાય ત્યારે તે દેશમાં પણ કર ચૂકવવો પડે તેવી પરિસ્થિત બેવડા કરવેરાની ગણાય. એક દેશની વ્યક્તિ કે કંપની કે વેપારી બીજા દેશમાં વેપાર કરીને કે સેવા આપીને કમાણી કરે ત્યારે સ્વભાવિક રીતે પોતે આવક પોતાના દેશમાં લાવે જ. આ સંજોગોમાં બમણો કર ચૂકવવાનો થાય છે.

**અસરકારક વ્યાજદર**

બોન્ડના નિર્ધારિત મૂલ્ય ઉપર નહીં પણ તેની વાસ્તવિક ખરીદ કિંમત ઉપર ચૂકવવાપાત્ર બનતો વ્યાજનો દર.

**રાજકોષીય નીતિ**

સમગ્ર અર્થતંત્રમાં ઉદ્‌ભવતા આર્થિક તથા નાણાકીય વ્યવહારોના રાષ્ટ્રીય આર્થિક હિતના રક્ષણને નજર સામે રાખી કરાતા નિયંત્રણની રૂપરેખા રદૂ કરતી આ નીતિ છે. કરવેરા અને સરકારી ખર્ચના પ્રમાણ ઉપર કાબૂ રાખી શકાય. સરકાર આ નીતિ મારફતે આર્થિક પ્રવૃત્તિ ઉપર નિયમનના પ્રયાસ કરે છે.

**પરોક્ષ કરવેરા**

માલસામાન તથા સેવાઓ ઉપર વસૂલ થતો કર.

**કર્વ ઈફેક્ટ**

ચલણના અવમૂલ્યનને પ્રતાપે ચૂકવણીની તુલામાં ઉદ્‌ભવતી એકાએક ઉદ્‌ભવતી મોટી ખાધ આગળ જતાં પુરાંતમાં પરિવર્તન પામે તે ક્રિયા. અવમૂલ્યન થતા આયાત માટે વધુ રકમ તાબડતોબ ચૂકવવી પડે એટલે તુલામાં અસંતુલન પેદા થાય, પણ સામે વિદેશી ગ્રાહકોને અવમૂલ્યનને કારણે રાતોરાત ઓછી રકમમાં વધુ માલ મળતા લાગતા નિકસમાં પણ ઉછાળો આવે છે. આ અસરનું નિરૂપણ એટલે કર્વ ઈફેક્ટ.

**નાણાં નીતિ**

કોઈ પણ દેશમાં અર્થતંત્રમાં તમામ નાગરિકો સહિત સરકાર દ્વારા થતા ખર્ચ ઉપર નિયંત્રણ રાખવા માટે નાણાંનો પુરવઠામાં સમયોચિત વધઘટ કરતા રહેવાની સાથે ધિરાણ પ્રવાહનું કદ નિશ્ચિત કરવું અને વ્યાજના દર નિર્ધારિત કરવાની નીતિવિષયક ક્રિયાનું નિરૂપણ કરતો આ દસ્તાવેજ બને છે, જેમાં લેવાયેલા નિર્ણયોનો અમલ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા જેવી દેશની મધ્યસ્ત બેંક કરતી હોય છે.

### રાષ્ટ્રીય દેવું

કેન્દ્ર સરકારે પોતાના નાગરિકો તથા વિદેશમાંથી કોઈ પણ સ્વરૂપે મેળવેલા કરજનો સરવાળો એટલે રાષ્ટ્રીય દેવું.

### જાહેર દેવું

રાષ્ટ્રીય દેવા ઉપરાંત સરકારના માથે જે ચૂકવવાની અંતિમ જવાબદારી હોય તેવું દેવું એટલે જાહેર દેવું. સ્થાનિક સત્તાવાળાઓના કરજ ઉપરાંત રાષ્ટ્રીયકૃત ઉદ્યોગોની આર્થિક જવાબદારીઓ કેન્દ્ર દ્વારા ચૂકવવાપાત્ર બનતી હોય ત્યારે રાષ્ટ્રીય દેવામાં સરકાર દ્વારા સીધું નથી લેવાયું તેવા કરજનો સમાવેશ કરી જાહેર દેવાનો આંકડો કાઢવામાં આવે છે.

### કરની ચૂકવણીમાંથી બચવું

કરવેરા ભરવામાંથી છૂટકારો પામવા માટે જ્યારે કાયદેસરનો રસ્તો અપનાવવાની આ ક્રિયા અંગ્રેજીમાં ટેક્સ એવોઇડન્સ તરીકે ઓળખાય છે, જેને ટેક્સ પ્લાનિંગ પણ કહે છે.

### કરની ચોરી

કર ભરવાની જબાવદારીમાંથી છટકવા માટે અખત્યાર કરાતા ગેરકાયદેસર નુસખા અર્થાત્ કરચોરી, જેને અંગ્રેજીમાં ટેક્સ ઈવેઝન કહે છે.

### કર આવકનો પાયો

કરવેરાની વસૂલાત જેમની પાસેથી તદ્દન સંભવ છે તેવા કરપાત્રતા માપદંડ હેઠળ આવી જતા નાગરિકોનો સમૂહ.

### ટ્રેઝરી બિલ

સરકાર દ્વારા ટૂંકા ગાળા માટે કરજ મેળવવા આ નાણાં દસ્તાવેજનો ઉપયોગ થાય છે.

### એડ-વેલોરમ ડ્યૂટી

કોઈ પણ ચીજવસ્તુના ખરીદમૂલ્ય તરીકે વ્યક્ત થતો પરોક્ષ કર.

### ચોક્કસ વસૂલાત માટેનો કર

સ્પેસિફિક ટેક્સ તરીકે ઓળખાતો આ કરેવારો ઉત્પાદિત માલસામાનના પ્રત્યેક એકમ ઉપર ચોક્કસ દરથી વસૂલ થાય છે. ઉત્પાદિત માલની કિંમત સાથે તેને કોઈ લેવાદેવા હોતા નથી.

### મૂલ્ય સંવર્ધન કર (વેટ)

કોઈપણ ચીજવસ્તુના ઉત્પાદનના પછી તથા તેના પ્રથમ વેચાણથી માંડી ઉપભોગતા સુધી તે પહોંચે તે દરમિયાન આવતા વેપારના દરેક તબક્કે વસૂલ થતો કરવેરો એટલે વેટ. પ્રત્યેક તબક્કે બનતી વેચાણ કિંમત ઉપર વેટ લાગે છે, પણ આગળ જતા ઉત્પાદકને સેટ-ઓફ અપાય છે.

### વાર્ષિક નાણાકિય પત્રક

ભારતના બંધારણની કલમ ૧૧૨ની જોગવાઈ અન્વયે ભારત સરકાર દ્વારા ૧લી એપ્રિલથી ૩૧મી માર્ચ વચ્ચેના બાર માસના સમયગાળાથી બનતા નાણાકીય વર્ષ માટે સરકાનો વહીવટ ચલાવવા માટે જરૂરી ભંડોળની સંભવિત આવક તથા ખર્ચના સ્ત્રોત વિષયવાર તૈયાર કરી લોકસભા સમક્ષ મંજૂરી માટે રજૂ થતું આવેદન, એટલે વાર્ષિક નાણાકીય પત્રક જેને આપણે અંદાજપત્ર કે બજેટ તરીકે ઓળખીએ છીએ. કેન્દ્ર સરકારના આર્થિક હિસાબોનું નામું જે ત્રણ ખાતાઓમાં લખાય છે તે પ્રમાણે અંદાજપત્ર ત્રણ ભાગમાં નીચે મુજબ વહેંચાયેલું હોય છે.

૧. કોન્સોલડેટેડ ફંડ
૨. કન્ટીજન્સી ફંડ
૩. પબ્લિક એકાઉન્ટ

### કોન્સોલીડેટેડ ફંડ

જે કોષનું નામ શુધ્ધ ગુજરાતી ભાષામાં વ્યક્ત કરવું અઘરું છે. તેવા આ કોન્સોલીડેટેડ ફંડમાં કેન્દ્ર સરકારની સરકારની મહેસૂલી આવક, ધિરાણ સામે થયેલી વસૂલાત તથા લોન દ્વારા મેળવેલ ભંડોળની રકમનો સમાવેશ કરવામાં આવે છે. આ ફંડમાંથી સંસદની મંજૂરી મળ્યા અનુસાર સરકાર ખર્ચ કરે છે અને સંસદની પૂર્વ અનુમતિ વગર કોન્સોલીડેટેડ ફંડમાંથી કાણો પૈસો પણ સરકાર ઉપાડી શકતી નથી.

### કન્ટીજન્સી ફંડ

સંસદનું સત્ર મળવાનું બાકી હોય તેવા સમયે ઊભી થયેલી આકસ્મિક જરૂરિયાતેને પહોંચી વળવા રાષ્ટ્રપતિને થોડું ભંડોળ ફાળવી તેનો ઉપયોગ કેન્દ્ર સરકારને કરવા દેવાના અધિકાર આ ફંડ હેઠળ અપાય છે. રાષ્ટ્રપતિ દ્વારા સરકારને સંસદની આગળ જતા મંજૂરી મેળવી લેવાની શરતે આ ફંડમાંથી ભંડોળ અપાય છે. હાલ આ કોષમાંથી રૂા. ૫૦ કરોડ સુધીની રકમ સરકારને આપવાની સત્તા રાષ્ટ્રપતિને આપવામાં આવેલી છે.

### પબ્લિક એકાઉન્ટ

સરકારના નાણાકિય વ્યવહારો લે કોન્સોલીડેટેડ ફંડને આધીન રખાયા હોય, પણ કેટલીક આર્થિક રખેવાળી માંગી લેતી બાબતો એવી છે કે જેમાં સ્વયં સરકારે એક બંકરની ભૂમિકા અદા કરવાની હોય છે, જેમ કે પ્રોવિડન્ડ ફંડનો જંગી વહીવટ, નાની બચત યોજના હેઠળ એકત્ર થતી બચતોનું જતન, ઉત્પાદક ઉપયોગ તથા પરત ચુકવણી આયોજન વગેરે. આવી તમામ યોજનાઓ ચલાવવા પાછળ એકત્ર થતાં નાણાં પબ્લિક એકાઉન્ટમાં જમા થાય છે, સરકાર હસ્તક રહે છે. આ ખાતામાં જેમા થતી વિરાટ રાશિ ખરેખર સરકાર પાસે રખેવાળી માટે આવે છે, તે આવક નથી પણ ભવિષ્યમાં તેની પરત ચૂકવણી પણ કરવાની છે, પરંતુ અહીં ફરક એટલો છે કે પબ્લિક એકાઉન્ટમાંથી કોઈ ચૂકવણી કરવા માટે સરકારને પૂર્વ અનુમતિની જરૂર નથી.

# પ્રશ્નોતરી



**પ્રશ્ન**

(૧) નાણાંમંત્રી તરીકે કેટલા પ્રધાનમંત્રીએ બજેટ રજૂ કર્યું હતું?

(૨) ગણતંત્ર ભારતનું પ્રથમ અંદાજ પત્ર કોણે રજુ કરેલું ?

(૩) આયોજન પંચની સ્થાપના કરવાની ઘોષણા ક્યારે અને કોણે કરેલી ?

(૪) સ્વાતંત્રય મળ્યા પછીનું પ્રથમ બજેટ રજૂ કરનાર કોણ હતા ?

(૫) સંસદમાં સાંજ ને બદલે બપોરે ૧૨ વાગ્યે અંદાજપત્ર રજૂ કરવાની પ્રથા ક્યારે શરૂ થઇ ? ત્યારે નાણામંત્રી કોણ હતા ?

(૬) બંધારણ હેઠળ રચાયેલી પ્રથમ સંસદ સમક્ષ કોણે અંદાજ પત્ર રજૂ કરેલુ ?

(૭) નાણામંત્રીના અંદાજપત્ર પ્રવચન ને હિંદીમાં બહાર પાડવાની પ્રથા ક્યારે શરુ થઇ ?

**ઉત્તર**

(૧) પંડિત જવાહરલાલ નહેરૂ, શ્રી મતી ઈન્દિરા ગાંધી તથા રાજીવ ગાંધી.

(૨) ડો. જહોન મથાઈ

(૩) નાણામંત્રી ડો. જહોન મથાઇ, તા. ૨૮મી ફેબ્રુઆરી ૧૯૫૦

(૪) શ્રી આર. કે. શણ્મુગમ ચેટ્ટી, તા. ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૪૭

(૫) શ્રી યશવંત સિંહા - ૧૯૯૯

(૬) શ્રી સી. ડી. દેશમુખ

(૭) શ્રી સી. ડી. દેશમુખ, તા. ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૫૫

# ભારતમાં બજેટ ની શરૂઆત

પ્રા. પીનલ પટેલ

*જેમ્સ વિલ્સને ૧૮ ફેબ્રુઆરી, ૧૮૬૦ ના દિવસે વાઈસરોયની પરિષદમાં બ્રિટનના નાણાં પ્રધાનની પરંપરા મુજબ બજેટ રજૂ કરી ભારતની નાણાંકીય સ્થિતિનું ચિત્ર રજૂ કર્યું. આ સાથે ભારતમાં બજેટનો પ્રારંભ થયો. તેથી વિલ્સને ભારતીય બજેટ પધ્ધતિના સ્થાપક ગણવામાં આવે છે. આ બજેટમાં પ્રથમ વખત વાર્ષિક ૨૦૦ રૂા. થી વધુ આવક ધરાવતા લોકો પર પહેલીવાર આવકવેરો નાંખવામાં આવ્યો. વેરાનો દર આવક પ્રમાણે ઓછો હતો કે વધુ હોત, છતાં મહત્તમ દર ફક્ત ૨% નો હતો ૨% લેખે વેરાની જે રકમ નક્કી થાય તેની ટોચ મર્યાદા ૫૦૦ રૂા. હતી. એટલે કે પાંચસો કરતાં વધુ રકમ કોઈએ આપવાની હતી નહિ.*



અંગ્રેજી શબ્દ Budget એ મૂળ ફ્રેન્ચ શબ્દ Bougett (બુજેત) શબ્દ વડે રચાયો છે. બુજેટ એટલે થેલી કે નાની બેગ. ફ્રાન્સના સરકારી દસ્તાવેજો રાખવા માટે ત્યાંના પ્રધાનો અઢારમી સદીમાં બુજેત વાપરતા. જેને લોક મારેલું હોવાના લીધે બુજેતમાં શું હોય તે ફક્ત પ્રધાન જાણે ! ઈ.સ.૧૭૭૩ માં બ્રિટિશ વડાપ્રધાન રોબર્ટ વોલપોલ વાર્ષિક અંદાજપત્રના કાગળીયા ચામડાની બ્રિફકેશમાં મૂકીને પાર્લામેન્ટ ગયા. અને ત્યાં એ બેગ ખોલી. બીજા દિવસે એક વર્તમાન પત્રે સમાચાર તરીકે મથાળુ ચમકાવ્યું કે 'The Budget Opened' આનો અર્થ એટલો થાય કે વડાપ્રધાને અટેચી ખોલી, પણ વખત જતાં એ શબ્દ એટેચીને બદલે ખુદ અંદાજપત્ર સૂચક બન્યો.

### અંદાજપત્રનો અર્થ

અર્થશાસ્ત્રની પરિભાષામાં અંદાજપત્રમાં મુખ્ય ત્રણ પ્રકારની વિગતોનો સમાવેશ થાય છે. જેમાં (૧) ગત વર્ષમાં ખરેખર થયેલી નાણાંકીય આવક અને નાણાંકીય ખર્ચના વાસ્તવિક આંકડા (૨) ચાલુ વર્ષની નાણાંકીય આવક અને નાણાંકીય ખર્ચના મૂળ અને સુધારેલા અંદાજો (૩) આગામી વર્ષની નાણાંકીય આવક અને નાણાંકીય જાવકના અંદાજિત આંકડા.

ઈ.સ. ૧૯૪૭ થી અત્યાર સુધી ભારતનાં નાણાં પ્રધાનોએ સંસદ સમક્ષ જે બજેટો રજૂ કરતા આવ્યા છે. તે બજેટ કે અંદાજપત્રનો ઉલ્લેખ ભારતના રાજ્ય બંધારણમાં જોવા મળતો નથી. તેમજ નાણાંમંત્રીએ વાર્ષિક અંદાજપત્ર રજૂ કરવું એવો પણ ઉલ્લેખ નથી.પરંતુ ભારતના બંધારણના અનુચ્છેદ ૧૧૨ અનુસાર રાષ્ટ્રપતિ દરેક નાણાંકીય વર્ષ દરમિયાન દેશના અંદાજિત આવક અને ખર્ચને લગતા હિસાબી પત્રક સંસદના બંને ગૃહો સમક્ષ રજૂ કરાવશે અને તે પત્રક **'Annual FInancial Statement'** (વાર્ષિક નાણાંકીય વિવરણ) તરીકે ઓળખાશે.

આજ રીતે બંધારણના અનુચ્છેદ-૨૦૨ અનુસાર રાજ્ય સરકાર પોતાના રાજ્યનું 'વાર્ષિક નાણાંકિય વિવરણ' તૈયાર કરશે જેને રાજ્યપાલ રાજ્યની વિધાનસભા સમક્ષ રજૂ કરાવશે.

(લેખક શ્રીમતી આર.કે વઘાસીયા કોલેજમાં કાર્યરત છે..)

ટૂંકમાં 'વાર્ષિક નાણાંકિય વિવરણ' ને આપણે બજેટ કે વિવરણ કહીએ છીએ.

**ભારતમાં બજેટનો પ્રારંભ**

આધુનિક ભારતમાં બજેટની શરૂઆત કરનારા બ્રિટિશ ભારતના પ્રથમ વાઈસરોય લોર્ડ કેનિંગ હતા. કેનિંક ૧૮૫૬-૬૨સુધી ભારતના વાઈસરોય રહ્યા હતા. આ પહેલા તેઓ ભારતના ગવર્નર જનરલ હતા. તેમણે પોતાના સમયગાળા દરમિયાન કારોબારીમાં અલગથી નાણાંખાતુ ઊભુ કર્યુ હતું. ૧૮૫૭ માં થયેલા વિપ્લવ બાદ અસ્ત વ્યસ્ત થયેલા ભારતીય અર્થતંત્રને ફરી વ્યવસ્થીત કરવા ૧૮૫૮માં બ્રિટન ખાતે સેક્રેટરી ઓફ સ્ટેટ ફોર ઇન્ડિયાના હાથમાં સત્તાનું કેન્દ્રિકરણ થયું. ૧૮૫૮માં **Financial Member of Council** પ્રથાની શરૂઆત થઈ, અને તેના સભ્ય તરીકે સૌ પ્રથમ બ્રિટનના જાણીતા સાપ્તાહિક **The Economist** ના સ્થાપક અને અર્થશાસ્ત્રી જેમ્સ વિલ્સનની નિમણૂંક થઈ.

જેમ્સ વિલ્સને ૧૮ ફેબ્રુઆરી, ૧૮૬૦ ના દિવસે વાઈસરોયની પરિષદમાં બ્રિટનના નાણાં પ્રધાનની પરંપરા મુજબ બજેટ રજૂ કરી ભારતની નાણાંકીય સ્થિતિનું ચિત્ર રજૂ કર્યું. આ સાથે ભારતમાં બજેટનો પ્રારંભ થયો. તેથી વિલ્સને ભારતીય બજેટ પધ્ધતિના સ્થાપક ગણવામાં આવે છે. આ બજેટમાં પ્રથમ વખત વાર્ષિક ૨૦૦ રૂા. થી વધુ આવક ધરાવતા લોકો પર પહેલીવાર આવકવેરો નાંખાવામાં આવ્યો. વેરાનો દર આવક પ્રમાણે ઓછો હતો કે વધુ હતો, છતાં મહત્તમ દર ફક્ત ૨% નો હતો ૨% લેખે વેરાની જે રકમ નક્કી થાય તેની ટોચ મર્યાદા ૫૦૦ રૂા. હતી. એટલે કે પાંચસો કરતાં વધુ રકમ કોઇએ આપવાની હતી નહિ.

જેમ્સ વિલ્સનનું બજેટ બ્રિટિશ પ્રથા અનુસાર ૧ મે, ૧૮૬૦ ના રોજ અમલી બનવાનું હતું, છતાં તેણે બજેટ ફેબ્રુઆરીમાં જાહેર કરી દીધું. બીજા વર્ષે તેમણે ૨૭ એપ્રિલ, ૧૮૬૧ ના દિવસે બજેટ રજુ કર્યું. ત્યાર પછીના અંગ્રેજ નાણાપ્રધાનો માર્ચ મહિનામાં તેણે અનૂકૂળ થાય તે તારીખે બજેટ આપતા રહ્યા. પરંતુ ૧૯૨૦ માં વાઈસરોયને બજેટ તારીખ નક્કી કરવાની સત્તા મળી. બ્રિટીશ સત્તાના નાણામંત્રીએ ૧૯૨૧, ૧૯૨૨ અને ૧૯૨૩ ના વર્ષના બજેટો તેમને મળેલા આદેશ મુજબ ૧ માર્ચના દિવસે રજૂ કર્યા. ત્યાર પછીના નાણાંપ્રધાન સર બેસિલ બ્લેકેટ બજેટમાં બે ફેરફાર કર્યા.

- બજેટ રજૂ કરવાનો દિવસ માર્ચના પ્રથમ દિવસનો બદલે ફેબ્રુઆરી માસનો છેલ્લો દિવસ પસંદ કર્યો.
- અગાઉના દરેક નાણાં પ્રધાને બજેટ સવાર ૧૦:૩૦ થી ૧૧:૦૦ ના સમયમાં પેશ કર્યું હતું. જ્યારે બ્લેકેટે બજેટ રજૂ કરવાનો સમય સાંજના ૫:૦૦ વાગ્યાનો પસંદ કર્યો.

ઉપરોક્ત ફેરફારો માટે તેણે વાઈસરોયની મંજૂરી લીધી હતી. આમ, સર બેસિલ બેલ્કેટે પોતાનું સર્વપ્રથમ બજેટ ૨૯ ફેબ્રુઆરી, ૧૯૨૪ ના દિવસે સાંજે ૫:૦૦ ના સમયે વાંચવાનું શરૂ કર્યું. ત્યારથી બજેટ ફેબ્રુઆરીના છેલ્લા દિવસે રજૂ કરવાની પ્રથા પડી. પરંતુ ૧૯૯૯ માં નાણાં પ્રધાન યશવંત સિંહાએ સાંજના બદલે સવારે ૧૧:૦૦ વાગ્યે બજેટ રજૂ કરીને બ્લેકેટની સાંજે બજેટ રજૂ કરવાની પ્રથા તોડી.

**રેલવે બજેટની શરૂઆત**

પહેલાના સમયમાં ભારતમાં માત્ર એકજ બજેટ સામાન્ય બજેટ રજૂ થતું હતું. રેલ્વેના વાર્ષિક અંદાજોને સામાન્ય બજેટ સાથેજ વણી લેવાતા હતા. બ્રિટિશ શાસન દરમિયાન બેંગાલ-નાગપુર રેલ્વે, ગ્રેટ ઇન્ડિયન પેનિન્સ્યુલા, બોમ્બે-બરોડા સેન્ટ્રલ ઇન્ડિયા વગેરે ખાનગી કંપનીઓ રેલ્વેનો વહીવટ ચલાવતી હતી. જ્યારે પાટાનું ઘણું નેટવર્ક સરકારી માલિકીનું હતું. નેટવર્કનો ખર્ચ જનરલ બજેટના ખાતે મંડાતો હતો. રેલ્વે લાઇનનું નેટવર્ક લગભગ ૬૦,૦૦૦ કિલોમીટર લાંબુ થયું ત્યારે અંગ્રેજ સરકારને રેલ્વેનો વહીવટ પોતાના હસ્તક લેવાનું જરૂરી લાગ્યું. અલબત્ત, નિષ્ણાંતોની સલાહ લેવા માટે તેણે સૌ પ્રથમ સર વિલિયમ એકવર્થ નામના અર્થશાસ્ત્રીને પસંદ કરી તેના નેતૃત્વ હેઠળ નવેમ્બર ૧, ૧૯૨૦ ના રોજ સમિતિ રચી. સમિતિએ રિપોર્ટ આપ્યો કે કેન્દ્ર સરકાર દેશનો રેલવે તંત્રનો વહીવટ સંભાળી લે. રેલવે તંત્ર બિઝનેશના ધોરણે ચલાવવું જોઇએ. માટે એ ખાતુ પોતાના ખર્ચ-આવકનું જુદું બજેટ તૈયાર કરી વાર્ષિક નફો ભાવિ વિકાસ માટે અનામત મૂકી રાખે. આ સમિતિની ભલામણ મુજબ ૧૯૨૭ થી દેશમાં સામાન્ય બજેટ અને રેલ્વે બજેટ બંને અલગથી રજૂ થાય છે.

**સ્વતંત્ર ભારતના અંદાજપત્રો**

સ્વતંત્ર ભારતનું અંદાજપત્ર ૨૬ નવેમ્બર, ૧૯૪૭ ના બુધવારે સાંજે ૬:૦૦ વાગ્યે ભારતના પ્રથમ

## સ્વતંત્ર ભારતના નાણામંત્રીઓશ્રી અને બજેટોની સંખ્યા

| ક્રમ | સમયગાળો | નાણામંત્રી | બજેટની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૧૯૪૭-૪૯ | શ્રી આર.કે.ષણમુખમ શેટ્ટી | ૨ |
| ૨ | ૧૯૪૯-૫૧ | શ્રી જહોન મથાઇ | ૨ |
| ૩ | ૧૯૫૧-૫૭ | શ્રી સી.ડી. દેશમુખ | ૬ |
| ૪ | ૧૯૫૭-૫૮ | શ્રી ટી.ટી. કૃષ્ણામાચારી | ૧ |
| ૫ | ૧૯૫૮-૫૯ | શ્રી જવાહરલાલ નહેરુ | ૧ |
| ૬ | ૧૯૫૯-૬૪ | શ્રી મોરારજી દેસાઇ | ૫ |
| ૭ | ૧૯૬૪-૬૬ | શ્રી ટી.ટી.કૃષ્ણમાચારી | ૨ |
| ૮ | ૧૯૬૬-૬૭ | શ્રી સચિન્દ્ર ચોધરી | ૧ |
| ૯ | ૧૯૬૭-૭૦ | શ્રી મોરારજી દેસાઇ | ૩ |
| ૧૦ | ૧૯૭૦-૭૧ | શ્રી ઇન્દિરા ગાંધી | ૧ |
| ૧૧ | ૧૯૭૧-૭૫ | શ્રી યશવંતરાવ ચૌહાણ | ૪ |
| ૧૨ | ૧૯૭૫-૭૭ | શ્રી સી.સુબ્રમણયમ્ | ૨ |
| ૧૩ | ૧૯૭૭-૭૯ | શ્રી એચ.એમ. પટેલ | ૨ |
| ૧૪ | ૧૯૭૯-૮૦ | શ્રી ચરણસિંહ ચોધરી | ૧ |
| ૧૫ | ૧૯૮૦-૮૨ | શ્રી આર. વેંકટરામન | ૨ |
| ૧૬ | ૧૯૮૨-૮૫ | શ્રી પ્રણવ મુખર્જી | ૩ |
| ૧૭ | ૧૯૮૫-૮૭ | શ્રી વી.પી. સિંહ | ૨ |
| ૧૮ | ૧૯૮૭-૮૮ | શ્રી રાજીવ ગાંધી | ૧ |
| ૧૯ | ૧૯૮૮-૮૯ | શ્રી એન.ડી.તિવારી | ૧ |
| ૨૦ | ૧૯૮૯-૯૦ | શ્રી શંકરરાવ ચૌહાણ | ૧ |
| ૨૧ | ૧૯૯૦-૯૧ | શ્રી મધુ દંડવતે | ૧ |
| ૨૨ | ૧૯૯૧-૯૬ | શ્રી મનમોહનસિંહ | ૪ |
| ૨૩ | ૧૯૯૬-૯૮ | શ્રી પી. ચિદમ્બરમ્ | ૨ |
| ૨૪ | ૧૯૯૮-૨૦૦૨ | શ્રી યશવંત સિંહા | ૪ |
| ૨૫ | ૨૦૦૨-૦૪ | શ્રી જશવંત સિંહ | ૨ |
| ૨૬ | ૨૦૦૪-૦૭ | શ્રી પી. ચિદમ્બરમ્ | ૩ |

નાણાંપ્રધાન શ્રી ષણમુખમ શેટ્ટીએ રજૂ કર્યું હતું.પરંતુ આ બેજટ માત્ર ૯૫ દિવસનું જ હતું. કારણકે ૧૯૪૮-૪૯ નું એક વર્ષનું પુરૂ વજેટ ૧૯૪૮ ના ફેબ્રુઆરીની ૨૮મી તારીખે રજૂ કરવાનું હતું. તેથી પ્રથમ બજેટ કોઇ પણ જાતના કરવેરા વિનાનું હતું.

દેશને સ્વતંત્રતા મળી ત્યારથી આજ સુધી ભારતમાં પૂર્ણ કક્ષાના અને ૧૧ વાર વચગાળાના બજેટ રજૂ કરાયા છે. આ વર્ષે (૨૦૦૮)માં ભારતનું ૬૦ મું બજેટ રજૂ થશે. ૧૯૪૭ થી ૨૦૦૭ સુધીના દેશના નાણામંત્રી અને તેમને રજૂ કરેલા બજેટોની સંખ્યા બાજુમાં આપેલ કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ છે.

**સંદર્ભ સાહિત્ય**


૧. ભારતનો આર્થિક ઇતિહાસ (ભાગ-૨)
-યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ

૨. નાણું અને નાણાંકીય વ્યવસ્થા
-બી.એસ. શાહ પ્રકાશન

૩. જનરલ સ્ટડીઝ
- પ્રતિયોગિતા દર્પણ

૪. સફારી મેગેઝીન

૫. ગુજરાત સમાચાર

૭. દિવ્ય ભાસ્કર



**વિકાસને સમર્પિત**
**યોજના**
**વાંચો અને વંચાવો**

# રેલવે અંદાજપત્ર : ૨૦૦૮-૦૯



**વેઈટીંગલીસ્ટ ઉપરના પ્રવાસીઓને ઈ-ટિકીટીંગની તેમજ જનસાધારણ ટિકિટ બુકિંગની સેવા તમામ ઝોનલ રેલવેમાં વિસ્તારવામાં આવશે. આ પગલાંથી પ્રવાસીઓને રેલવે ટિકિટ સરળતાથી મળી રહેશે તથા હજારો બેકાર યુવકોને રોજી મળશે.**

- રેલવે મંત્રી શ્રી લાલુપ્રસાદ યાદવ

# રેલવે બજેટ : ૨૦૦૮-૨૦૦૯

*રેલવે મંત્રીએ રેલવેની નાણાંકીય પરિસ્થિતિ સુધારવામાં ૧૪ લાખ રેલવે કર્મચારીઓના ફાળાને બિરદાવતા રેલવે કર્મચારી કલ્યાણ ફંડ માટેના ફાળામાં ૨૦૦૮-૦૯ના વર્ષ માટે દસ ગણો વધારો કરવાની (કર્મચારી દીઠ રૂા.૩૫ થી વધારી રૂા. ૩૫૦૦૦/-) જાહેરાત કરી હતી. એમણે કહ્યું હતું કે રેલવે કર્મચારીઓ માટેની આરોગ્ય સેવાઓ સુધારવા ૧૩ નવાં કામો હાથ ધરવામાં આવશે. આ દરમ્યાન દિલ્હી, જયપુર, હુબલી અને રાંચી ખાતે રેલવે કર્મચારીઓ માટેની હોસ્પિટલો વગેરેમાં સગવડો વધારવામાં આવશે.*

રેલવે પ્રવાસીઓને સુરક્ષા બક્ષવા માટેની ભારતીય રેલવેની પ્રતિબદ્ધતા દોહરાવતાં રેલવેમંત્રી શ્રી લાલુપ્રસાદે રેલવે સ્ટેશનોએ સલામતીની વ્યવસ્થા સુદ્રઢ કરવા એક સંગઠિત યોજનાની જાહેરાત કરી હતી. આ યોજના હેઠળ મહત્ત્વનાં રેલવે સ્ટેશનોએ ક્લોઝ સરકિટ ટીવી સેટ ગોઠવવામાં આવશે. આ ઉપરાંત અન્ય જોખમી સ્ટેશનોએ મેટલ ડીટેક્ટર, સામાનના સ્ક્રીનીંગની વ્યવસ્થા, સ્ફોટક પદાર્થો શોધી કાઢી એનો નિકાલ કરવાની સીસ્ટમ તેમજ પ્રવાસીઓના સ્ક્રીનીંગની વ્યવસ્થા ઉભી કરવામાં આવશે. વધુમાં રેલવે સંરક્ષણ દળને તમામ આધુનિક સાધનસામગ્રીથી સુસજ્જ કરી એને પૂરતું ફંડ પૂરૂં પાડવામાં આવશે. રેલવેમંત્રીએ જાહેર કર્યુ હતું કે રેલવે સંરક્ષણ દળમાં કોન્સ્ટેબલ તથા સબઈન્સ્પેકટરની લગભગ ૬૭૦૦ ખાલી જગા આગામી મે માસ સુધીમાં ભરવામાં આવશે. ૫ થી ૧૦ ટકા ખાલી જગા મહિલાઓ માટે અનામત રખાઈ છે. વધારાની ૯૭૩ જગાઓ માટે આવતા વર્ષે ભરતી કરવામાં આવશે.



**સીનિયર સીટિઝન મહિલાઓને તમામ પ્રવાસમાં ૫૦ ટકા કન્સેશન**

સીનિયર સીટિઝન એવી તમામ મહિલા પ્રવાસીઓ, જેમને હાલમાં રેલવે પ્રવાસમાં ભાડામાં ૩૦ ટકા કન્સેશન આપવામાં આવે છે. એમને હવે ૫૦ ટકા કન્સેશન આપવાની જાહેરાત રેલવે અંદાજપત્રમાં કરવામાં આવી છે. હાલમાં વિદ્યાર્થીનીઓને ૧૨માં ધોરણ સુધીના અભ્યાસ માટે એમના ઘર થી શાળા સુધીના રેલવે પ્રવાસની બીજા વર્ગની માસિક ટિકિટ મફત આપવામાં આવે છે. આને બદલે હવે છેક સ્નાતક કક્ષાના અભ્યાસ સુધી બીજા વર્ગના પ્રવાસમાં માસિક પાસ મફત આપવામાં આવશે. આજ રીતે વિદ્યાર્થીઓને ૧૦માં ધોરણ સુધી બીજા વર્ગના પ્રવાસ માટે મફત પાસ અપાય છે એને બદલે ૧૨માં ધોરણ સુધીનાં અભ્યાસ માટે આ કન્સેશન અપાશે.

અશોક ચક્ર વિજેતાઓ હવે એમના કાર્ડ પાસ ઉપર રાજધાની અને શતાબ્દિ ટ્રેનમાં પણ પ્રવાસ કરી શકશે. એઈડસના દર્દીઓ માટે સારવાર અંગે નિશ્ચિત કરાએલાં એઆરટી કેન્દ્રો સુધી રેલવે પ્રવાસ માટે બીજા વર્ગના ભાડામાં ૫૦ ટકા કન્સેશનની જાહેરાત કરાઈ છે. માતા અને બાળકને તબીબી સગવડો પૂરી પાડવા રાજીવ ગાંધી ફાઉન્ડેશન અને ભારતીય રેલવે ભેગા મળીને, પ્રાયોગિક ધોરણે સાત ડબાની મધર-ચાઈલ્ડ હેલ્થ એક્સપ્રેસ શરૂ કરશે. ડીલિવરીની શસ્ત્રક્રિયા અને બાળ આરોગ્ય કેન્દ્ર વગેરેની સગવડોથી સુસજ્જ આ ટ્રેનમાં પ્રવાસ માટે ભાડામાં કન્સેશન પૂરૂં પાડવામાં આવશે.

**રાજધાની, શતાબ્દિ અને સુપરફાસ્ટ ટ્રેનોની સફાઈ માટે શ્રેણીબંધ પગલાં**

રેલવેમંત્રી શ્રી લાલુપ્રસાદે પ્રવાસીઓ માટે રેલવે પ્રવાસ વધુ સલામત, આનંદપૂર્ણ અને આરામદાયક બનાવવા અંદાજપત્રમાં કેટલીક મહત્વની પહેલની જાહેરાત કરી છે. એમણે કહ્યું હતું કે રેલવે સ્ટેશનોએ રીઝર્વેશનનાં કાઉન્ટરો ઉપર નજરે પડતી લાંબી લાંબી લાઈનોનો બે વર્ષમાં અંત લાવવા ઈન્ફોર્મેશન ટેકનોલોજીનો ઉપયોગ કરીને બહુ પાંખીઓ વ્યૂહ ઘડી કાઢવામાં આવ્યો છે. આ માટે મોબાઈલ ફોનથી રેલવે ટિકિટોનું બુકિંગ શક્ય બનાવવાનો વિકલ્પ ઘડાઈ રહ્યો છે. વધુમાં લોકોને એમની નજીકમાંથી રેલવે ટિકિટ મળી રહે એ માટે યુટીએસ કાઉન્ટરની સંખ્યા વધારીને ૧૫૦૦૦ અને ઓટોમેટિક ટિકિટ ઈસ્યુ કરતાં મશીન કાઉન્ટરોની સંખ્યા વધારીને ૬૦૦૦ કરવામાં આવશે. વેઈટીંગલીસ્ટ ઉપરના પ્રવાસીઓને ઈ-ટિકીટીંગની તેમજ જનસાધારણ ટિકિટ બુકિંગની સેવા તમામ ઝોનલ રેલવેમાં વિસ્તારવામાં આવશે. આ પગલાંથી પ્રવાસીઓને રેલવે ટિકિટ સરળતાથી મળી રહેશે તથા હજારો બેકાર યુવકોને રોજી મળશે.

રાત્રી ટ્રેનોમાં પ્રવાસી કરતા મુસાફરોને રાત્રી દરમ્યાન આવતાં સ્ટેશનોએ ઉતરવામાં મદદરૂપ થવા હવે રાતે દોડતી તમામ મેઈલ અને એક્સપ્રેસ ટ્રેનોમાં નજીકનાં રેલવે સ્ટેશને પહોંચવાનો સમય દર્શાવતા ડીસ્પ્લેબોર્ડ ગોઠવવામાં આવશે. આ ઉપરાંત આ અંગે લાઉડસ્પીકર ઉપર જાહેરાત કરવાની જે સગવડ હાલમાં માત્ર રાજધાની અને શતાબ્દિ ટ્રનોમાં છે એ હવે પસંદગીની મેઈલ અને એક્સપ્રેસ ટ્રનોમાં દાખલ કરવાનો નિર્ણય લેવાયો છે. એ અને બી કેટેગરીનાં ૧૦૦ રેલવે સ્ટેશનોએ ટ્રેનો આવવા જવાની માહિતી તેમજ કયા પ્લેટફોર્મ ઉપરથી ટ્રેન ઉપડશે અને કયા પ્લેટફોર્મ ઉપર આવશે એ અંગેની વિગતો દર્શાવતાં બોર્ડ આ સ્ટેશનોના પાર્કિંગ તથા પ્રવેશના દરવાજે ગોઠવવામાં આવશે. એ અને બી કેટેગરીનાં તમામ સ્ટેશનોએ રીઝર્વેશનની ઓફિસોમાં ઓન લાઈન રીઝર્વેશનની માહિતીનાં બોર્ડ પણ મુકવામાં આવશે.

રેલવે મંત્રીએ જાહેર કર્યું હતું કે રાજધાની ટ્રેનોમાં પ્રવાસને વધુ આરામદાયક બનાવવા માર્ચ ૨૦૧૦ સુધીમાં સ્ટેઈનલેસ સ્ટીલ - આઈસીએફ બોગી સાથેના એલએચબી કોચ ગોઠવવામાં આવશે. બાકીની શતાબ્દિ ટ્રેનોમાં માર્ચ ૨૦૧૧ સુધીમાં આ સગવડ પૂરી પાડવામાં આવશે. આ પછીના તબક્કે મેઈલ અને એક્સપ્રેસ ટ્રેનોમાં પણ આવા કોચ મુકવામાં આવશે. એમણે કહ્યું હતું કે રેલવે મંત્રાલયે પ્રવાસીઓને વધુ સગવડ પૂરી પાડવા મધ્યમ અને નીચલા સ્તરનાં તમામ રેલવે પ્લેટફોર્મ ખાતે લીફ્ટ અને એસ્કેલેટરની સગવડો ઉભી કરવામાં આવશે, પ્લેટફોર્મની ઉંચાઈ વધારવામાં આવશે અને પ્રવાસીઓને ગરમી, વરસાદ અને ઠંડી સામે રાહત પૂરી પાડવા શેલ્ટર લંબાવવામાં આવશે. ૩૦ પ્લેટફોર્મ ઉપર પ્લેટફોર્મની હાલની લંબાઈ વધારવામાં આવશે અને ૩૦ મોટાં સ્ટેશનોએ કાર પાર્કીંગ વગેરેની સગવડો વધારવામાં આવશે. એમણે ટ્રેનોની સફાઈ ઉપર ભાર મૂકતાં કહ્યું હતું કે કેટલીક રાજધાની અને શતાબ્દી ટ્રેનોમાં ચાલુ ટ્રેનોએ સફાઈનો પ્રોજેક્ટ પ્રાયોગીક ધોરણે અમલમાં મુકાયો છે અને એના પરિણામ સંતોષકારક રહ્યા છે. આથી હવે તમામ રાજધાની, શતાબ્દિ અને સુપરફાસ્ટ મેઈલ અને એક્સપ્રેસ ટ્રેનોમાં ચાલુ ટ્રેનોએ સફાઈ માટે અદ્યતન મશીન ગોઠવવામાં આવશે. ૧૧મી પંચવર્ષીય યોજનાના અંત સુધીમાં ટ્રેનોના તમામ ૩૬ હજાર ડબ્બામાં રૂા. ૪ હજાર કરોડના ખર્ચે સ્વચ્છ ટોઈલેટની સગવડ ઉભી કરવામાં આવશે.

### ઉતારુ ભાડામાં ઘટાડો

રેલ્વે મંત્રી શ્રી લાલુ પ્રસાદે લોકસભામાં ૨૦૦૮-૦૯નું રેલવે અંદાજપત્ર રજૂ કરતાં રેલવે ટ્રેનોમાં વિવિધ વર્ગના ઉતારું ભાડામાં ઘાટાડાની જાહેરાત કરી છે. ૫રાં સિવાયની મેઈલ/ એક્સપ્રેસ અને ઓર્ડિનરી પેસેન્જર ટ્રેનના બીજા વર્ગના ભાડામાં ૧ રૂપિયાથી શરૂ કરી રૂા.૫૦ સુધીનો ઘટાડો કરવામાં આવશે. લાંબા અંતરના પ્રવાસીઓના લાભમાં તમામ મેઈલ / એક્સપ્રેસ અને ઓર્ડિનરી ટ્રેનના રૂા. ૫૦ થી વધુ રકમના ભાડામાં ૫ % નો ઘટાડો કરવામાં આવશે. નવી ડિઝાઈનના સ્લીપર કોચના ભાડામાં ૨ %નો ઘટાડો કરવામાં આવ્યો છે. નવી ડિઝાઇનના એસી થ્રી ટાયર અને એસી ચેર કાર કોચના ભાડામાં પણ ૨% નો ઘટાડો કરવામાં આવ્યો છે. જો કે રેલવે પ્રવાસની સિઝનમાં પોપ્યુલર ટ્રેનના ભાડામાં આ રીતનો ઘટાડો આનાથી માત્ર ૫૦% જેટલો રહેશે. ઉંચા વર્ગના રેલવે ભાડાને વધુ સ્પર્ધાત્મક બનાવવા રેલવે મંત્રીએ એસી ફર્સ્ટક્લાસના ભાડામાં ૭%નો અને એસી-ટુ ટાયરના ભાડામાં ૪%નો ઘટાડો જાહેર કર્યો છે. ભાડામાં આ ઘટાડા સાથે એસી ટ્રેનોના ભાડાંને તર્કસંગત બનાવવાની પ્રક્રિયા પૂરી થઈ છે.

### હાઈડેન્સસીટી નેટવર્કના રુટવાર વિકાસ

રેલવે મંત્રી શ્રી લાલુપ્રસાદે ગુડ્સ ટ્રેનો દ્વારા વધારાના ૩૧૦ મિલીયન મેટ્રીક ટનનો ભાર વહન કરી શકાય એ માટે પસંદગીના ૩૫ ઉપર વર્તમાન લાઈન કેપેસીટી વધારવા આગામી સાત વર્ષમાં રૂા. ૭૫ હજાર કરોડનું રોકાણ કરવાની જાહેરાત કરી છે. એમણે રેલવે અંદાજપત્ર રજૂ કરતાં વધુમાં જણાવ્યું હતું કે રૂટવાર વિગતવાર અભ્યાસ માટેની રૂપરેખા તૈયાર કરવામાં આવી છે અને એનો તક્કાવાર અમલ કરવામાં આવશે. આ દરમ્યાન રેલ્વે લાઈનોને બેવડાવી, ત્રીજી અને ચોથી લાઈન ઉભી કરવી, બાયપાસ, ફ્લાયઓવર, ઓટોમેટિક સિગ્નલ વગેરે જેવાં ૧૨૪ કામ હાથ ધરવામાં આવશે. એમણે કહ્યું હતું કે આમાંના ૧૦૪ કામ આગામી બે વર્ષમાં પૂરા કરવામાં આવશે.

### વિઝન ૨૦૨૫

ભારતીય રેલવેની હાલની સેવા અને કામગીરીમાં નોંધપાત્ર સધારા વધારા માટે આગામી છ માસમાં 'વિઝન ૨૦૨૫' ને આખરી સ્વરૂપ આપવામાં આવશે. રેલવે મંત્રી શ્રી લાલુપ્રસાદે રેલવે અંદાજપત્રમાં આ જાહેરાત કરી હતી. એમણે કહ્યું હતું કે સૂચિત વિઝન-૨૦૨૫ ના દસ્તાવેજમાં આગામી ૧૭ વર્ષના સમયગાળા માટે રેલવેની કામગીરી તેમજ એની સેવાના અપગ્રેડેશન માટેના લક્ષ્યાંકો નક્કી કરવામાં આવશે. આ લક્ષ્યાંકો સિધ્ધ કરવા એમાં વિગતવાર એકશન પ્લાન પણ હશે તેમજ જરૂરી મૂડીરોકાણ માટેની યોજનાઓનો પણ સમાવેશ થશે. રેલવે મંત્રીએ કહ્યું હતું કે સૂચિત દસ્તાવેજમાં રેલવેની પ્રવાસી સેવાની વધુ અદ્યતન અને આરામદાયક બનાવવા તેમજ રેલવે સેવાને વધુ સ્પર્ધાત્મક બનાવવાની વિવિધ યોજનાઓનો સમાવેશ કરવામાં આવશે. આ દસ્તાવેજમાં રેલવે ટ્રાફિકમાં ઉભા થતા અવરોધ ઘટાડવા વર્તમાન નેટવર્ક વિસ્તારવા તેમજ તેને અત્યાધુનિક બનાવવાનું આયોજન થશે. આ દસ્તાવેજનો મુખ્ય ઉદ્દેશ પ્રવાસીઓની સગવડો વધારવાનો અને પ્રવાસને વધુ આરામદાયક બનાવવાનો રહેશે.

### ગુડ્ઝ ટ્રેનની માલવહન ક્ષમતા વધારવા નવા વેગન

રેલવેની ગુડ્ઝ ટ્રેનોની માલવહન ક્ષમતા વધારવાના ઉદ્દેશથી ૨૦૦૮-૦૯ના વર્ષથી ૨૦.૩ ટન એક્સલ લોડ બીસીએન અને બીઓએક્ષએન વેગનો બનાવવાનું બંધ કરી માત્ર ૨૨.૯ ટન એક્સલ લોડ સ્ટેઈનલેસ સ્ટીલ વેગન બનાવવામાં આવશે. આ જાહેરાત રજૂ કરવામાં આવેલા રેલવે અંદાજપત્રમાં કરવામાં આવી છે. નવા રેલવે વેગનની લંબાઇ ઓછી હોવાથી બીસીએન વેગન ટ્રેનમાં ૪૦ વેગનને બદલે ૫૮ વેગન જોડી શકાશે. આને પરીણામે માલગાડીની માલવહન ક્ષમતા ૨૩૦૦ ટનથી વધી ૪૧૦૦ ટન થશે એટલે કે એમાં ૭૮ % નો વધારો થશે. વધુ માલવહન ક્ષમતા ધરાવતા નવી ડિઝાઈનનાં વેગનનો વધુમાં વધુ ઉપયોગ થઈ શકે એ માટે ૫૦૦૦ ખુલ્લા વેગનને અપગ્રેડ કરી સ્ટેઇનલેસ સ્ટીલના બનાવવામાં આવશે. વેગન લીઝ ઉપર આપવાનું બજાર વિકસાવવા એક નવી નીતિ ઘડવામાં આવશે.

દક્ષિણ મધ્ય અને દક્ષિણ પશ્ચિમ રેલવેમાં આગામી ૨ વર્ષમાં એન્ટીકોલીઝન ડિવાઇસ દાખલ

*(અનુસંધાન પાનાનં ૨૭ ઉપર)*

# રેલવે બજેટ - મુખ્ય અંશો
# કામગીરીની સમીક્ષા : ૨૦૦૭-૦૮

- પહેલા નવ મહિનામાં ટ્રાફિક આવકમાં આંકડાનો વૃધ્ધિદર જળવાઈ રહ્યો.
- પ્રવાસી આવકમાં ૧૪ ટકાનો વધારો તથા માલવહનની આવકમાં ધાર્યા મુજબની ૧૪ ટકાની વૃધ્ધિ.
- કુલ ટ્રાફિક આવકમાં અગાઉના વર્ષ કરતા ૧૬ ટકાનો તથા બજેટ અંદાજ કરતા બે ટકાનો વધારો.
- ઓપરેટીંગ રેશીયો છેલ્લા ચાર વર્ષનો શ્રેષ્ઠ રહ્યો.
- મૂડી પરનું વળતર ૨૧ ટકા જેટલું- અત્યાર સુધીનું સૌથી વધું.
- ડિવિડન્ડ પહેલાંની રોકડ પુરાંત વિક્મરૂપ, રૂા. ૨૫ હજાર કરોડ રહેવાની ધારણા.
- રૂા. ૧૮૪૧૬ કરોડની ચોખ્ખી આવકની ધારણા તથા ડિવિડન્ડ ચૂક્વા બાદની પૂરાંત રૂા. ૧૩૫૩૪ કરોડ રહેવાનો અંદાજ.

બજેટ અંદાજો : ૨૦૦૮-૦૯

- નૂર વહનનો લક્ષ્યાંક ૮૫ કરોડ ટનનો
- નૂર વહનની આવક રૂા. ૫૨૭૦૦ કરોડ અને પ્રવાસી આવક રૂા.૨૧૬૮૧ કરોડનો લક્ષ્યાંક.
- કુલટ્રાફિક આવકનો રૂા. ૮૧૯૦૧ કરોડનો લક્ષ્યાંક - સુધારેલ અંદાજ કરતાં ૧૨.૬ ટકાનો વધારો.
- ડિવિડન્ડ ચૂકવ્યા પહેલાંની રોકડ સરપ્લસ રૂા. ૨૪૭૮૩ કરોડની રહોવા અંદાજ - છઠ્ઠા કેન્દ્રીય



પગાર પંચની ભલામણોના પગલે લગભગ રૂા.૫૦૦૦ કરોડની એડહોક જોગવાઈ કર્યા બાદનો અંદાજ છે.

વાર્ષિક યોજના : ૨૦૦૮-૦૯

- વાર્ષિક યોજનાનું રૂા. ૩૭૫૦૦૦ કરોડનું જે અત્યાર સુધીની સૌથી મોટી વાર્ષિક યોજના.
- આગામી વર્ષમાં જે બાબતો પર ભાર મુકાશે તેમાં હાઈ ડેન્સીટી નેટવર્ક રૂટનો વિસ્તાર, ટ્રાફિક સુવિધા અને નેટવર્કનું વિસ્તરણ તથા સુધારેણા, ફ્લાયઓવર્સ તથા બાયપાસનું બાંધકામ અને માલના શેડનું અપગ્રેડશન.
- નવી રેલવે લાઈન માટે જોગવાઈ રૂા.૧૭૩૦ કરોડ, ગેજ રૂપાંતર માટે રૂા. ૨૪૮૯ કરોડ વીજળીકરણ માટે રૂા.૬૨૬ કરોડ તથા મેટ્રો - ટ્રાન્સપોર્ટ પ્રોજેક્ટ માટે રૂા.૬૫૦ કરોડ.
- પ્રવાસી સુવિધા માટે રૂા. ૮૫૨ કરોડની જોગવાઈ. અત્યાર સુધીની સોથી વધુ.
- લક્ષ્યાંક - નવી લાઈન માટે ૩૫૦ કિ.મીનો ગેજ રપાંતર માટે ૨૧૫૦ કિ.મી. નો અને ડબલ લાઈન માટે ૧૦૦૦ કિ.મીનો.

પ્રવાસી સુવિધા

- ૧૦ નવી ગરીબ રથ ટ્રેન શરૂ કરાશે.
- ૫૩ નવી ટ્રેન શરૂ કરવા દરખાસ્ત
- ૧૬ ટ્રેન (જોડી) લંબાવાશે.
- ૧૧ ટ્રેન (જોડી)ની ફ્રિકવન્સીમાં વધારો કરાશે.
- મુંબઇ ઉપનગરીય ૩૦૦ વધારાની

*(અનુસંધાન પાનાનં ૫૩ ઉપર)*

# રેલવે બજેટ ૨૦૦૮-૦૯

ડો. મહેશ આર. સોનારા

**રોજગારી વધારવાના ભાગરૂપે રેલવે મંત્રીએ જાહેરાત કરી છે કે, આગામી વર્ષમાં તમામ ખાલી જગ્યાઓ ભરાશે. અનુ. જાતિ, જનજાતિ માટે વિશેષ ભરતી અભિયાન ચલાવાશે. જોકે પછાત વર્ગના કર્મચારીઓની સંખ્યા તેમના ક્વોટા કરતા પણ વધારે હોવાનું રેલમંત્રીએ જણાવ્યું હતું. મંત્રાલય કેરલ રાજ્યમાં એક નવું રેલ્વે કોચ ઉત્પાદન કેન્દ્ર ખોલી રહ્યું છે. આ માટે કેરલ સરકારે મફત ૧૦૦૦ હેક્ટર જમીન ઉપલબ્ધ કરાવી છે.જેનાથી રાજ્યમાં રોજગારીની સંખ્યા વધશે.**

સમાજના તમામ વર્ગને ખુશ કરનારુ રેલ્વે બજેટ ૨૦૦૮-૦૯ રેલ્વે પ્રધાનશ્રી લાલુપ્રસાદ યાદવે રજુ કર્યું. શ્રી લાલુ પ્રસાદે તેમનું પાંચમુ બજેટ રજુ કરતા બતાવ્યું કે રેલ્વે મંત્રાલયના ૧૪ લાખ કર્મચારીઓની મહેનતની કહાનીના પરિણામે રેલ્વેએ વર્ષ ૨૦૦૭-૦૮ દરમ્યાન રૂા.૨૫,૦૦૦ કરોડનો નફો કર્યો. આજે વિશ્વની નજર ભારતીય રેલ ઉપર છે. જ્યારે ગત વર્ષે ભાડુ કે નુર વધાર્યા સિવાય આ વિકાસ કર્યો છે જે રેલ્વેના ઇતિહાસની શુભ ઘડી કહી શકાય. પૂર્વના વર્ષોમાં આપણે નિહાળ્યુ છે કે દર વર્ષે ભાડુ નુર વધવા છતાં રેલ્વેમાં ભારે ખોટ અનુભવવી પડતી હતી. માર્કેટીંગના નિષ્ણાંત રેલ્વે પ્રધાનના સમયમાં લોહિયાવાદ-સમાજવાદનાં બદલાવ જોવા મળ્યો. રેલ્વે કર્મચારીઓની સેવા-સમર્પણને સંસદે આવકારી છે. પાંચમું બજેટ રજુ કરતા રેલ્વે પ્રધાને જણાવ્યું કે છેલ્લા ચાર વર્ષમાં રેલ્વે તંત્રને ૬૮,૭૭૮ કરોડરૂા નો લાભ થયો છે. આમાંથી ૩૯,૨૦૫ કરોડ રૂાનું કોરાણ માત્ર રેલ સુવિધામાં થયું છે. રેલ્વે પ્લાન કદ ચાર વર્ષમાં રૂા.૧૧,૦૦૦ કરોડની વધીને રૂા. ૩૦,૦૦૦ કરોડ થયું છે. અને આવનારા પાંચવર્ષમાં રૂા. ૨,૫૦,૦૦૦ કરોડનું રોકાણ થશે. રેલવે માટે આટલું મોટું રોકાણ મુશ્કેલ હોઇ પબ્લિક-પ્રાઇવેટ પાર્ટનરશીપ અન્વયે રૂા. ૧,૦૦,૦૦૦ કરોડ ખાનગી ભાગીદારી




થી મેળવાશે. જો કે કયા ક્ષેત્રમાં કેટલી ખાનગી ભાગીદારી થશે તેની કોઇ સ્પષ્ટતા થઇ નથી. પરંતુ રેલ્વે સ્ટેશનોના વિકાસમાં ખાનગી ભાગીદીરીની આવશ્યકતા જણાય છે.

બજેટમાં એક વાત સ્પષ્ટ છે કે મંત્રલયે રેલ સંપત્તિનો મહત્તમ ઉપયોગ કરીને આવક મેળવી છે. એક રીતે જોઇએ તો પ્રતિસ્પર્ધીને સાથીદાર બનાવેલ છે. છેલ્લા જ બજેટમાં રેલ મંત્રીએ ભાડુ વધાર્યું નથી છતાં યાત્રીભાડાથી રેલ્વેની આવક ૧૪% વધી છે. મંત્રાલયે અર્થશાસ્ત્ર અને મેનેજમેન્ટના સિધ્ધાંતોને વાસ્તવિક કરી બતાવ્યા છે. એટલે કે ભાડુ વધારવાની જગ્યાએ યાત્રીઓની સંખ્યા વધારીને આવક વધારવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. નવુ આ વર્ષે એ થયું કે સ્લીપર કોચ-બીજા વર્ગનું ભાડું ૫ % ઘડાડ્યું છે જેનાંથી રસ્તા પરના ટ્રાફિકમાં ઘટાડો થશે. જેનું સરકારને ઘણું ટેન્શન છે. વિમાની પ્રવાસીઓને વિમાન જેવી સુવિધા મળે તે રીતે પ્રથમ શ્રેણી વાતાનુકુલુત નું ભાડુ ૭% સુધી ઘટાડ્યું છે. આમ યાત્રી ભાડાના ઘટાડાથી વધારે ને વધારે યાત્રીઓ રેલ્વે તરફ આકર્ષાશે. આના દ્વારા રેલમંત્રી પ્રવાસીઓની સંખ્યા વધારાથી રૂા.૨૦૦૦ કરોડની વધારાની આવક મેળવશે.

વેપાર, ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકોને રેલમંત્રી શરૂઆતથીજ ખુશ રાખતા આવ્યા છે.અગાઉ માલ લોડીંગ અનલોડીંગમાં ખૂબજ સમય જતો હતો. ભ્રષ્ટાચાર પણ ખૂબજ જોવા મળતો હતો. વેપારીઓની હાડમારી દૂર કરવા

(લેખક એચ.એ. કોલેજ ઓફ કોમર્સ, અમદાવાદમાં અધ્યાપક અને ડી.આર.યુ.સી.સી. પશ્ચિમ રેલ્વે ના પૂર્વ સભ્યશ્રી છે.)

લાલુપ્રસાદે ઇન્ડસ્ટ્રી માલિકો સાથે સીધી વાત કરી તેમની તમામ મુશ્કેલીઓ દૂર કરી એને મેનેજમેન્ટ ગુરુની સ્ટાઇલની માલપિરવહન દ્વારા આવક વધારી. આ પખતે નૂરભાડા યથાવત રાખી વેપારીઓ પર કોઇ વધુ બોજ પડવા દિધો નથી. તાજેતરમાં પેટ્રોલ-ડિઝલના ભાવો વધ્યા હોવા છતા તેની ફુગાવારૂપી અસરોના થાય તેવા હેતુથી પેટ્રોલ ડિઝલ પરના નૂરભાડામાં ૫% નો ઘટાડો જાહેર કર્યો છે. કંટેનર ટ્રેનના ડબ્બાની સંખ્યા ૫૦ થી વધારી ૫૫ કરાશે જેથી ઓછા ખર્ચે વધુ આવક મળે અને આ વર્ષે માહવહનનો લક્ષ્યાંક ૬૯ કરોડ ટન નો રખાયો છે. આનાથી રેલ્વેની આવક વધશે અને રસ્તા પરનો ટ્રાફિક ઘટશે.

રેલવે મુસાફરોની હાલાકી ઘટાડવા અથાગ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.જેમાં એક છે ટીકીટ મેળવવાની લાંબી લાઇનો. મુસાફરોને સવલત અપાવવા અને સમય અને પૈસાની બચત કરાવવા રેલવે ટીકીટ કાઉન્ટર પરની લાઇનો ઘટાડવાનું અને બે વર્ષમાં ટીકીટ બારી પરની લાઇન બંધ કરવાનું વચન આપ્યું છે. ૧૫,૦૦૦ યુટીએસ કાઉન્ટર ખોલવામાં આવશે. આ માટે મંત્રાલયે અલગ રણનીતી બનાવી છે. હવેથી યાત્રીઓ ઘેરબેઠા કોમ્પ્યુટરથી કે ગલી મહોલ્લાના નાકેથી વેન્ડીંગ મશીન પરથી ટીકીટ મેળવી શકશે. ગત બજેટમાં ૬૦૦૦ વેન્ડીંગ મશીન નાખાવનું વચન આપ્યું હતું પરંતુ તેમાંથી હાલમાં ૨૫૦ ઓટોમેટીક ટીકીટ વેન્ડીંગ મશીન કામ કરે છે. આગામી વર્ષમાં આ સંખ્યા ૬૦૦૦ કરવાનું આયોજન છે. હાલમાં ઇ-ટીકીટ મેળવનાર મુસાફરોની સંખ્યા ૧ લાખની છે જે ૨૦૦૮-૦૯ માં ૩ લાખ કરવાની આશા છે. આ ઉપરંત હાલ દેશમાં મોબાઇલ ધારકોની સંખ્યા ૩૦ કરોડની છે જે ૨૦૧૦ માં ૫૦ કરોડની થવાનો અંદાજ છે. આથી મોબાઇલ ધારકો મોબાઇલ પરજ ટીકીટ મેળવી શકે તેવું આયોજન છે. હાલમાં મોબાઇલ પર માત્ર કન્ફર્મ ટીકીટ મળે છે. આગામી વર્ષમાં મોબાઇલ પરથી આરક્ષિત અને ગેર આરક્ષિત (વેઇટીંગ લીસ્ટ) ટીકીટ પણ મળશે. આનાથી મુસાફરોની હાલાકીતો ઘટશે જ પણ રોજગારીમાં પણ વધારો થશે.

દેશની આર્થિક રાજધાની કે જ્યાં રેલ્વેનો મહત્તમ લોકો ઉપયોગ કરે છે.તેના માટે રેલમંત્રીએ ખાસ સારા સમાચાર આપ્યા છે. મુંબઇવાસીઓને 'ગો મુંબઇ કાર્ડ' ના નામે એક સ્માર્ટ કાર્ડ આપવામાં આવશે. જેનો ઉપયોગ તેઓ રેલ્વે ટીકીટ, પ્લેટફોર્મ ટીકીટ, લોકલ ટ્રેન ટીકીટ, સીઝન પાસ વગેરે માટે કરી શકશે.

ઉપરોક્ત જન સાધારણ ટીકીટ કાઉન્ટરનો મોટા પાયે વિસ્તાર કરવાનું આયોજન છે.

રેલ્વે સ્ટેશનોના વિકાસનું કામ ચાલું છે જેમાં ૫૬૦ સ્ટેશનો પર પ્લેટફોર્મના લંબાઇ વિસ્તારનું આયોજન હતું. જેમાંથી ૪૧૬ સ્ટેશનો પરથી કામગીરી પૂર્ણ થઇ ગઇ છે અને બાકીના ૧૪૪ સ્ટેશનો પરની કામગીરી સપ્ટેમ્બર ૨૦૦૮ સુધીમાં પૂર્ણ થઇ જશે.

સ્ટેશનો પર પાર્કિંગ એક મોટી સમસ્યા છે. આ હાલાંકી રોજીંદા મુસાફરો એ ખૂબ સહન કરવી પડે છે. આ માટે મંત્રાલયે ૩૦ માટે સ્ટેશનો પર મલ્ટીલેવલ પાર્કીગનું આયોજન કર્યુ છે.

રેલ્વે સ્ટેશનો પર કમજોર, વૃધ્ધ, માંદા માણસો ખૂબ મુશ્કેલ અનુભવે છે ખાસ કરીને એક પ્લેટફોર્મથી બીજા પ્લેટફોર્મ પર જવામાં આવી તકલીફો મહિલાઓ અને બાળકોને પણ પડે છે. આ તકલીફ દૂર કરવા મંત્રાલય ૫૦ સ્ટેશનો પર એક્સેલેટર - લીફ્ટની સુવિધા આપશે. આનાથી સામાન સહિત જતા આવતા જરૂરિયાતમંદ લોકોને ઘણી રાહત મળશે. ઉપરાંત લો લેવલ પ્લેટફોર્મ ને મીડીયમ લેવલ પ્લેટફોર્મ બનાવાશે જ્યારે ૨૦૩ મીડીયમ લેવલ પ્લેટફોર્મને હાઇલેવલ પ્લેટફોર્મ બનાવાશે. બી શ્રેણીના પ્લેટફોર્મ માટે નવી સુવિધા વિકસાવાશે. હાઇ લેવલના એ અને બી શ્રેણીના ૧૯૫ સ્ટેશનો ઉપર ફુટ ઓવરબ્રીજ બનશે. આ રીતે રેલ્વેસ્ટેશનો નો ખૂબ સારો વિકાસ થશે. જોકે ગયા બજેટમાં પણ સ્ટેશન સફાઇ તથા સ્ટેશનો વિશ્વસ્તરના બનાવવાની જાહેરાત થઇ હીત પરંતુ તેમાં નકકર શું થયું તેની માહિતી અપાઇ નથી પણ આ વખતે ખાનગી ભાગીદારીથી સ્ટેશનોનો વિકાશ થશે એવી આશા છે.

સ્ટેશનો અને કોચની સફાઇ તથા ગંદકી બાબતે મુસાફરો ખૂબ ચિંતિત છે. આ બજેટમાં સફાઇ અર્થે ૩૬ હજાર કોચમાં રૂા. ૪૦૦૦ કરોડના ખર્ચે ડિસ્ચાર્જ ફ્રી ગ્રીન ટોયલેટ બનાવવાનું આયોજન છે. આનાથી રેલ્વે - પાટા પરની ગંદકી દૂર થશે. ઉપરાંત રાજધાની, શતાબ્દિ ટ્રેનેમાં પ્રશિક્ષિત સફાઇ કર્મચારીઓની વ્યવસ્થા થશે. જો કે કોચ અને સ્ટેશનોની સફાઇ-ચોખ્ખાઇ બાબતે ભૂતકાળના અનુભવોના આધારે ચોક્કસ શું થશે તે કહેવું મુશ્કેલ છે પણ એક વાત ચોક્કસ છે કે જો સ્ટેશનો પર અને કોચમાં ગદકી દૂર કરવી હશે તો તે માટેના પ્રયત્નો મુસાફરો એ પોતે કરવા પડશે. દરેક યાત્રી ચોખ્ખાઇનું ધ્યાન રાખે, કચરો ગમે ત્યાં ન ફેંકે અને નિયમોનું પાલન કરે તો તંત્રની મદદ વગર પણ ૮૦% જેટલી ચોખ્ખાઇ સફાઇ જોવા મળે.

માહિતીયુગમાં મુસાફરોને ત્વરિત માહિતી મળે અને બિનજરૂરી હાલાકી

વેઠવી ના પડે તેવા હેતુથી મંત્રાલયે ૧૩૯ ટેલીફોન સુવિધા ઊપલબ્ધ બનાવેલ છે. જેનો ઉપયોગ વર્ષમાં ૨ લાખ લોકો કરે છે. આ સંખ્યા આગામી ૨ વર્ષમાં ૫ લાખ કરવાનું આયોજન છે.હવેથી આ સેવા લોકલ દરે ઉપલબ્ધ બનશે. ઉપરાંત ૨૦૦૯ સુધીમાં રેલવે કોલ સેન્ટર પણ શરૂ થઈ જશે. ૨૦૦૯ સુધીમાં દરેક સ્ટેશન પર ટ્રેન સબંધિક સૂચના ઉપલબ્ધ કરાવવાનું આયોજન છે. સ્ટેશનો પર પાર્કિગં વગેરે જગ્યાએ આરક્ષણ તથા ટ્રેન સબંધી માહિતી ડિસ્પ્લે પર ઉબલબ્ધ બનશે. મેલ એક્પ્રેસ ટ્રેનોમાં ઓન લાઈન કોચ ઈન્ડિકેશન ડિસ્પ્લે બોર્ડ મુકવામાં આવશે. જેનાથી કોચમાંજ ટ્રેન આગમન - પ્રશથાન પહોંચવાનો સમય વગરે માહિતી મળશે. રાતના સમયે જે તે સ્થળે ટ્રેન પહોંચે ત્યારે ત્યાંના મુસાફરોને ખૂબ મુશ્કેલી પજે છે, તેદૂર કરવા આંતરરાષ્ટ્રીય વિમાનઘર જેવી સુવિધા આપવાનો રેલ મંત્રાલયનો સંકલ્પ છે. આમ માહિતીયુગમાં દરેક પ્રવાસીને સતત ટ્રેન સંબંધી માહિતી ટ્રેનમાં અને સ્ટેશન પર મળે તેવું સુંદર આયોજન છે. વાસ્તવમાં તે સત્વરે અમલમાં આપવી જોઈએ.

પ્રવાસીઓને મુસાફરીનો આનંદ મળે તેવા હેતુથી ૨૦૦૯થી સ્ટીલના ડબ્બાનું ઉત્પાદન થશે. અને ૨૦૧૦ બાદ બધાજ ડબ્બા સ્ટીલના બનાવવાનું આયોજન છે. આ ડબાઓ લાંબા સમય સુધી ઉપયોગમાં લઈ શકાય છે. તે વધારે આરામ દાયક હોય છે. અને તેની વહન ક્ષમતા હાલની કોચની વહનક્ષમતા કરતા ૧૦ થી ૧૬ ટકા જેટલી વધારે હશે. ઉપરાંત આગામી વર્ષમાં ૧૫,૦૦૦ વેગન ડબ્બાનું ઉત્પાદન કરવાનું વિચારાયું છે. વેગનો પણ સ્ટીલનાજ બનશે માલવાહક ગાડીઓની ક્ષમતા પણ વધારવાની છે. પાટાની નીચે લાકડાની પટ્ટીની જગ્યાએ એલઈડી પટ્ટીઓ લગાડાશે.ઓટોમેટીક સિગ્નલ સુવિધાને સફળતા મળતા હવે વધુને વધુ ઓટોમેટીક સિગ્નલ સ્થપાશે. જેનાથી શહેરોમાં સિગ્નલ પર વધુ સમય શક્તિ ખર્ચાતા અટકી જશે.

હાલમાં વર્ષોજુનું ચાલતું રેલવે ટાઈમટેબલ નવું બનાવવાની કામગીરી ચાલુ છે. ગત બજેટમાં તેનું આયોજન થયું હતું. આ વખતે છ મહિનામાંજ રેલવે વિઝન ૨૦૨૫ ડોક્યુમેન્ટ બહાર પાડવાની તૈયારી છે. હવેથી રેલ્વે મંત્રાલય પ્રતિયોગિતા અને સક્ષમતાના નવા મંત્ર સાથે કામ કરશે રેલ્વે મંત્રાલય નવા પ્રયોગો અને નવા વિચારો હંમેશા આવકારવા તત્પર છે. તે માટે હવે થી કોઈપણ નાગરિક તેના વિચારો, સલાહ સૂચન સીધાજ રેલવે મંત્રાલયને મોકલી શકશે. આ માટે રેલવેએ નવા પ્રયોગો માટે એક ગ્રુપની રચના કરી છે. આ વખતે મંત્રલય પારદર્શિતા પર વધુ ધ્યાન આપી રહેલ છે. એ જ રીતે પોર્ટ-રેલવે સંપર્ક સુધારવા પર ખાસ ધ્યાન આપેલ છે. પોર્ટ સાથે રેલવે નજીકનો નાતો છે અને મંત્રાલય પોર્ટથી ઘણો ધંધો મેળવે છે. આથી તેના પ્રશ્નો પડતર ના રહે અને વાતાઘાટોથી પ્રશ્નોનો ત્વરીત નિકાલ થાય તે મંત્રાલયના હિતમાં છે.

ભારતના રેલ મંત્રાલયના સાધનો-કોચની માંગ અન્ય દેશોમાં પણ થાય છે. ચીન સાથે રેલવે સહયોગનું આયોજન છે. જમાલપુરનું રેલવે કારખાનું એન્ટીક ઉપરાંત જુનું હોવાથી તેનું આધુનિકરણ થશે.

અકસ્માત ટાળવા વ્યવસ્થાતંત્રને આધુનિક ઉપકરણોથી સજ્જ કરવાનું આયોજન છે. બે ટ્રેન વચ્ચે સામસામે અથવા પાછળથી થતી ટક્કર રોકવા આ પ્રકારના ઉપકરણોની જરૂર પડશે. આ ઉપરાંત એક્સેલ બોક્સ બરીંગ ખોટકાતા કે પછી પૈડામાં ખરાબી સર્જાતા થતા અકસ્માતો રોકવા એકોસ્ટિક બેરિંગ ડિટેક્ટર તેમજ ઈમ્પેક્ટ લોડ ડિટેક્ટર બેસાડીને મોનિટરીંગ માટે રૂપિયા ૨૫ કરોડના ખર્ચે ૬૫ ઉપકરણ લગાડવામાં આવશે. ટ્રેકની ખામી શોધવા ૩૦૦ જેટલા ડિજીટલ ડીઆરટી અંગો લગાડવામાં આવશે. ઉતારુ કોચને આંતરરાષ્ટ્રીય કક્ષાના અગ્નિશામક ઉપકરણોથી સજ્જ કરવામાં આવશે. ૭૦૦ કરોડ રૂા. ના ખર્ચે ધુમાડો નિકળતાજ આગ સબંધી ચેતવણી મળી રહે તેવી વિશેષ વ્યવસ્થા ની યોજના છે.

ભારતમાં ૧૬૬૦૦ માનવ સહિત રેલ્વે ક્રોસિંગ છે. જ્યારે ૧૮૨૦૦ માનવ રહિત રેલ્વે ક્રોસિંગ છે. હાલમાં વાહનવ્યવહાર વધતા અકસ્માતની શક્યતા વધી છે. નવા આયોજનમાં તેને માનવરહિત ક્રોસિંગ પર કર્મચારીઓની નિમણૂંક કરી તેને માનવ સહિત ક્રોસિંગ બનાવાશે. જેનાથી હજારો પરિવારો રોજગારી મેળવી શકશે.

આ ઉપરાંત રોજગારી વધારવાના ભાગરૂપે રેલવે મંત્રીએ જાહેરાત કરી છે કે, આગામી વર્ષમાં તમામ ખાલી જગ્યાઓ ભરાશે. અનુસૂચિત જાતિ, જનજાતિ માટે વિશેષ ભરતી અભિયાન ચલાવાશે. જોકે પછાત વર્ગના કર્મચારીઓની સંખ્યા તેમના ક્વોટા કરતા પણ વધારે હોવાનું રેલમંત્રીએ જણાવ્યું. મંત્રાલય કેરલ રાજ્યમાં એક નવું રેલ્વે કોચ ઉત્પાદન કેન્દ્ર ખોલી રહ્યું છે. આ માટે કેરલ સરકારે મફત ૧૦૦૦ હેક્ટર જમીન ઉપલબ્ધ કરાવી છે.જેનાથી રાજ્યમાં રોજગારીની સંખ્યા વધશે.

રોજગારી વધારવાના અભિયાન રૂપે રેલમંત્રીએ જણાવ્યું કે મંત્રાલયમાં બઢતીની પ્રક્રિયા ચાલુજ છે આથી મંત્રાલયના વર્ગ ૪ ના કર્મચારી ગેંગમેનને બઢતી મળવાથી

તેની હજારો જગ્યાઓ ખાલી પડી છે. આ જગ્યાઓ લાયસન્સદારી કુલિઓથી ભરાશે. બાળપણથીજ બોજ ઉઠાવવાનું કામ કરતા કુલીઓ મોટાભાગે દેશના ગરીબ-પછાત વર્ગમાંથી આવે છે. હવેથી કુલીઓ રેલ્વેના વર્ગ-૪ના કર્મચારી બનશે. આ બજેટે તેમના ખભા પરનો બોજ ઉઠાવ્યો છે. હવે નવા કુલીઓ માટે જગ્યાઓ ખાલી પડશે. આ રીતે રોજગારી વધારવા મંત્રાલયે ખૂબજ સાહિસક પગલા ભર્યા છે. મંત્રાલાયે મહિલાઓ માટે ૫ % અનામતની તરફેણ કરે છે. હાલમાં મહિલા અનામત બીલ સંસદમાં પેન્ડીંગ હોવાથી રેલમંત્રી પોતાના મંત્રાલયમાં મહિલાઓને ૫% વિશેષ રોજગારી સવલત આપશે.

એક રીતે વિમેન ફ્રેન્ડલી કહી શકાય તેવા બજેટમાં વયસ્ક મહિલાઓને યાત્રી ભાડામાં તમામ વર્ગમાં ૫૦% ની રાહત આપી છે. જયારે છાત્રાઓને સ્નાતક સુધીના શિક્ષણ માટે ઘરથી શિક્ષણધામ સુધી મફત મુસાફરી નો લાભ અપાયો છે. આનાથી એક રીતે કન્યા કેળવણીને પ્રોત્સાહન મળશે અને તેના ફળ સમાજને લાંબાગાળે જોવા મળશે.

હાલમાં પરમવીરચક્ર, મહાવીરચક્ર, વીરચક્ર જવાનોને જે સુવિધા મળે છે તેમાં અશોકચક્ર વિજેતા જવાનો અધિકારીઓનો પણ સમાવેશ કર્યો છે. અશોક ચક્ર વિજેતા જવાનો ન મળતા લાભ રાજધાની, શતાબ્દિ ટ્રેનોમાં પણ મળશે.

ધોરણ ૧૨ સુધી અભ્યાસ કરતા છાત્રોએ હવેથી રેલ્વે પાસ લેવો પડશે નહિં. શિક્ષણને ઉત્તેજન આપવાનું આ ઉમદા કદમ છે.

મંત્રાલય માતા-બાળકોને સારા પ્રકારની ચિકિત્સા સુવિધા ઉપલબ્ધ કરાવાવ રાજીવ ગાંધી ફાઉન્ડેશનના સહયોગથી એક ૭ ડબાની ટ્રેન પાયલટ બેઝીઝ પર શરૂ કરશે. જેમાં પ્રસુતી, ઓપરેશન, ચાઇલ્ડ હેલ્થની સુવિધા ઉપલબ્ધ કરાશે.

હાલમાં રેલ્વેમાં સૌથી મહત્વનો પ્રશ્ન સુરક્ષાનો છે. આ માટે સુરક્ષાકર્મીઓની સંખ્યા વધારવાનું આયોજન છે. જે માટે ૫૭૦૦ સુરક્ષાકર્મીની ભરતી કરાશે. મોટા સ્ટેશનો પર ક્લોઝ સર્કિટ કેમેરા તથા સીસીટીવી અને મેટલ ડિટેક્ટરની વ્યવસ્થા કરાશે. ઉપલબ્ધ રેલ્વે સુરક્ષાદળોને આધિનિક ઉપકરણોથી સજ્જ કરાશે. હાલમાં ૧૮૫ જેટલા રેલ્વે સ્ટેશનો આતંકવાદીઓના નિશાન પર છે. ટ્રેનોમાં થતી છેડતી, જાતીય શોષણ, લુંટફાટ, ટ્રેનમાંથી ફેંકી દેવું જેવા બનાવો રોકવા વિશેષ સુરક્ષાની જરૂર છે. હાલમાં ભારતમાં મોટાભાના લોકો રેલ્વેમાં મુસાફરી કરે છે અને મંત્રાલય વધુને વધુ લોકો રેલવેનો ઉપયોગ કરે તે માટે સતત પ્રયત્નશીલ છે. ત્યારે સુરક્ષાના વિશેષ ઉપાયોની આવશ્યકતા છે. રેલ્વે ક્રાઇમમાં ઘટાડો થયો છે તેવું કહી શકાય પરંતુ તેનો આંક નહિવત થાય તે દિશામાં નક્કર પ્રયત્નોની જરૂર છે.

રેલમંત્રીએ એક મહત્વની વાત એ જણાવી કે રેલવેના વિકાસમાં જમીન સંપાદનમાં ખૂબ મુશ્કેલી પડે છે. ઘણી જગ્યાએ રાજ્ય સરકારોના અસહકારથી વિકાસકાર્યોમાં અવરોધ પેદા થાય છે. આથી ૧૯૯૮ના જમીન સંપાદન અધિનિયમન હેઠળ રેલ્વે ખાસ અધિકારીની નિમણૂક કરશે જેને જમીન સંપાદન કરવાની સત્તા રહેશે, અને આનાથી રેલ્વેનો વિકાસ ઝડપથી આગળ વધી શકશે.

પૂર્વોત્તર રાજ્યોના વિકાસ માટે રેલવે વિકાસનિધીની સ્થાપના કરી છે. આનાથી પૂર્વોત્તર રાજયોનો વિકાસ વધુ થશે. ઉપરાંત ત્યાં પહોંચાડાતા માલસામાન પર નૂર-ભાડામાં ૬% ઘટાડો કરવામાં આવ્યો છે. કાશ્મીર ઘાટીમાં રેલ્વેનો વિકાસ થયો છે. હવે મંત્રાલયનું ધ્યાન પૂર્વોત્તર રાજ્યોના વિકાસ પર છે.

જે રેલ્વે કર્મચારીઓની મહેનતથી આ યશગાથા લખાઇ છે તેમના માટે મંત્રાલયે ૭૦ દિવસનું બોનસ જાહેર કર્યું છે. ગત બજેટમાં છઠ્ઠા પગાર પંચની ભલામણ માટે ૭૫૦ કરોડ અનામત રખાયા હતા. ઉપરાંત ૨૦૦૯ સુધીમાં કર્મચારી કલ્યાણ ભંડોળ ૧૦ ગણું વધારાશે.

આમ સમગ્રતયા જોતા કહી શકાય કે વેપાર, ઉદ્યોગ સહિત યાત્રિઓ, મહિલાઓ, વિદ્યાર્થીઓ, કર્મચારીઓ, વરિષ્ઠ નાગરિકો, જવાનો, ઉપરાંત રેલવે સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ સંકળાયેલા તમામ લોકો એક સાથે ‘ચક દે રેલ્વે’ બોલી શકે તેવા આયોજન અને વાયદા આ બજેટમાં રેલમંત્રીશ્રીએ કર્યા છે.પરંતુ પ્રશ્ન એ છે કે ગત બજેટમાંના ઘણા પ્રશ્નો હજુ ઉકેલવાના બાકી છે. ત્રીજા બજેટમાં રેલમંત્રીએ જણાવ્યું હતું કે રેલ્વે પ્લેટફોર્મ પરના સ્ટોલમાં તથા બુક સ્ટોલમાં અનુજાતિ, જનજાતિ ને ૩૦% સ્ટોલ ફાળવવામાં આવશે, આજ સુધી આમાં કોઇ નક્કર થયાનું દેખાતુ નથી. ગત બજેટમાં કહ્યું હતું કે ફેરિયાઓ, દુધવાળા માટે અલગ કોચ રખાશે. હજુ સુધી તેમના માટે અલગ કોચ બન્યો નથી. બુલેટ ટ્રેનનો પ્રશ્ન હજુ વિચારણા હેઠળ છે. સુરક્ષા અને સફાઇનો પ્રશ્ન આજે પણ યથાવત સ્થિતીમાં છે.

આ રીતે જોતા રેલમંત્રીના ઇરાદા ચોક્કસ સારા હશે અને છે જ પણ જો નક્કર પરિણામ ચોક્કસ સમયગાળામાં ન મળે તો હાલમાં ધીરજહીન લોકો લાંબા સમયસુધી રાહ જોવા તૈયર નથી. રેલવેએ તેનો વિકાસ-નફો કરવો હશે તો જેવા વચનો અપાયા છે. તેવું ચોક્કસ સમયમર્યાદામાં કરી બતાવવું પડશે અને એજ સમયની માંગ છે.

# ગરીબ રથ શ્રેણીની ૧૦ પેસેન્જર ટ્રેનનો પ્રસ્તાવ

| | | |
|---|---|---|
| (૧) | જયપુર ચંદીગઢ | (સપ્તાહમાં ત્રણ દિવસ) |
| (૨) | સિંકદરાબાદ - વિશાખાપટ્ટનમ એક્સપ્રેસ | (સપ્તાહમાં ત્રણ દિવસ) |
| (૩) | વારાણસી - દિલ્હી | (સપ્તાહમાં ત્રણ દિવસ) |
| (૪) | બેંગ્લોર - કોચુવેલી | (સપ્તાહમાં ત્રણ દિવસ) |
| (૫) | રાંચી - દિલ્હી | (સપ્તાહમાં બે દિવસ) |
| (૬) | જમ્મુ તાવી - કોઠગોદમ | (સાપ્તાહિક) |
| (૭) | યશવંતપુર - પુદુચેરી | (સપ્તાહમાં ત્રણ દિવસ) |
| (૮) | જબલપુર - મુંબઈ | (સપ્તાહમાં બે દિવસ) |
| (૯) | દિલ્હી - જયનગર | (સપ્તાહમાં બે દિવસ) |



# વર્તમાન ઉતારૂ ગાડીઓના પ્રવાસ દિવસમાં વૃદ્ધિના પ્રસ્તાવ

(૧) નવી દિલ્હી - જમ્મુ તાવી રાજધાની એક્સપ્રેસ સાપ્તાહિકને બદલે દૈનિક બનશે.

(૨) અમૃતસર - સહરસા ગરીબ રથ એક્સપ્રેસ સપ્તાહમાં બે દિવસને બદલે ત્રણ દિવસ.

(૩) નિઝામુદ્દીન - મડગાંવ ગોવા સંપર્ક ક્રાંતિ એક્સપ્રેસને સપ્તાહમાં એકથી વધારી બે દિવસ.

(૪) બગલકોટ - યશવંતપુર બસવ એક્સપ્રેસને સપ્તાહમાં ત્રણ દિવસને બદલે દૈનિક.

(૫) ભાગલપુર - રાંચી એક્સપ્રેસને પાંચ દિવસને બદલે દૈનિક બનાવાશે.

(૬) બારીપાડા - ભુવનેશ્વર એક્સપ્રેસને સપ્તાહમાં ત્રણને બદલે છ દિવસ.

(૭) લોકમાન્ય તિલક ટર્મિનસ - હાવરા સમરસતા એક્સપ્રેસને સપ્તાહમાં ૧ દિવસને બદલે ૨ દિવસ

(૮) ભુવેનેશ્વર - નવી દિલ્હી રાજધાની એક્સપ્રેસ સપ્તાહમાં ૨ દિવસને બદલે ૩ દિવસ

(૯) અમદાવાદ - પટણા આઝીમાબાદ એક્સપ્રેસને સપ્તાહમાં ૧ને બદલે ૨ દિવસ

(૧૦) નિઝામુદ્દીન - તિરૂવનંતપુરમ રાજધાની એક્સપ્રેસ સપ્તાહમાં ૨ દિવસને બદલે ૩ દિવસ

(૧૧) વારાણસી - રાજગીર બુદ્ધ પૂર્ણિમા એક્સપ્રેસ સપ્તાહમાં ૩ દિવસને બદલે દૈનિક.



# ગુજરાત બજેટ ૨૦૦૮-૦૯

✍ અશ્વિન પ્રજાપતિ

*નાણાંમંત્રીએ વર્તમાન બજેટમાં કૃષિ અને ઉદ્યોગોને પરસ્પર પૂરક ગણી ઉદ્યોગોની સરખામણીએ કૃષિક્ષેત્રની ફલક વિસ્તરે તે માટે કેટલીક મહત્વની જોગવાઈઓ કરેલ જોવા મળે છે. પરંતુ કૃષિક્ષેત્ર માટે સરકારે એક હાથે આપીને બીજા હાથે લઈ લીધું છે. કારણકે સરકારે બજેટ રજૂ થાય તે પહેલા વીજળીના દરમાં વધારો કરી ખેડૂતો ઉપર ૭૫૦ કરોડનો બોજ ઠાલવ્યો હતો. ઉપરાંત તેમના માથે સરકારની સ્ટેમ્પ ડ્યૂટી તો અલગ જ. પરંતુ બજેટમાં કૃષિક્ષેત્રને થોડુ મહત્વ આપી ખેડૂકોને શાંત રાખવાના પ્રયાસ થયેલા જોવા મળે છે. તેમાં સરકારે ખેતીક્ષેત્રે વૈજ્ઞાનિક ટેકનોલોજી અને સિંચાઈ વિસ્તૃતી માટે વધુ નાણાંકીય જોગવાઈ કરેલી છે.*

**ના**ણામંત્રી શ્રી વજુભાઈ વાળા દ્વારા બારમી ગુજરાત વિધાનસભામાં ૧૩મી વાર ગુજરાતનું શિક્ષણ અને સામાજિક વિકાસને સમર્પિત ૨૦૦૮-૦૯નું બજેટ ૨૫મી ફેબ્રુઆરી ના બરાબર ૧:૨૦ વાગે રજુ થયું. આ બેજટને એક દ્રષ્ટિએ શ્યુગર કોટેડ જ ગણી શકાય, નાણામંત્રી એ પ્રત્યક્ષ નવા કરવેરા ભલે ન લાદ્યા પરંતુ વેટ અને વ્યવસાયવેરામાં વધારો કરી પ્રજાને માથે ૮૮૦ કરોડ રૂપિયાનો કરબોજ લાદેલ જોવા મળે છે. તેમ છતા બજેટમાં ૧૧૬.૨૦ કરોડની શુધ્ધ ખાધ જોવા મળે છે. સરકારનું આ બજેટ શિક્ષણ અને વિકાસલક્ષી બજેટ છે. જેને કારણે ૨૦૧૦ માં 'સ્વર્ણિમ ગુજરાત' નું સ્વપ્ન સાકાર કરવાની સાથે જ સમાજનાં પછાત વર્ગનો ખાસ ઉત્કર્ષ સાધવા દલિતો, આદિવાસી અને મહિલાઓનો વિકાસ માટે વધુ નાણાકિય જોગવાઇ કરવાનો પ્રયાસ થયો છે.

**(૧) શૈક્ષણિક જોગવાઇઓ**

શિક્ષણ એ આર્થિક વિકાસના માળખામાં મહત્વનો પાયો છે. જો આ પાયો મજબુત ના હોય તો આર્થિક વિકાસનો લાભ લાંબા સમય સુધી ટકી શકતો નથી. આથી રાજયના પછાત ગણાતા વિસ્તારમાં અને જાતિમાં શિક્ષણનો વ્યાપ વિસ્તરે તે માટે નાણામંત્રીએ નીચે મુજબની જોગવાઇઓ કરેલ જોવા મળે છે.

- પ્રાથમિક શાળાઓમાં વિજળીકરણ અને પિવાના પાણીની સુવિધા માટે રૂા.૪૩ કરોડ તથા શાળામાં કોમ્પ્યુટરો માટે રૂા.૮૫ કરોડની જોગવાઇ.
- પબ્લિક હેલ્થ ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયાના સહયોગથી આઇઆઇએમ જેવી સંસ્થા સ્થાપવા ગાંધીનગર ખાતે ૫૦ એકર જમીન તેમજ રૂા.૨૦ કરોડની ફાળવણી.
- પછાત વિસ્તારમાં શિક્ષણનો વ્યાપ વિસ્તરવા માટે વનબંધુઓ માટે સાગરખેડુ કલ્યાણ યોજના હેઠળ ૨૦૩ માધ્યમિક અને ૨૨૨ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ શરૂ થશે. ઉપરાંત પછાત વિસ્તારમાં ૧૦ કોલેજની સ્થાપના કરવામાં આવશે.
- શિક્ષકોની અછત નિવારવા માટે ૧૧૦૦૦ વિદ્યાસહાયકોની ભરતી કરવી.
- માનવવિકાસ સૂચકઆંકમાં વૃધ્ધિ માટે સમગ્ર દેશમાં સૌપ્રથમવાર રાજયમાં ચિલ્ડ્રન યુનિવર્સિટીની સ્થાપના કરવાની જોગવાઇ. ઉપરાંત આદિવાસી વિસ્તારમાં ફિજીયોથેરાપી કોલેજ સ્થાપવી.
- બાળભોગ યોજના હેઠળ રૂા. ૧૨૭.૭૬ કરોડની જોગવાઇ.
- ૪૦૦૦ આંગણવાડી કેન્દ્રોનાં મકાનો બનાવવા રૂા. ૪૦ કરોડ ઉપરાંત આંગણવાડીઓના મકાનોના નવીનીકરણ માટે રૂા. ૧૦ કરોડની જોગવાઇ.
- આંગણવાડી કેન્દ્રોમાં માતા યશોદા એવોર્ડ માટે રૂા. ૧.૧૦ કરોડની જોગવાઇ તેમજ આંગણવાડી કાર્યકર

(લેખક આર્ટસ અન્ડ કોમર્સ કોલેજ, જલોતરમાં અધ્યાપક છે.)

અને તેડાઘરના માનદવેતનમાં અનુક્રમે રૂા. ૫૦૦ અને રૂા. ૨૫૦ ના માસિક વધારા તથા અન્ય લાભ અંગે રૂા. ૧૦ કરોડની જોગવાઇ.

- ૫૫ આશ્રમશાળાઓમાં ધોરણ-૮ નો વર્ગ શરૂ કરવા રૂા.૧૧.૪૦ કરોડની જોગવાઇ.
- આદિજાતી વિદ્યાર્થીઓને સંતુલિત આહાર બે તાલુકા દીઠ પૂરા પાડવા માટે ૧૦ કરોડની જોગવાઇ.
- સાગરખેડૂ યોજના અન્વયે રહેવા-જમવાની સુવિધાવાળા ૧૫ નવા સરકારી છાત્રાલયોની જોગવાઇ.
- આર્થિક પછાત વર્ગની ધો-૮ માં ભણતી કન્યાઓને સાયકલ માટે રૂા.૨૦૦૦/ ની સહાય.

**(૨) કૃષિક્ષેત્ર માટેની જોગવાઇઓ**

નાણાંમંત્રીએ વર્તમાન બજેટમાં કૃષિ અને ઉદ્યોગોને પરસ્પર પૂરક ગણી ઉદ્યોગોની સરખામણીએ કૃષિક્ષેત્રની ફલક વિસ્તરે તે માટે કેટલીક મહત્વની જોગવાઇઓ કરેલ જોવા મળે છે. પરંતુ કૃષિક્ષેત્ર માટે સરકારે એક હાથે આપીને બીજા હાથે લઈ લીધું છે. કારણકે સરકારે બજેટ રજૂ થાય તે પહેલા વીજળીના દરમાં વધારો કરી ખેડૂતો ઉપર ૭૫૦ કરોડનો બોજ ઠાલવ્યો હતો. ઉપરાંત તેમના માથે સરકારની સ્ટેમ્પ ડ્યૂટી તો અલગ જ. પરંતુ બજેટમાં કૃષિક્ષેત્રને થોડુ મહત્વ આપી ખેડૂતોને શાંત રાખવાના પ્રયાસ થયેલા જોવા મળે છે. તેમાં સરકારે ખેતીક્ષેત્રે વૈજ્ઞાનિક ટેકનોલોજી અને સિંચાઇ વિસ્તૃતી માટે વધુ નાણાંકીય જોગવાઇ કરેલી છે.

- કૃષિ અને સહકાર ક્ષેત્ર આગલા બજેટની સરખામણીએ ૨૯.૩૮% ના વધારા સાથે રૂા.૯૪૧.૮૫ કરોડની જોગવાઇ.
- આધુનિક વૈજ્ઞાનિક ખેતી માટે રૂા.૩૩૭.૯૮ કરોડનું વિશિષ્ટ આયોજન.
- ગુજરાતના છેવાડા અને ગરીબ ખેડૂતોને કિસાન કિટ નું વિતરણ કરવા માટે રૂા. ૫૯.૭૦ કરોડની જોગવાઇ.
- પાક વીમા યોજના હેઠળ ખેડૂતોને વીમા રૂપી કવચ પરૂ પાડવા માટે ૧૪૮.૨૩ કરોડની નાણાંકીય જોગવાઇ.
- જમીન અને જળ સંરક્ષણ માટે રૂા. ૨૪૯.૨૫ કરોડની જોગવાઇ.
- ખેડૂતોને તેમના પાકને યોગ્ય બજાર સાથે ઝડપી અને યોગ્ય વેચાણ વ્યવસ્થાથી સજ્જ કરવા રૂા. ૧૦.૯૦ કરોડની જોગવાઇ.
- ખેડૂતોને મદદરૂપ રાજ્ય સહકારી બેંકોને મજબૂત કરવા માટે ૪૦ કરોડની જોગવાઇ.
- સહભાગી સિંચાઇ વ્યવસ્થાની સ્થાપના માટે રૂા.૪૦ કરોડની ફાળવણી.

ટૂંકમાં સરકારે ૨૦૦૮-૦૯ ના બજેટમાં ખેતીક્ષેત્રના પછાતપણા માટે જવાબદાર પરિબળોને ધ્યાનમાં રાખી તેના વિકાસ માટે રૂા. ૧૮૨૭.૯૧ કરોડની કૃષિક્ષેત્ર પાછળ જોગવાઇ કરેલ છે. જો કે નાણાંમંત્રીએ ગુજરાતના આર્થિક વિકાસ અને વૃધ્ધિ માટે મહત્વનું યોગદાન આપનારા કૃષિક્ષેત્ર પાછળ તેમાં રોકાયેલ જનસંખ્યાને જોતાં ઘણા ઓછા પ્રમાણમાં નાણાંકીય ફાળવણી કરતા ખેડૂતોમાં અસંતોષ જોવા મળે છે. ઉપરાંત ખેતી માટેની વીજ વ્યવસ્થા અને વીજ કર અંગે સરકારે મૌન સેવેલું જોવા મળે છે.

**(૩) સામાજિક કલ્યાણ માટેની જોગવાઇઓ**

વર્તમાન સરકારે મહત્તમ અને સમતોલ વિકાસની ને અપનાવેલ જોવા મળે છે. નાણાંમંત્રી શુધ્ધ પાણી, આરોગ્ય, સૂચકાંકમાં વૃધ્ધિ, પાકાં રહેઠાણો, પાકાં રસ્તાઓ અને વાહનવ્યવહારને ઝડપી બનાવી રાજ્યના પછાત અને છેવાડાના વિસ્તારોને શહેરો સાથે સાંકળવાના અગાધ પ્રયત્નો આચરેલા જોવા મળે છે. નાણાંમંત્રીએ ૨૦૧૦ ના સ્વર્ણિમ ગુજરાતના લક્ષ્યાંકને આંબવા માટે સામાજિક કલ્યાણ પાછળ કુલ બજેટનો ૪૨.૯૦ ટકા ભાગ રોકવામાં આવ્યો છે. તે મુજબ રાજ્યની કુલ વાર્ષિક યોજનાનું કદ ૧૯૦.૩૦ કરોડ અને સામાજિક સેવાઓ માટે ૮૧૭૧.૪૨ કરોડની ખાસ જોગવાઇ કરવામાં આવેલ છે.

- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગમાં ગત વર્ષની બજેટની સરખામણીએ ૪૫.૯૨ ટકાના વધારા સાથે રૂા. ૮૨૪.૭૫ કરોડનું આયોજન વિનામૂલ્યે ૧૦૮ ની ઈમરજન્સી સેવા પૂરી પાડવા માટે રૂા.૧૨ કરોડની ફાળવણી.
- પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પેટા કેન્દ્રો અપબેક કરવા માટે રૂા.૬૭.૪૪ કરોડની જોગવાઇ.
- મહિલા અને બાળવિકાસ વિભાગ ૭૨.૪૧ ટકાના મહત્તમમાં મહત્તમ વધારા સાથે ૩૪૦ કરોડની વિશિષ્ટ જોગવાઇ.
- વિધવાને પેન્શન ઉપરાંત રૂા.૩૦૦૦ લેખે સાધન સહાય
- પાણી પુરવઠાના પ્રમાણમાં ૨૦.૪૩ ટકાના વધારા સાથે ૧૪૬૯.૨૫

કરોડની ફાળવણી.

- રાજ્યમાં ૬ પોલીસ સ્ટેશન સ્થાપવા તેમજ વડોદરા, જામનગર ખાતે બે મહિલા પોલીસ સ્ટેશનની સ્થાપના કરવી.
- પોલીસદળના આધુનિકરણ કરવા માટે ૬૦ કરોડની જોગવાઇ.
- ઇન્દિરા આવાસ યોજના હેઠળ ૬૦ કરોડ તેમજ સરદાર પટેલ આવાસ યોજના હેઠળ ૯૦ કરોડની જોગવાઇ.
- આદિવાસી વિસ્તારમાં પાણી પુરવઠાની યોજના હાથ ધરવા ૨૬૫ કરોડ તેમજ પાણીની આંતરિક વિતરણ વ્યવસ્થા માટે ૧૧૫ કરોડની જોગવાઇ.
- વનબંધુ કલ્યાણ યોજના હેઠળ ૨૯૩૩ કરોડની વિશિષ્ટ જોગવાઇ.
- આદિજાતીના વિકાસ અને ઉત્થાન માટે ૨૧.૪૩ ટકાની ફાળવણી વૃધ્ધિ સાથે ૨૫૫ કરોડની જોગવાઇ.
- આદિજાતિના લોકોને વિવિધ સુવિધાઓ પૂરી પાડવા માટે ગુજરાત પેટર્ન હેઠળ રૂા. ૨૯૬ કરોડની જોગવાઇ.
- સમાજસુરક્ષા માટે રૂા.૧૧૫ કરોડની વિશિષ્ટ જોગવાઇ ઉપરાંત સમાજકલ્યાણ અર્થે ૫૬૬.૫૦ કરોડની જોગવાઇ.
- અનુસૂચિત જાતિઓના વિકાસ માટે રૂા. ૯૮૩ ની ખાસ ફાળવણી.
- ડો.આંબેડકર આવાસ યોજના હેઠળ અનુસૂચિત જાતિના ૧,૨૫૦ તથા તે પૈકીની અતિપછાત જાતિની ૨૫૦ મહિલાઓને રૂા.૪૦ હજાર લેખે મકાન બાંધકામ માટે સહાયની જોગવાઇ.
- સફાઇ કામદારોની એક હજાર વિધવાઓને રૂા. ૪૦ હજારની મકાન બાંધકામ માટે તેમજ ૫૦૦ વિકલાંગ વિધવાઓને રૂા.૪૦ હજાર લેખે મકાન સહાય માટે જોગવાઇ.
- PWD વિભાગ માટે આગામી વર્ષની જોગવાઇની સરખામણીએ ૧૧.૭૭ ની વૃધ્ધિ સાથે રૂા. ૧૬૫૦ કરોડની જોગવાઇ.
- ગુજરાત રાજ્યમાર્ગ વાહનવ્યવહાર નિગમની કાયાપલટ માટે ૧૬૦ કરોડ ની અલાયદી ફાળવણી.
- જિલ્લા પ્રવાસન સોસાયટી સ્થાપવા માટે રૂા.૨૨ કરોડની જોગવાઇ.

નાણામંત્રીએ આદિજાતીના હૈયાની હામ સાંભળીને અનુસુચિત જાતિઓના વિકાસમાં ૨૯૩૩.૭૭ કરોડની મહત્તમ જોગવાઇ કરેલ જોવા મળે છે. આ જોગવાઇ ગતવર્ષમાં બજેટ કરતાં ૫૯૮.૪૨ કરોડ વધુ છે. જે સરકારનું સમયસર દિશા-સુચન કહેવાય છે. પરંતુ આ નાણા ખરેખર આ વર્ગ સુધી પહોંચશે કે કેમ તે અંગે ગાંધીનગરમાં બેઠેલ મુરબ્બીઓના હાથમાં છે. કારણકે ભુતકાળમાં આવા ઘણા બજેટ પસાર થઇ ચુક્યા છે.

## (૪)ઔધ્યોગિક ક્ષેત્રો માટેની જોગવાઇ

ગુજરાત ઔદ્યોગિક વિકાસની દ્રષ્ટિએ આજે મહારાષ્ટ્ર, તામિલનાડું અને આંધ્રપ્રદેશ કરતાં પણ આગળ નીકળી ગયું છે. ઉપરાંત સ્પેશ્યલ ઇકોનોમી ઝોન ની રચનાને કારણે ફોરેન ડાયરેક્ટ ઇન્વસ્ટમેન્ટ ના ઢગલા અન્ય રાજ્યોને બદલે ગુજરાત તરફ વળેલા જોવા મળે છે. જે બતાવે છે કે ગુજરાતમાં ઔદ્યોગિક આંતર માળખુ પૂર્ણ પણે વિકસ્યુ છે. પરંતુ આ માળખાને હજુ પણ વધુ વિસ્તારવા અને જાળવણી માટે સરકારે કેટલીક વિશિષ્ટ જોગવાઇ અંદાજપત્રમાં કરેલ જોવા મળે છે.

- ઉદ્યોગો અને ખાણ વિભાગની જોગવાઇઓમાં ૩૯.૮૧% નો વધારો કરી રૂા. ૮૯૬ કરોડની જોગવાઇ.
- પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશિપની જીઆઇડીસી વસાહતો સ્થાપવા ૫૦ કરોડનું આયોજન.
- પ્રગિતપથ, વિકાસપથ અને પ્રવાસીપથ ના ૬૨૭ કિમીના કામો માટે ૨૦૯ કરોડની જોગવાઇ.
- ઉદ્યોગો માટે અલગ વિજ વ્યવસ્થા માટે ભાવનગર અને ધુવારણ માટે નવા વિજ મથકો સ્થાપવા.
- એફડીઆઇ અને એફઆઇઆઇ ને આકર્ષવા માટે તેમજ ઔદ્યોગિકક્ષેત્રના વિકાસની નવી વ્યૂહરચના ઘડવા માટે જાન્યુઆરી ૨૦૦૯ માં પુનઃ ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિતિનુ આયોજન.
- ૫ વર્ષમાં ૩૦૦ ગેસ ફિલિંગ સ્ટેશનો અને મુદ્રા તેમજ પીપાવાવ ખાતે બે નવા એલએનજી ટર્મિનલ સ્થાપવા.

સરકારે ઔદ્યોગિક વિકાસ અને તેની પુનઃરચના માટે આ વિશિષ્ટ જોગવાઇ તો કરી છે. પરંતુ તેનાથી વેપારી વર્ગને કોઇજ ખુશી થઇ નથી.પરંતુ સરકારે વેટના દરમાં વધારો કરી વેપારીઓને નિરાશ કર્યા છે. સરકારે જે ચીજવસ્તુઓ પર રૂપિયે ૪ પૈસાનો વેરો લેવાય છે.તેમાં ૧ પૈસાનો અને સાડાબાર પૈસા લેવાય છે. તેમાં અઢી પૈસાનો વધારો કર્યો છે. ટૂંકમાં ૪% થી વધારી ૫% અને ૧૨.૫% થી વધારી ૧૫% વેટનો દર કર્યો છે. પરંતુ વર્તમાન સમયે બજારો પૂર્ણ હરિફાઇના જોવા મળે છે. વળી ગ્રાહકનું વર્તન પણ તર્કબધ્ધ અને બજારનું

માર્ગદર્શન હોવાને કારણે વેપારી નફાનું પ્રમાણ ૧૫% હોઈ શકે નહી તેવા સંજોગોમાં આ આકરો કરવેરો અંતે કરચોરી કે કર ટાળણમાં પરિણમે છે. સરકાર એક બાબત ભૂલે છે કે કરસંપાત ભલે વેપાર પર હોય પરંતુ કરબોજ તો અંતે તો પ્રજાના માથેજ પડે છે. જે મધ્યમ વર્ગની કમર તોડી શકે છે. બીજી તરફ સિમેન્ટ, લોખંડ અને ટ્રાન્સપોર્ટ ખર્ચ વધવાને કારણે બાંધકામ ઉદ્યોગ તેમજ સરકારની જાહેર યોજનાઓ ઉપર ઘાતક અસર પડી શકે છે.

ટૂંકમાં સરકારે ઓક્ટ્રોય નાબુદી દ્વારા સાત મહાનગરોને મુક્ત કરી વેટના દરમાં ૨૦ થી ૨૫%નો વધારો કરી સમગ્ર રાજ્યની પ્રજાને કરબોજ નીચે દબાવી છે. અંતે સામાજીક કલ્યાણમાં ઘટાડો કરે છે.

**(૫) સરકારશ્રીની વિશિષ્ટ જોગવાઈઓ**

નાણાંમંત્રીએ બજેટમાં રાજ્યના વિકાસ માટે ચાવી રૂપ અને મહત્વની કેટલીક યોજનાઓ ને ધ્યાનમાં રાખી તેના માટે ખાસ ફાળવણી કરેલ છે તો કેટલીક વિશિષ્ટ જોગવાઈઓ પણ કરેલ જોવા મળે છે.

- સરદાર સરોવર યોજનાના વિકાસ અને વૃધ્ધિ માટે રૂ.૩૨૫૫ કરોડની જોગવાઈ.
- ક્ષારોના નિયંત્રણ માટે ૧૬૨ કરોડની જોગવાઈ તેમજ ખારીકટ કેનાલના નવિનીકરણ માટે રૂ.૨૫ કરોડની જોગવાઈ.
- ગાંધીનગરને સંપૂર્ણ સોલારસીટી બનાવવા માટે ૫ કરોડની અલગ જોગવાઈ.
- સરહદી વિભાગના વિકાસમાટે ૨૪.૨૦ કરોડની જોગવાઈ.
- ક્રાંતિવીર સ્વ.શ્યામજી કૃષ્ણ વર્માના સ્મારકની રચના અર્થે ૧૫૨ એકરની જમીન માંડવી ખાતે ફાળવીને ક્રાંતિતીર્થની રચના મોટ રૂ.૫ કરોડની જોગવાઈ.
- ગુજરાતનો સુવર્ણ જયંતિ મહોત્સવ ઉજવવા માટે ૫ કરોડની જોગવાઈ.

ટૂંકમાં નાણામંત્રીએ ૨૦૦૮-૦૯ના બજેટમાં આંકડાની માયાજાળ રચીને સામાન્ય નાગરીકોને ‘લોભામણી લાલચ’ આપી છે. જેના કારણે પ્રજા આ માયાજાળ વચ્ચે અટવાઈ જાય છે. જો કે એ બાબત તદ્દન સત્ય છે કે આ બજેટ રાજ્યના શૈક્ષણિક સામાજિક અને આર્થિક વિકાસને સમપ્રિત છે પરંતુ સામાન્ય લોકોને પ્રત્યક્ષ કોઈજ લાભ થયો નથી કારણકે સરકારે સાત મહાનગર પાલિકામાં ઓકટ્રોય નાબૂદીની રમત રમી અંતે સમગ્ર રાજ્યની પ્રજાને કરબોજ નીચે દાટી દીધી છે. આમ, આ બજેટના વિશ્લેષણના અંતે એટલું ચોક્કસ કહી શકાય કે સરકારે એક હાથે આપી બીજા હાથે લઈ લીધું છે.

*(અનુસંધાન પાનાનં ૪૩ થી શરૂ)*

**ટ્રેન સેવા**

- **શ્રી ગુરુ ગ્રંથ સાહિબની ત્રી-શતાબ્દી સમારોહ દરમ્યાન આનંદપુર સાહિબ અને પટણા સાહિબથી ગુરુદ્વારા સચ ખંડ સાહિબ સુધીની વિશેષ ટ્રેન.**
- **પુના ખાતે ૧૨ થી ૧૮ ઓક્ટોબર રમાનાર કોમનવેલ્થ રમતો માટેના પુના અને દિલ્હી વચ્ચે વિશેષ ટ્રેન દોડાવાશે.**
- **ગ્રાહક સુવિધામાં વધારો - ઓનલાઈન કોચ ઈન્ડીકેશન ડિસ્પ્લે બોર્ડ, ટ્રેન જવા / આવવાની માહિતી આપતું બોર્ડ તથા આરક્ષણની ઉપલબ્ધિની વિગતોનું ઓનલાઈન બોર્ડ**
- **૧૧મી યોજનાના ગાળા દરમ્યાન રૂા. ૪૦૦૦ કરોડના ખર્ચે બધા જડ ૩૬ હજાર કોચમાં જીસ્ચાર્જ - ફ્રી ગ્રીન શૌચાલયની જોગવાઈ.**
- **આગામી થોડાં વર્ષોમાં બધી રાજધાની તથા શતાબ્દી ટ્રેનોમાં એલયએચ.બી. ડિઝાઈનના કોચ તથા મેલ / એક્સપ્રેસ ટ્રેનોમાં સ્ટેનલેસ સ્ટીલની બોગી સાથેના એલ.એચ.બી. કોચ.**

**કન્સેશન**

- **મહિલાઓ માટે સીનીયર સીટીઝનનું કન્સેશન ૩૦ ટકાથી વધારીને ૫૦ ટકા કરવા દરખાસ્ત.**
- **સ્નાતક કક્ષા સુધીના અભ્યાસ માટે વિદ્યાર્થીઓ માટે વિના મૂલ્યે માસિક સિઝન ટિકિટ (હાલમાં બારમાં ધોરણ સુધી આ સુવિધા મળે છે.) જ્યારે છોકરાઓ માટે ૧૦ ધોરણને બદલે ૧૨માં ધોરણ સુધી આ સુવિધા અપાશે.**

**ઉતારુ ભાડામાં રાહત**

- બિન ઉપનગરીય બીજા વર્ગમાં (ઓર્ડિનરી તથા મેલ / એક્સપ્રેસ) રૂા. ૫૦ સુધીના રેલ ભાડામાં પ્રવાસી દીઠ રૂા. એકનું ડિસ્કાઉન્ટ.
- રૂા. ૫૦થી વધુના ભાડામાં બધા બિન - ઉપનગરીય વર્ગમાં પાંચ ટકાનું ડિસ્કાઉન્ટ
- નવી ડિઝાઈનના ઉચ્ચ ક્ષણતાવાળા આરક્ષિત કોચમાં પ્રવાસ માટે ડિસ્કાઉન્ટમાં વધારો.
- ભાડામાં ઘટાડો - એ.સી. પ્રથમ વર્ગ સાત ટકા, એ.સી. બીજો વર્ગ ચાર ટકા (લોકપ્રિય ટ્રેનો તથા પ્રવાસી (સીઝન) સીઝન ગાળા દરમ્યાન આ ઘટાડો અડધો રહેશે.)

*(સૌજન્ય:પી.આઈ.બી. અમદાવાદ)*

# ગુજરાતના આર્થિક વિકાસની કરોડરજ્જુ સમાન ઔદ્યોગિક ક્ષેત્રની અવગણના

સુનિલ આર. પારેખ

*૧૯૬૦માં ગુજરાતના જન્મથી માંડી ચાલુ વર્ષ સુધીમાં થયેલા મુડીરોકાણનો સરવાળો માંડો તેના કરતા પણ એટલે કે રૂા.૬૫૦૦૦ કરોડના મુડી રોકાણના ઈરાદાઓ સરકારને એક વર્ષમાં મળ્યા છે. આ તમામ પ્રસ્તાવ આગલા પાંચ વર્ષમાં ચરિતાર્થ બને તો વિવિધ મદદ માટે રાજ્ય સરકારે રૂા.૧૫૦૦૦ કરોડ કાઢવા પડે એટલે કે પ્રતિવર્ષ રૂા.૩૦૦૦૦ કરોડ જોઈએ. તેની સામે રાજ્યની ક્ષમતા માંડ રૂા.૬૦૦૦ કરોડ અંદાજપત્ર દ્વારા ઊભા કરવાની છે. ગુજરાતને સલામત અને ઝડપી પ્રવાસ સંભવ બનાવતી સડકો, વિરાટ ક્ષમતા ધરાવતા બંદરો તથા આવાસ બાંધકામમાં જંગી મૂડીકોરાણની જરૂર છે. સાથે સાથે જાહેર પરિવહન, મોડેલ ટાઊનશીપ તથા શિક્ષણ તથા આરોગ્ય સવલતોના વિકાસની સાત મહાનગરોમાં જરૂર છે.*

ગુજરાત સરકારે રાજકોષિય ખાધનો આંકડો કેન્દ્ર સરકારની ૩% ની માર્ગદર્શિકા કરતા પણ નીંચો રાખીને નોંધપાત્ર સિધ્ધી હાંસલ કરી છે. ધિરાણ માટે વ્યાજના દર બધા ક્ષેત્રોમાં ઊંચા જઇ રહ્યાં હોવાથી ગઇ સાલ કરતા ચાલુ વર્ષે વ્યાજ માટેની ફાળવણીમાં રૂા.૭૦૦ કરોડનો વધારો વાજબી ઠેરવી શકાય તેમ છે. લોનની પરત ચુકવણીને સમયસર સંભવ બનાવવા માટે ભવિષ્યની જોગવાઇ તરીકે સિંકીંગ ફંડમાં નોંધપાત્ર રકમ ફાળવવાની વાત એટલી હદે પ્રશંસ્ય છે કે બહુ ઓછા રાજ્યો આ માપદંડનું પાલન કરતા જણાય છે.

મહેસુલી આવકનો અંદાજ કાઢતી વખતે રૂઢિચૂસ્ત કોઠાસૂઢ દાખવવી અને ખર્ચનો અંદાજ હમેંશા સાવચેતી સાથે કાઢવાનો ગુણ સારા આયોજનની નિશાની છે અને સતત ત્રીજા



અંદાજપત્રમાં ગુજરાતે આ બાબત ધ્યાનમાં લીધી છે. ગઈસાલના અંદાજપત્રમાં મુકાયેલા મહેસુલી આવકના અંદાજ સામે વાસ્તવિક આવક રૂા.૨૦૦૦ કરોડ જેટલી વધુ હતી, જે અંગે મારી આગાહી સાચી ઠરી છે. વર્તમાન અંદાજપત્રમાં પણ આવકાનો અંદાજ ગણતરીપૂર્વક મુકવામાં આવ્યો છે.

સામે કરવેરાની આવક સ્પષ્ટ રીતે ખુબ વધી રહી હોવાથી કેન્દ્રનો ફાળો ગુજરાત માટે વધશે, અંદાજપત્રમાં મુકાયેલી ગણતરી કરતા પણ વધશે. મહેસુલી આવકના પ્રમુખ ત્રણ સ્ત્રોત પૈકી કરવેરાની કુલ વસુલાતમાંથી રાજયને અપાતો હિસ્સો પણ મુખ્ય છે, જેમાં અનેક કારણોસર વૃધ્ધિ નોંધાવાની પુરી શક્યતા છે.

સામાજિક નિદેશાંકો પ્રમાણે ગુજરાત ઘણીબધી બાબતોમાં પાછળ હોવાથી સંખ્યાબંધ કલ્યાણ યોજનાઓ માટે ઢગલાબંધ ભંડોળ ફાળવવામાં આવે છે. ગરીબો, પછાતવર્ગ, વરિષ્ઠ, શિક્ષિત બેરોજગારો તથા વિકલાંકો માટે કોઇને કોઇ વિકાસ યોજના રાજ્યમાં ચાલી રહી છે.

(લેખક ક્રિસિલ ઝાયડસ જૂથના સલાહકાર છે.)

છેવાડાના માનવી તથા પ્રદેશનો વિકાસ સર્વાંગી ધોરણે થાય તે માટેના વિકાસ પ્રશંસા પ્રાપ્તિના હકદાર બને તેટલા સમર્પિત છે.

ગુજરાત માટે મહેસુલી આવકનો મુખ્ય અને એકમાત્ર સ્ત્રોત વેપાર તથા ઊદ્યોગ ક્ષેત્ર છે, કારણકે તમામ રાજ્યોની માફક ગુજરાત પણ શ્રીમંત ખેડૂતો ઊપર કરવેરા લાદતા શરમાય છે, અચકાય છે. સામે સેવા ક્ષેત્રની કર આવક કેન્દ્રના ફાળે જાય છે. ગુજરાતના ઊદ્યોગ સાહસિકો દ્વારા થઈ રહેલા વિકાસનો લાભ એકમાત્ર આવક આશરો જણાય છે, ત્યારે ટકાઉ ઓદ્યોગિક વિકાસનો મંત્ર અપનાવીને ગુજરાતનો ભાવી વિકાસ અપનાવીને ગુજરાતનો ભાવી વિકાસ નકશો તૈયાર કરવો રહ્યો.

માનવ મુડીનો કૌશલ્ય વિકાસ, તાલીમ તથા માળખાગત સુવિધાઓની ખીલવણી જેવી બાબતો રાજ્યની સંપુર્ણ જવાબદારી બનતી હોય ત્યારે મારે કહેવું પડે છે કે આ અંદાજપત્રમાં ઊદ્યોગ ક્ષેત્ર માટે ખાસ કોઈ મહત્વની જોગવાઈ કરવા પ્રત્યે ઊદાસિનતા દાખવવામાં આવી છે. ૧૯૬૦માં ગુજરાતના જન્મથી માંડી ચાલુ વર્ષ સુધીમાં થયેલા મુડીરોકાણનો સરવાળો માંડો તેના કરતા પણ એટલે કે રૂા.૬૫૦૦૦ કરોડના મુડી રોકાણના ઈરાદાઓ સરકારને એક વર્ષમાં મળ્યા છે. આ તમામ પ્રસ્તાવ આગલા પાંચ વર્ષમાં ચરિતાર્થ બને તો વિવિધ મદદ માટે રાજય સરકારે રૂા.૧૫૦૦૦ કરોડ કાઢવા પડે એટલે કે પ્રતિવર્ષ રૂા.૩૦૦૦૦ કરોડ જોઈએ. તેની સામે રાજયની ક્ષમતા માંડ રૂા.૬૦૦૦ કરોડ અંદાજપત્ર દ્વારા ઊભા કરવાની છે. ગુજરાતને સલામત અને ઝડપી પ્રવાસ સંભવ બનાવતી સડકો, વિરાટ ક્ષમતા ધરાવતા બંદરો તથા આવાસ બાંધકામમાં જંગી મૂડીકોરાણની જરૂર છે. સાથે સાથે જાહેર પરિવહન, મોડેલ ટાઊનશીપ તથા શિક્ષણ તથા આરોગ્ય સવલતોના વિકાસની સાત મહાનગરોમાં જરૂર છે. ભવિષ્યની માંગ એટલી વિરાટ હશે કે રાજયના ધોરીમાર્ગોને ચારમાર્ગી બનાવવા કરતા અત્યારથીજ આઠ માર્ગી બનાવતું આયોજન હાથ ધરાવું જોઈએ. માળખાગત સુવિધાનો કાર્યક્ષમ ઊપયોગ પણ સરકાર માટે મહત્વની બાબત છે, જેમ કે ગુજરાતના ઔદ્યોગિક એકમો મુંબઈ બંદર ઊપર ટ્રાફીક આટલો ગીચ હોવા છતા પસંદગી ઉતારે છે, ગુજરાતના બંદરો અનેક કારણોસર પડતર ખર્ચ તથા સગવડોના અભાવે પસંદ કરતા નથી. નવું મુડી રોકાણ હવે આ દિશામાં થવું રહ્યું.

ગુજરાતનું અંદાજપત્ર કદાચ આવનારા સમયમાં થનાર જંગી મુડીરોકાણ તથા તેના પગલે થનાર આર્થિક વિકાસની અપેક્ષા સાથે કદમ મીલાવી શકે તેમ નથી. ગુજરાતે મહેસુલી આવકમાં વિક્રમ વૃધ્ધિ હાંસલ કરી મુડીરોકાણ સાથે તાલ મીલાવી શકે તેટલા ખર્ચના ચૂસ્ત અંદાજો તૈયાર કરવાની જરૂર છે. સોફ્ટ તથા હાર્ડ ઈન્ફ્રાસ્ટ્રકચરમાં ખર્ચ કરવાની જરૂર છે. પર્યાવરણ નિકંદનને નાથવાની જરૂર છે. ૧૫ જેટલા ક્ષેત્રોમાં સેન્ટર ઓફ એક્સલન્સ સ્થાપિત કરવાની જરૂર છે. ખેતપેદાશ તથા ઊત્પાદન મંડિત ગુજરાતના અર્થતંત્રને હાઈટેક, મૂલ્ય સંવર્ધિત,પેટન્ટ મંડિત અર્થતંત્ર બનાવવા માટે ૨૧મી સદીને અનુરૂપ પગલાની જરૂર છે.

● ● ●

**સાચું કાર્ય કદી નકામું નથી થતું, સાચું વચન અંતે કદી અપ્રિય નથી થતું.**

**- મહાત્મા ગાંધી**

**૨૩ જાન્યુઆરી ૧૯૪૫**

**શ્રધ્ધાથી માણસ શું નથી કરી શકતો ? બધુ જ કરી શકે છે.**

**- મહાત્મા ગાંધી**

**૬ ડિસેમ્બર ૧૯૪૪**

## અમારા આગામી આકર્ષણો.....

વાંચક મિત્રો, આપ સહુ જાણો છો તેમ 'યોજના' દર મહિને ખાસ વિષય પસંદ કરીને એ વિષય સંબંધિક વિશ્લેષણાત્મક, માહિતીપ્રદ અને સંશોધનાત્મક લેખો પ્રકાશિત કરે છે. આગામી મહિનાઓમાં પણ એ જ રીતે વિવિધ વિષયોને આવરી લેવાનો પ્રયાસ કરીશું.

| | | |
|---|---|---|
| **એપ્રિલ** | **૨૦૦૮** | **ખાંડની રાજનીતિ** |
| **મે** | **૨૦૦૮** | **બાળ મજૂરી** |
| **જૂન** | **૨૦૦૮** | **અન્નઅધિકાર** |
| **જૂલાઇ** | **૨૦૦૮** | **જઠરાગ્નિ** |
| **ઓગસ્ટ** | **૨૦૦૮** | **રાષ્ટ્રિય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના અમલીકરણ** |
| **સપ્ટેમ્બર** | **૨૦૦૮** | **હવામાન બદલાવ** |

## લેખકોને નિવેદન

- લેખની સાથે લેખકે પોતાનું નામ, સરનામું અને ફોન નંબર અવશ્ય લખવો.
- ટાઈપ કરેલાં લેખો આવકાર્ય છે, જો એમ ન હોય તો લેખ સુવાચ્ય, મોટાં અક્ષરોમાં પાનાની એક બાજુ લખીને મોકલવા. લેખની સીડી અને ઇ-મેઈલ દ્વારા પણ મોકલી શકાશે. લેખ વિન્ડોઝ-૯૮, ભાષા ભારતી દ્વારા કંપોઝ કરેલ હોય તો આવકાર્ય છે. તસ્વીરો, આલેખો, નકશા વગેરે પણ મોકલી શકાશે.
- સંશોધનાત્મક, માહિતીસભર અને વિશ્લેષણાત્મક લેખો આવકાર્ય છે.
- લેખના પ્રકાશન અંગે લેખકોએ કાર્યાલયનો સંપર્ક ન કરવા વિનંતી. લેખની મૂળ નકલ સાચવી રાખવી. ન છાપાયેલ લેખની પરત મોકલવામાં આવતો નથી.
- બે લેખકોએ મળીને લેખ તૈયાર કર્યો હોય તો પણ કોઈ એક લેખકનું જ નામ લખવું.